# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

23 FEBRUARY, 2026 MONDAY




પેજ 2

લક્ઝરી-ST બસોની એન્ટ્રી સાવ બંધ થશે

પેજ 3

કેનાલમાં સિંચાઈ પાણી છોડાયાના ૧૫ દિવસ પછી પણ પાણી ન મળતા ડાંગર રોપણી અટકી

પેજ 7

દેખાદેખીમાં દેવું કરવાને બદલે સમૂહલગ્ન સમયની માગ: પૂર્વ શિક્ષણમંત્રી

પેજ 5

વસ્ત્રાલમાં ગુંડા તત્વોનો આતંક : 'આજે તને અને તારા શેઠને પતાવી દેવાના છે'



I Pakkogujarat/ I VOL : 10 I Issue : 328 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


ટ્રેડ ડીલ કરાર પર કાયદેસર મહોર લાગવાની હતી હવે વિલંબની શક્યતા

# ટેરિફમાં ફેરફારથી ભારત-અમેરિકા ટ્રેડ ડીલ બેઠક ટળી:રિવ્યુ પછી નવી તારીખ નક્કી થશે


## ભારત-અમેરિકાના સંયુક્ત નિવેદન મુજબ, આ ફ્રેમવર્ક 13 ફેબ્રુઆરી 2025 ના રોજ શરૂ થયેલી ભારત-અમેરિકા BTA વાર્તાને આગળ વધારશે

વોશિંગ્ટન ડીસી

ભારત અને અમેરિકાએ વચગાળાના વેપાર કરાર (ITA) અંગે વોશિંગ્ટનમાં યોજાનારી બેઠક મુલતવી રાખી છે. આ બેઠક 23-26 ફેબ્રુઆરીના રોજ વોશિંગ્ટનમાં યોજાવાની હતી. આ બેઠકનો હેતુ 7 ફેબ્રુઆરીના રોજ જારી કરાયેલા 'સંયુક્ત નિવેદન'ના આધારે કાનૂની ડ્રાફ્ટ તૈયાર કરવાનો હતો. ન્યૂઝ એજન્સી PTIએ સરકારી સૂત્રોને ટાંકીને જણાવ્યું કે બંને પક્ષોએ નક્કી કર્યું છે કે તાજેતરના ટેરિફ ફેરફારોને કારણે ભારતીય ટીમની આ મુલાકાત ટાળી દેવામાં આવી છે. આ ફેરફારોની સમીક્ષા કર્યા પછી બેઠકની નવી તારીખ નક્કી કરવામાં આવશે. હવે આ બેઠક મુલતવી રહેવાથી ટ્રેડ ડીલમાં વિલંબ થઈ શકે છે.

અમેરિકી સુપ્રીમ કોર્ટે શુક્રવારે ટ્રમ્પ દ્વારા વિશ્વભરના દેશો પર લાદવામાં આવેલા ટેરિફને રદ કરી દીધા હતા. જેના પછી ટ્રમ્પે શુક્રવારે જ વિશ્વભર પર પહેલા 10% ટેરિફ લગાવ્યો, પછી 24 કલાકની અંદર તેને વધારીને 15% કરી દીધો.

ટ્રમ્પે શુક્રવારે સુપ્રીમ કોર્ટના ટેરિફ રદ કરવાના નિર્ણયના 3 કલાક પછી પ્રેસ કોન્ફરન્સ કરી. કોમર્સ મિનિસ્ટર પીયૂષ ગોયલે 7 ફેબ્રુઆરીએ પ્રેસ કોન્ફરન્સમાં અમેરિકા સાથેની ટ્રેડ ડીલની જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતીય કૃષિ ઉત્પાદનો અમેરિકામાં ઝીરો ટેરિફ પર નિકાસ કરવામાં આવશે, જ્યારે અમેરિકાના કૃષિ ઉત્પાદનોને ભારતમાં કોઈ ટેરિફ છૂટ આપવામાં આવી નથી. આ ઉપરાંત ભારતે આગામી 5 વર્ષમાં અમેરિકાથી 50 હજાર કરોડ ડોલર (45 લાખ 30 હજાર કરોડ રૂપિયા) ના ઉત્પાદનો ખરીદવા પર સહમતિ દર્શાવી. આ પછી વચગાળાના વેપાર કરાર (ITA)નું ફ્રેમવર્ક જાહેર કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત જ ભારતીય સામાન પર અમેરિકાનો ટેક્સ 50% ઘટાડીને 18% કરી દેવામાં આવ્યો છે. રશિયા પાસેથી તેલ ખરીદવાને લઈને ભારત પર લગાવવામાં આવેલો 25%



વધારાનો ટેક્સ પણ હટાવી લેવામાં આવ્યો હતો. હવે ટ્રમ્પના ટેરિફમાં ફેરફારથી ભારત પર લાગેલા ટેરિફને લઈને એ પણ સવાલ ઊભો થઈ રહ્યો છે કે ભારતને 18% ટેરિફ ચૂકવવો પડશે કે 15%। આના બે કારણો છે- રાષ્ટ્રપતિ ટ્રમ્પે શુક્રવારે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે ભારત સાથેની ટ્રેડ ડીલ પર કોઈ અસર નહીં થાય. તે પહેલાની જેમ આગળ વધશે. BBCના રિપોર્ટ મુજબ, વ્હાઈટ હાઉસના એક અધિકારીએ જણાવ્યું કે બ્રિટન, ભારત અને યુરોપિયન યુનિયન સહિત અમેરિકા સાથે વેપાર કરાર કરનારા દેશોને હવે કલમ 122 હેઠળ 10% વૈશ્વિક ટેરિફનો જ સામનો કરવો પડશે, ન કે તે ટેરિફ દરનો જેના પર તેમણે પહેલા વાતચીત કરી હતી. આ આધાર પર શનિવારની જાહેરાત પછી 15% રહેશે.BBCના રિપોર્ટને સાચો માનીએ તો ભારત પર કુલ ટેરિફ 18% ઘટીને 15% રહી જશે, જ્યારે ટ્રમ્પનું નિવેદન 18% ટેરિફ તરફ ઈશારો કરી રહ્યું છે.ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ પર સહમતિ બની ગઈ હતી અને તેને લઈને ફ્રેમવર્ક પણ જાહેર કરવામાં આવી ચૂક્યું છે. બંને દેશોએ કહ્યું હતું કે આ ફ્રેમવર્કને જલદી લાગુ કરવામાં આવશે અને વ્યાપક દ્વિપક્ષીય વ્યાપાર સમજૂતી (BTA) ની દિશામાં વાતચીત આગળ વધશે.ભારત-અમેરિકાના સંયુક્ત નિવેદન મુજબ, આ ફ્રેમવર્ક 13 ફેબ્રુઆરી 2025 ના રોજ શરૂ થયેલી ભારત-અમેરિકા BTA વાર્તાને આગળ વધારશે. આ સમજૂતીમાં આગળ જતાં બજાર પહોંચ, સપ્લાય ચેઈનને મજબૂત કરવા અને ટ્રેડ બેરિયર ઘટાડવા જેવા પ્રાવધાનો સામેલ હશે.પીયૂષ ગોયલે 20 ફેબ્રુઆરીએ જણાવ્યું હતું કે કરાર ફેબ્રુઆરીના અંત સુધીમાં ફાઈનલ થવાનો હતો. માર્ચમાં તેના પર હસ્તાક્ષર થવાના હતા.અમેરિકી ટેરિફમાં ઘટાડો: ભારતીય વસ્તુઓ પર અમેરિકાના ટેરિફને 18 ટકા સુધી ઘટાડવામાં આવ્યો છે, જેનાથી ભારતીય નિકાસકારોને અમેરિકી બજારમાં વધુ સારી પહોંચ મળશે. પસંદગીના ઉત્પાદનો પર ઝીરો ટેરિફ: જેનરિક દવાઓ, રત્ન અને હીરા અને વિમાનના પાર્ટ્સ પર સંપૂર્ણપણે ટેરિફ સમાપ્ત કરવામાં આવશે, જેનાથી આ ક્ષેત્રોમાં સ્પર્ધા વધશે.30 ટ્રિલિયન ડોલરના બજાર સુધી પહોંચ: ભારતીય MSME, ખેડૂતો, માછીમારો, મહિલાઓ અને યુવા ઉદ્યોગસાહસિકો માટે અમેરિકી બજારમાં પ્રવેશ.

હુકાબીના આ નિવેદન પર મુસ્લિમ દેશો ભડક્યાં

# ઈઝરાયલ અંગે અમેરિકન રાજદૂતના નિવેદનથી મધ્યપૂર્વમાં હોબાળો, મુસ્લિમ દેશો ભડક્યાં

ઈઝરાયલ અંગે અમેરિકન રાજદૂત માઈક હુકાબીના એક વિવાદાસ્પદ નિવેદનથી મધ્યપૂર્વ અને મુસ્લિમ દેશોમાં હોબાળો મચી ગયો છે. હુકાબીએ દાવો કર્યો છે કે, 'મધ્યપૂર્વના મોટાભાગના હિસ્સા પર ઈઝરાયલનો અધિકાર છે. તેમણે તો ત્યાં સુધી કહી દીધું કે જો ઈઝરાયલ આ વિસ્તાર પર કબજો કરી લે તો પણ ઠીક છે.' હવે અમેરિકન રાજદૂતના આ નિવેદનની સાઉદી અરેબિયા, ઈજિપ્ત, જોર્ડન અને આરબ લીગ દ્વારા સખત નિંદા કરવામાં આવી છે. આ નિવેદન તેમણે અમેરિકન રૂઢિચુસ્ત વિવેચક ટકર કાર્લસનને આપેલા ઈન્ટરવ્યુમાં આપ્યું હતું. ચર્ચા દરમિયાન કાર્લસને બાઈબલના સંદર્ભમાં પૂછ્યું હતું કે શું ઈઝરાયલનો એ પ્રદેશ પર અધિકાર છે, જે હાલમાં મધ્યપૂર્વના મોટા હિસ્સામાં ફેલાયેલો છે? તેના પર હુકાબીએ જવાબ આપ્યો કે, 'જો તેઓ (ઈઝરાયલ) બધું લઈ લે, તો પણ ઠીક રહેશે.' જોકે, તેમણે એ પણ ઉમેર્યું કે, 'ઈઝરાયલ હાલમાં વિસ્તાર વધારવાનો પ્રયાસ નથી કરી રહ્યું અને તેને પોતાની કાયદેસર સરહદોની અંદર સુરક્ષાનો અધિકાર છે.'હુકાબીના આ નિવેદન પર સાઉદી અરેબિયા, ઈજિપ્ત, જોર્ડન, ઈસ્લામિક સહયોગ સંગઠન અને આરબ રાજ્યોની લીગએ સખત વાંધો વ્યક્ત કર્યો છે. સાઉદી અરેબિયાએ તેને 'અત્યંત કટ્ટરપંથી' ગણાવ્યું, જ્યારે ઈજિપ્તે તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું છે. આરબ લીગે કહ્યું કે, આવા નિવેદનો પ્રદેશમાં ધાર્મિક અને રાષ્ટ્રીય ભાવનાઓને ભડકાવે છે.તમને જણાવી દઈએ કે, 1948માં સ્થાપના બાદથી ઈઝરાયલની સરહદો અનેક યુદ્ધો અને કરારોને કારણે બદલાતી રહી છે. 1967ના છ દિવસના યુદ્ધમાં ઈઝરાયલે વેસ્ટ બેંક, પૂર્વ જેરુસલેમ, ગાઝા, સિનાઈ દ્વીપકલ્પ અને ગોલાન હાઈટ્સ પર કબજો કરી લીધો હતો. બાદમાં ઈજિપ્ત સાથે શાંતિ કરાર હેઠળ તે સિનાઈથી હટી ગયું અને 2005માં ગાઝાથી એકતરફી વાપસી કરી.હાલમાં ગાઝામાં હમાસ સાથે યુદ્ધ અને યુદ્ધવિરામની પૃષ્ઠભૂમિમાં ઈઝરાયલ અડધાથી વધુ પ્રદેશ પર નિયંત્રણ ધરાવે છે. વેસ્ટ બેંકમાં વસાહતો અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.બીજી તરફ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ કહ્યું છે કે, તેઓ વેસ્ટ બેંકના વિલયની મંજૂરી નહીં આપશે. પેલેસ્ટિનિયનો દાયકાઓથી વેસ્ટ બેંક અને ગાઝામાં પૂર્વ જેરુસલેમને રાજધાની બનાવીને એક સ્વતંત્ર રાજ્યની માગ કરી રહ્યા છે, જેને આંતરરાષ્ટ્રીય સમુદાયના મોટા હિસ્સાનું સમર્થન પ્રાપ્ત છે.

# બ્રાઝિલના રાષ્ટ્રપતિએ પહેલગામ આતંકી હુમલાની નિંદા કરી

• નવી દિલ્હી

બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા ડી સિલ્વા 18થી 22 ફેબ્રુઆરી સુધી ભારતની મુલાકાતે છે. આજે તેમણે પીએમ મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરી. બેઠક દરમિયાન લુલાએ 22 એપ્રિલ, 2025ના રોજ થયેલા પહેલગામ હુમલાની નિંદા કરી હતી. તેમણે કહ્યું, 'આતંકવાદ કોઈ ધર્મ કે રાષ્ટ્રીયતા સાથે જોડાયેલો નથી.' બીજી તરફ, ભારત અને બ્રાઝિલે ક્રિટિકલ મિનરલ્સ અને રેર અર્થ એલિમેંટ્સ પર કરાર પર હસ્તાક્ષર કર્યા છે. પીએમ મોદીએ કહ્યું હતું કે આ કરાર મજબૂત સપ્લાય ચેઈન બનાવવા તરફ એક મોટું પગલું છે. તેમણે કહ્યું હતું કે ભારત અને બ્રાઝિલ આગામી પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને $20 બિલિયનથી વધુ સુધી લઈ જવા માટે પ્રતિબદ્ધ છે. ભારત-બ્રાઝિલ સંબંધોમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે. પીએમ મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ સિલ્વાએ દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન એ મુદ્દાઓ પર હાથ મિલાવ્યા છે, જેનાથી બંને દેશોની અર્થવ્યવસ્થાને નવી ઉડાન મળશે. હૈદરાબાદ હાઉસ ખાતે પીએમ નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાની હાજરીમાં ભારત-બ્રાઝિલ વચ્ચે ક્રિટિકલ મિનરલ્સ અને રેર અર્થ પર સમજૂતી થઈ.. પીએમ મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ સિલ્વાએ હૈદરાબાદ હાઉસ ખાતે સંયુક્ત નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે ભારત અને બ્રાઝિલ વચ્ચે ડિફેન્સક્ષેત્રમાં પણ સહયોગ સતત વધી રહ્યો છે. આ બંને દેશો વચ્ચે પરસ્પર વિશ્વાસ અને વ્યૂહાત્મક સમજણનું સારું ઉદાહરણ છે. તેમણે ઉમેર્યું હતું કે આ પરસ્પર લાભદાયી ભાગીદારી વધુ મજબૂત બનશે.

અફઘાનિસ્તાને કહ્યું- યોગ્ય સમયે કડક જવાબ આપીશું

# પાકિસ્તાનની અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક:એક જ પરિવારના 16 લોકોનાં મોત, PAKએ કહ્યું- TTPના સાત કેમ્પને ટાર્ગેટ કર્યા

• ઈસ્લામાબાદ

પાકિસ્તાની સેનાએ રવિવારે વહેલી સવારે અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા. અલ-જઝીરા અનુસાર, સેનાએ દાવો કર્યો કે તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) અને ઈસ્લામિક સ્ટેટ સાથે સંકળાયેલા સાત કેમ્પ અને ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા.પાકિસ્તાન સરકારે તેને તાજેતરના આત્મઘાતી હુમલાઓ પછીનો વળતો હુમલો ગણાવ્યો. સૂચના અને પ્રસારણ મંત્રાલયે નિવેદન જારી કરીને કહ્યું કે આ ઈન્ટેલિજન્સ આધારિત ઓપરેશન હતું. પાકિસ્તાને કહ્યું કે તેની પાસે પાકા પુરાવા છે કે હુમલા અફઘાનિસ્તાનની જમીન પરથી સંચાલિત નેટવર્ક દ્વારા કરવામાં આવ્યા હતા.અફઘાન મીડિયા ટોલો ન્યૂઝ અનુસાર, હુમલામાં નાંગરહારના એક ઘરને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના કારણે એક જ પરિવારના 23 લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. અત્યાર સુધીમાં માત્ર ચાર લોકોને બહાર કાઢી શકાયા છે. હુમલા સમયે પરિવાર સૂતો હતો તેથી તેમને ભાગવાનો મોકો મળ્યો ન હતો.અમેરિકી માનવાધિકાર સંગઠન ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ ફાઉન્ડેશન (IHRF) અનુસાર, આમાં 16 લોકોના મોત થયા છે. જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. જોકે, આંકડાઓની સત્તાવાર માહિતી હજુ સામે આવી નથી.અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે પાકિસ્તાની સેનાના હુમલાઓના જવાબમાં યોગ્ય સમયે જવાબ આપવાની ચેતવણી આપી છે. મંત્રાલયે આ હુમલાઓને અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું. અફઘાન સૂત્રો અનુસાર, પક્તિકામાં એક ધાર્મિક શાળા પર ડ્રોન હુમલો થયો અને નંગરહાર પ્રાંતમાં પણ કાર્યવાહી કરવામાં આવી. પાકિસ્તાને કહ્યું છે કે તેમણે આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો, પરંતુ અફઘાન સૂત્રો અનુસાર નાગરિકોને નુકસાન થયું.પાકિસ્તાન લાંબા સમયથી તાલિબાન સરકાર પાસેથી માંગ કરતું રહ્યું છે કે તે પોતાની જમીનનો ઉપયોગ કોઈ પણ આતંકવાદી સંગઠનને ન કરવા દે. ઈસ્લામાબાદનો આરોપ છે કે TTP અફઘાનિસ્તાનથી સંચાલિત થઈ રહ્યું છે, જ્યારે તાલિબાન આ આરોપોનો ઈનકાર કરતું રહ્યું છે.પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી છે કે તે 2020માં દોહામાં અમેરિકા સાથે થયેલા કરાર હેઠળ તાલિબાન પર દબાણ લાવે, જેથી અફઘાન જમીનનો ઉપયોગ અન્ય દેશો વિરુદ્ધ ન થાય.

# રશિયા પર યુક્રેને કર્યો ઘાતક ડ્રોન હુમલો, મોસ્કોએ તમામ એરપોર્ટ બંધ કર્યા

## રશિયા અધિકારીઓનું કહેવું છે કે, 'હુમલા સામાન્ય નાગરિકોને નિશાન નથી બનાવતા'

રશિયા યુક્રેન યુદ્ધના ચાર વર્ષ પૂર્ણ થવાને આડે બે દિવસ બાકી છે ત્યારે મોસ્કો પર યુક્રેને મોટો ડ્રોન હુમલો કર્યો છે. આ કારણે રશિયાના હવાઈ અડ્ડાઓને બંધ કરી દેવામાં આવ્યા છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે, યુક્રેને રશિયાના અનેક વિસ્તારમાં રાતભર ડ્રોન હુમલા કર્યા છે, જેમાં મુખ્ય રૂપથી બેલગોરોડ બોર્ડરના વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યું છે. સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે તેમાં ઘણા નાગરિકો ઘાયલ થયા છે, જેમાં એક ત્રણ વર્ષ બાળકી પણ સામેલ છે. રવિવારે એક નિવેદનમાં રશિયન મંત્રલાયે જણાવ્યું કે, રશિયન એર ડિફેન્સે 9 વિસ્તારમાં 86 યુક્રેની UAVને ઈન્ટરસેપ્ટ કરી નષ્ટ કરી દીધા છે. સૌથી વધારે 29 ડ્રોન બેલગોરોડ બોર્ડર પર તોડી પાડવામાં આવ્યા છે. જે બાદ સેન્ટ્રલ રશિયાના સારાતોવ ક્ષેત્રમાં 14 ડ્રોન નષ્ટ કર્યા છે. સ્થાનિક તંત્રના દાવા મુજબ એક ડ્રોન બોર્ડરથી દૂર ક્રાસિવો ગામ પાસે એક કારને ટક્કર મારી હતી. જેથી એક વ્યક્તિ અને એક ત્રણ વર્ષની બાળકી ઈજાગ્રસ્ત થઈ છે. બંનેને છરા વાગતા તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જવાબી કાર્યવાહીમાં રશિયાએ યુક્રેનના એર ડિફેન્સ સિસ્ટમ સાથે જોડાયેલા ઉપકરણોને નિશાન બનાવ્યા છે. રશિયાના હુમલામાં યુક્રેનના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ મોટું નુકસાન થયું છે, યુક્રેનના ઘણા વિસ્તારોમાં અંધારપટ છવાઈ ગયો છે.

આ પહેલા યુક્રેનના ડ્રોને રશિયાના ઉદમૂર્ત ગણરાજ્યમાં એક ઔદ્યોગિક સ્થળને નિશાન બનાવ્યું હતું. રશિયાના રિજનલ પ્રમુખ એલેક્ઝાન્ડર બ્રેચાલોવે ટેલીગ્રામ પોસ્ટમાં આ હુમલાની પુષ્ટી કરી અને કહ્યું હતું કે, ડ્રોન હુમલાથી સંબંધિત સ્થળને ભારે નુકસાન થયું છે. જોકે, તેમણે આ ઔદ્યોગિક સ્થળનું નામ જણાવ્યું નહોતું. રશિયન ટેલિગ્રામ ચેનલ એક્સ્ટ્રાએ દાવો કર્યો કે આ હુમલો વોટકિંસ્ક મશીન બિલ્ડિંગ પ્લાન્ટ પર થયો છે, જે એક મહત્વનું સરકારી સંરક્ષણ એકમ છે અને આ એકમ ઈસ્કંદર બેલિસ્ટિક મિસાઈલ તથા પરમાણુ ક્ષમતાવાળી આંતરખંડીય બેલિસ્ટિક મિસાઈલોનું ઉત્પાદન કરે છે. આ પ્લાન્ટ યુક્રેનથી લગભગ 1400 કિ.મી. દૂર છે.

વર્લ્ડ કપના ઇતિહાસમાં સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો

# T20 વર્લ્ડ કપમાં ભારતની સૌથી મોટી હાર સુપર-8માં સા.આફ્રિકાએ 76 રને હરાવ્યું

• નવી દિલ્હી

વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયાને T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો છે. રવિવારે તેને સાઉથ આફ્રિકાએ ત્રીજી સુપર-8 મેચમાં 76 રનના અંતરથી હરાવ્યું છે. આની સાથે જ ટુર્નામેન્ટમાં ભારતની જીતનો સિલસિલો પણ અટકી ગયો છે. આ પહેલા ઈન્ડિયાએ સતત 12 મેચ જીતી હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આફ્રિકી ટીમે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી. ટીમે 20 ઓવરમાં 7 વિકેટ પર 187 રન બનાવ્યા. જવાબમાં ભારતીય ટીમ 18.5 ઓવરમાં 111 રન પર ઓલઆઉટ થઈ ગઈ. માર્કો યાન્સેને 4 વિકેટ ઝડપી. કેશવ મહારાજે 3 વિકેટ લીધી. કોર્બિન બોશને 2 અને એડન માર્કરમને એક વિકેટ મળી. શિવમ દુબેએ સૌથી વધુ 42 રન બનાવ્યા.આ પહેલાં, સાઉથ આફ્રિકા તરફથી ડેવિડ મિલરે 35 બોલ પર 63 રન બનાવ્યા. જ્યારે ડેવાલ્ડ બ્રેવિસે 45 રન બનાવ્યા. ટ્રિસ્ટન સ્ટબ્સે 24 બોલ પર અણનમ 44 રન બનાવ્યા. ભારત માટે જસપ્રીત બુમરાહે 3 વિકેટ ઝડપી. અર્શદીપ સિંહે 2 વિકેટ લીધી.. સાઉથ આફ્રિકા તરફથી ડેવિડ મિલરે 35 બોલમાં 63 રનની ઈનિંગ્સ રમી હતી. તેણે ડેવાલ્ડ બ્રેવિસ સાથે મળીને 50 બોલમાં 97 રનની ભાગીદારી કરી હતી. શાનદાર પ્રદર્શન બદલ મિલરને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કર્યો હતો. સાઉથ આફ્રિકાની શરૂઆત સારી રહી નહોતી. ટીમે 20 રન પર પોતાની ટૉપ-3 વિકેટ ગુમાવી દીધી હતી. ક્વિન્ટન ડી કોક 6, એડન માર્કરમ 4 અને રિયાન રિકેલ્ટન 7 રન બનાવીને પેવેલિયન પરત ફર્યા હતા.

# હાથમાં ફ્યુઅલ કેન પણ હતું; સુરક્ષા કર્મીઓએ જોતાં જ ગોળી મારી, ઘટના સ્થળે યુવક મોત

## ટ્રમ્પના રિસોર્ટમાં ગન લઈને ઘુસ્યો યુવક

• વોશિંગ્ટન ડીસી

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના માર-એ-લાગો રિસોર્ટમાં રવિવારે ઘૂસવાનો પ્રયાસ કરનાર એક યુવકને સુરક્ષાકર્મીઓએ ગોળી મારી દીધી. તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું છે. ઘટના સમયે રાષ્ટ્રપતિ ટ્રમ્પ રાજધાની વોશિંગ્ટનમાં હતા. રાષ્ટ્રપતિની સુરક્ષા કરતી એજન્સી સિક્રેટ સર્વિસે જણાવ્યું કે એક વ્યક્તિ ગેરકાયદેસર રીતે અંદર ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જ્યારે તેણે સુરક્ષિત વિસ્તારમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો, ત્યારે સિક્રેટ સર્વિસના એજન્ટે તેને ગોળી મારી દીધી. જાણકારી અનુસાર, યુવક શોટગન જેવી બંદૂક અને ફ્યુઅલ કેન લઈને આવ્યો હતો. તેની ઉંમર 20 વર્ષ હતી. ઘટના સમયે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વોશિંગ્ટન ડીસીમાં વ્હાઈટ હાઉસમાં હાજર હતા. સામાન્ય રીતે તેઓ વીકેન્ડ પર માર-એ-લાગોમાં સમય વિતાવે છે. માર્યા ગયેલા વ્યક્તિની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આ મામલે તપાસ ચાલુ છે. અધિકારીઓએ યુવક પાસેથી મળી આવેલી શૉટગનની એક તસવીર જાહેર કરી છે. તેમાં એક લાલ ફ્યુઅલ કેન પણ જોવા મળી રહ્યો છે. આ ગોળી તેમના કાનને સ્પર્શીને પસાર થઈ ગઈ હતી. ત્યારબાદ ટ્રમ્પની સુરક્ષામાં તૈનાત સીક્રેટ સર્વિસના સ્નાઈપર્સે હુમલાખોરને તાત્કાલિક ઠાર માર્યો હતો.રિસોર્ટના નોર્થ ગેટ પરથી એક કાર બહાર નીકળી રહી હતી, તે જ સમયે યુવકે અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. તેની પાસે શૉટગન અને ફ્યુલ કેન હતો. સીક્રેટ સર્વિસના બે એજન્ટોએ તેને રોક્યો અને તેને હથિયાર તથા કેન નીચે મૂકી દેવા કહ્યું. યુવકે કેન તો નીચે મૂકી દીધું, પરંતુ શૉટગનને ગોળી ચલાવવાની પોઝીશનમાં ઊંચી કરી લીધી.ત્યારબાદ સુરક્ષા કર્મીઓએ ગોળીબાર કર્યો અને તે ત્યાં જ માર્યો ગયો. તપાસમાં જાણવા મળ્યું છે કે તેના પરિવારે થોડા દિવસો પહેલા જ તેના ગુમ થયાની રિપોર્ટ નોંધાવી હતી. તે નોર્થ કેરોલિનાથી દક્ષિણ તરફ આવ્યો હતો અને રસ્તામાં જ તેણે શૉટગન ખરીદી હતી. તેની કારમાંથી ગનનું બોક્સ પણ મળી આવ્યું છે. ટ્રમ્પની સુરક્ષામાં અગાઉ પણ મોટી ચૂક થઈ ચૂકી છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# જિલ્લા ગ્રામ્ય LCBએ વાહન ચોરીનો ભેદ ઉકેલ્યો : એક આરોપી ઝડપાયો, એક વોન્ટેડ

## પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મોટરસાઈકલ ચોરીના ગુનાઓ સતત વધી રહ્યા હતા

• અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી.એ મોટરસાઈકલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી એક આરોપીને ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપીનું નામ મોહસીન ઉસ્માનભાઈ ઘોઘારી છે, જ્યારે તેનો ભાઈ ઈમરાન ઉસ્માન ઘોઘારી આ ગુનામાં વોન્ટેડ છે. છેલ્લા કેટલાક સમયથી જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં મોટરસાઈકલ ચોરીના ગુનાઓ સતત વધી રહ્યા હતા. આ અનડિટેક્ટ ગુનાઓને ઉકેલવા માટે ઈ.પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી અને અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટ દ્વારા સૂચના આપવામાં આવી હતી.આ સૂચનાના



આધારે, એલ.સી.બી.ના પોલીસ ઈન્સપેક્ટર આર.એન.કરમટીયાના માર્ગદર્શન હેઠળ અનડિટેક્ટ ગુનાઓ શોધવા કવાયત હાથ ધરવામાં આવી હતી. હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ ચુડાસમા અને પોલીસ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ પરમારને હ્યુમન સોર્સથી મળેલી ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી.

બાતમીના આધારે ચોરીના મોટરસાઈકલ સાથે આરોપી મોહસીન ઉસ્માનભાઈ ઘોઘારી (રહે. રોજકા, તા. ધંધુકા, જિ. અમદાવાદ) ને ઝડપી પાડવામાં આવ્યો. પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું કે તેના ભાઈ ઈમરાને મોટરસાઈકલ ચોરી કરી હતી અને તે તેનો ઉપયોગ કરતો હતો. પોલીસે તેની પાસેથી 35,000/- ની કિંમતનું એક મોટરસાયકલ કબજે કર્યું છે.

પકડાયેલા આરોપી મોહસીન ઉસ્માન ઘોઘારીને આગળની કાર્યવાહી માટે ધંધુકા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. ધંધુકા પો.સ્ટે. નોંધાયેલ ગુનો ઉકેલાયો છે. વોન્ટેડ આરોપી ઈમરાન ઉસ્માન ઘોઘારીને પકડવા માટે વધુ તપાસ ચાલુ છે.

# સ્પેશિયલ હોમમાંથી બાળક ગુમ : સેક્ટર-28ની મૂકબધિર સંસ્થામાંથી મધ રાત્રે દીવાલ કૂદીને નાસી જતા સંચાલકો દોડતા થયા, અપહરણની ફરિયાદ

• ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-28માં આવેલી સમર્પણ મૂકબધિર શિશુ વિદ્યામંદિરમાંથી એક 13 વર્ષીય મૂકબધિર બાળક રહસ્યમય સંજોગોમાં ગુમ થતા ચકચાર મચી ગઈ છે. અગાઉ પોલીસને બિનવારસી હાલતમાં મળી આવેલો આ બાળક સંસ્થાના વાલીપણામાંથી કોઈને કહ્યા વગર રાત્રિના સમયે નીકળી જતા સેક્ટર-21 પોલીસે બાળકના અપહરણનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.આ અંગેના સંસ્થાના ગૃહપતિ હિતેશભાઈ નિનામાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, આશરે 13 વર્ષીય આ બાળક મૂળભૂત રીતે બિનવારસી હતો, જેને સેક્ટર-7 પોલીસે શોધી કાઢ્યા બાદ ચિલ્ડ્રન હોમમાં રાખવામાં આવ્યો હતો. જોકે બાળક મૂકબધિર હોવાથી તેના વિકાસ માટે ગત નવેમ્બર માસમાં સેક્ટર-28ની સંસ્થામાં મોકલવામાં આવ્યો હતો.નાસ્તા સમયે બાળક ગેરહાજર જણાતા સંસ્થામાં દોડધામ.

**કોમનવેલ્થ સુધીમાં ટ્રાફિક ઘટાડવા** આગામી સમયમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે અને દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા વધી રહી છે

# લક્ઝરી-ST બસોની એન્ટ્રી સાવ બંધ થશે:લોકોએ AMTS-BRTS અને મેટ્રોનો ઉપયોગ કરવો પડશે

## અમદાવાદમાં ભારે લક્ઝરી અને એસટી બસો એસજી હાઈવે અને એસપી રિંગ રોડ સુધી જ આવશે

• અમદાવાદ

સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આગામી સમયમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે અને દિવસે દિવસે ટ્રાફિકની સમસ્યા વધી રહી છે. જેને ધ્યાનમાં રાખી શહેરમાં ટ્રાફિકની સમસ્યા દૂર કરવા અને શહેરીજનો વધુમાં વધુ જાહેર પરિવહનની સેવાનો ઉપોયગ કરે તે માટે આગામી વર્ષ 2030માં યોજાનાર કોમનવેલ્થ સુધી લક્ઝરી બસો અને ગુજરાત ST નિગમની બસો શહેરની બહાર દોડાવવામાં આવશે.

અમદાવાદમાં ભારે લક્ઝરી અને એસટી બસો એસજી હાઈવે અને એસપી રિંગ રોડ સુધી જ આવશે. હાઈવેથી જાહેર પરિવહન સેવા AMTS, BRTS અને મેટ્રોનો ઉપયોગ થાય તે પ્રકારનું આયોજન સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે.

અમદાવાદમાં જાહેર એક્ઝિબિશન 'AmdavadNXT'ના ઉદ્ઘાટન પ્રસંગમાં રાજ્ય સરકારના શહેરી વિકાસ મંત્રી અને અસારવાના ભાજપ ધારાસભ્ય દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, આગામી વર્ષ 2030માં અમદાવાદમાં કોમનવેલ્થ યોજાવાની છે, ત્યારે મહત્વનો પ્રોજેક્ટ રાજ્ય સરકાર




અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે મળીને કરી રહી છે. શહેરમાં જાહેર પરિવહનની AMTS, BRTS અને મેટ્રો દોડી રહી છે.

આ પ્રકારના આયોજનથી શહેરમાં ટ્રાફિક હળવો થયા તેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજે આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. લોકો AMTS અને BRTS તેમજ મેટ્રોનો વધુમાં વધુ ઉપોયગ કરે તેવી મારી અપીલ છે. શહેરમાં દિન પ્રતિદિન વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. એક ઘરમાં ચાર લોકો રહેતા હોય અને ચારે વાહનોનો ઉપયોગ થાય તો ટ્રાફિક સમસ્યા વધુ થાય. જેથી લોકો જાહેર પરિવહન સેવાનો ઉપયોગ કરશે તો ટ્રાફિક ઘટાડી શકાશે. અમદાવાદ મેટ્રોસિટી છે જેથી અન્ય મેટ્રોસિટીની જેમ પ્લાનથી જો પરિવહન સેવા ચાલશે તો અમદાવાદમાં ટ્રાફિક સમસ્યા ખૂબ ઘટાડી શકાશે.

વર્ષ 2023માં કોમનવેલ્થ ગેમ્સ આવવાની છે ત્યારે અનેક પ્રતિનિધિઓ અન્ય દેશમાંથી આવશે. ત્યારે અમદાવાદ શહેરની સારી ઓળખ લઈને જશે. રોડ-રસ્તા ફૂટપાથ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વમાં અમદાવાદનું નામ રોશન કરીએ જેના માટે લોકો સરકાર અને AMCને સપોર્ટ કરે એવી અપીલ છે. સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે 21થી 23 ફેબ્રુઆરી ત્રણ દિવસ દરમિયાન રિવરફ્રન્ટ હાઉસ ખાતે 10 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી જાહેર પરિવહન સેવા પર એક્ઝિબિઝન યોજાયું છે. આ એક્ઝિબિશન તમામ નાગરિકો માટે ખુલ્લુ રહેશે. આ પહેલનો મુખ્ય હેતુ શહેરમાં જાહેર પરિવહનને મજબૂત બનાવી સર્વસમાવેશક, જલવાયુ-સહનક્ષમ અને લોકો-કેન્દ્રિત મોબિલિટી અંગે શહેરવ્યાપી ચર્ચા થશે.સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાયેલા એક્ઝિબિશનના ઉદ્ઘાટન પ્રસંગે અમદાવાદને 2036ની ઓલિમ્પિક્સ માટે તૈયાર કરવાના ભવ્ય વિઝનની રૂપરેખા રજૂ કરાઈ હતી. આગામી 25થી 50 વર્ષના આયોજન સાથે સેકન્ડ રિંગ રોડ, લોજિસ્ટિક પાર્ક અને સાબરમતી રિવરફ્રન્ટનું વિસ્તરણ અમદાવાદને વિશ્વસ્તરીય 'લિવબલ સિટી' બનાવશે. તેમણે રિંગ રોડ પર ટ્રાફિક ઘટાડવા કનેક્ટર વાહનોના ઉપયોગ અને મેટ્રો સ્ટેશનો પર પાર્કિંગ સુવિધા વધારવા પર ભાર મુકાયો છે.અમદાવાદના મેયર પ્રતિભા જૈને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 2070 સુધીના 'નેટ ઝીરો' લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા AMC કટિબદ્ધ છે.

**આંગડીયા પેઢીથી પૈસા લઈને નીકળવુ જોખમ**

# ગોતામાં વેપારી પાસેથી બે લાખ અને ઈસનપુરમાં 4.30 લાખ રૂપિયા ચોરાયા

**ફરિયાદો નોંધાઈ** અમદાવાદ શહેરના ઈસનપુર અને સોલા પોલીસ સ્ટેશનમાં બે ફરિયાદો નોંધાઈ

• અમદાવાદ

અમદાવાદ શહેરના ઈસનપુર અને સોલા પોલીસ સ્ટેશનમાં બે ફરિયાદો નોંધાઈ છે, જેમાં ફરિયાદીઓ આંગડીયા પેઢીની ઓફિસથી રૂપિયા લઈને જતા હતા ત્યારે તેમની સાથે ચોરીની ઘટના બની છે. ગોતામાં વેપારી પાસેથી 2 લાખની ચોરી અને ઈસનપુરમાં 4.30 લાખ રૂપિયા ચોરી થઈ છે. પી.એમ.આંગડીયા પેઢીની ઓફિસમાં બે લાખ લેવા માટે ગયા હતા

ગોતા વિસ્તારમાં આવેલા પ્રાઈમ સ્ટેટ્સમાં રહેતા અલ્પેશ પટેલે સોલા પોલીસ સ્ટેશનમાં બે લાખ રૂપિયાની ચોરીની ફરિયાદ કરી છે. અલ્પેશ પટેલ ફર્માની કંપની ધરાવીને દવાના કાચા માલ બનાવવાનું કામ કરે છે. થોડા દિવસ પહેલા અલ્પેશ પટેલ પોતાની




કાર લઈને સાયન્સ સીટી રોડ પર આવેલા બ્લુમીંગ કેમ્પસની બાજુમાં આવેલી પી.એમ.આંગડીયા પેઢીની ઓફિસમાં બે લાખ રુપિયા લેવા માટે ગયા હતા. અલ્પેશ પટેલના મિત્રએ બે લાખ રૂપિયા આંગડીયા પેઢી મારફતે મોકલાવેલા હતા. રૂપિયા ભરેલી થેલી અલ્પેશ પટેલે ડ્રાઈવર સીટની બાજુમાં નીચે મૂકી હતી.

અલ્પેશ પટેલે કાર નહી ઉભી રાખીને સીધી તેમના ઘર તરફ જવા દીધી હતી

કાર લઈને અલ્પેશ પટેલ પોતાના ઘરે જવા માટે કારગીલ પેટ્રોલ પંપ પાસે પહોચ્યા હતા ત્યારે તેમની સાથે બનાવ બન્યો હતો. બાઈક પર હેલમેટ અને મોઢા પર રૂમાલ બાંધીને બે શખસો આવ્યા હતા અને તેમને ઈશારો કરીને અલ્પેશ પટેલને કાર ઉભી રાખવાનું કહ્યુ હતું. અલ્પેશ પટેલે કાર નહી ઉભી રાખીને સીધી તેમના ઘર તરફ જવા દીધી હતી. બાઈકર્સ અલ્પેશ પટેલનો પીછો કરીને તેમની સોસાયટી સુધી પહોચી ગયા હતા.

અલ્પેશ પટેલે કાર ઉભી રાખીને કાચ ખોલ્યો હતો. અલ્પેશ પટેલ બંને શખસો સાથે વાત કરી રહ્યા હતા ત્યારે બીજા બે શખસો બાઈક લઈને આવ્યા હતા. અલ્પેશ પટેલ બંને સાથે વાત કરતા હતા એવામાં બીજા બે શખસો કારનો દરવાજો ખોલીને બે લાખ રૂપિયા લઈને રફફુચક્કર થઈ ગયા હતા. વાત કરનાર બંને શખસો પણ ત્યાંથી રવાના થઈ ગયા હતા, જ્યારે અલ્પેશ પટેલે ઘરે આવી ગયા હતા. અલ્પેશ પટેલની નજર બે લાખ ઉપર જતા તે ગાયબ હતા. આ મામલે અલ્પેશ પટેલે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. સોલા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.ખાલીદે 4.32 લાખ લઈ લીધા બાદ તેને સ્કૂટરની ડેકીમાં મૂકીને મિત્રને મળવા માટે ગયાઈસનપુર વિસ્તારમાં આવેલી જીતુભગત કમ્પાઉન્ડમાં રહેતા મોહમ્મદ ખાલીદે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં 4.32 લાખની ચોરીની ફરિયાદ કરી છે. મોહમદ ખાલીદ સંયુક્ત પરિવારમાં રહે છે અને મોબાઈલ તથા વાહનોની લે-વેચનું કામ કરે છે. થોડા દિવસ પહેલા મોહમદ ખાલીદનું પેમેન્ટ આંગડીયા મારફતે આવ્યુ હોવાથી તેને લેવા જવાનું હતું. ખાલીદ નારોલ પાસે આવેલા એચ.આર.આંગડીયા પેઢીની ઓફિસમાં 4.32 લાખ રૂપિયા લેવા માટે સ્કૂલર લઈને ગયા હતા. ખાલીદે 4.32 લાખ રૂપિયા લઈ લીધા બાદ તેને સ્કૂટરની ડેકીમાં મુકીને શાહઆલમ મિત્રને મળવા માટે ગયા હતા.

# રિક્ષાચાલકની હત્યાનો ભેદ ઉકેલાયો, ગણતરીના દિવસોમાં 2 શ્રમિકોને પોલીસે દબચ્યો

• અમદાવાદ

અમદાવાદ શહેરની ભાગોળે આવેલા બિલાસિયા ગામના પાદરમાં તળાવ પાસેથી ગત 17 ફેબ્રુઆરીએ મળી આવેલી રિક્ષાચાલકની લાશના કેસમાં અમદાવાદ ગ્રામ્ય પોલીસને મોટી સફળતા મળી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચે(LCB) ગણતરીના દિવસોમાં જ હત્યાનો ભેદ ઉકેલીને બે મજૂરની ધરપકડ કરી છે, જ્યારે તેના અન્ય એક સાગરીતોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. જૂની અદાવત અને બોલાચાલીમાં રિક્ષાચાલક પર જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો. કાનભા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા બિલાસિયા ગામના સીમ વિસ્તારમાંથી 17 ફેબ્રુઆરીએ એક અજાણ્યા યુવકની લાશ મળી આવી હતી. મૃતકના ચહેરા અને માથાના ભાગે કોઈ તીક્ષ્ણ હથિયાર અથવા બોથડ પદાર્થ વડે ગંભીર ઈજાઓ કરવામાં આવી હતી. આ મામલે કાનભા પોલીસે ભારતીય ન્યાય સંહિતા(BNS)ની કલમો હેઠળ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.સમગ્ર મામલે અમદાવાદ ગ્રામ્ય LCBની અલગ-અલગ ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી






હતી. જેમાં પોલીસને ઘટનાસ્થળેથી મૃતકની રિક્ષા ગાયબ હોવાનું જણાયું હતું. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસ્યા અને ગાંધીનગર સ્થિત 'ત્રિનેત્ર' કંટ્રોલ રૂમની મદદ લીધી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસને શંકાસ્પદ રિક્ષાની અવરજવરની કડી મળી હતી. તપાસ દરમિયાન મળેલી સચોટ માહિતીના આધારે LCBની ટીમે 22 વર્ષીય ચંદુલાલ રંગાલાલ પટેલને ઝડપી લીધો હતો. ચંદુલાલ મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાનો વતની છે અને હાલમાં બિલાસિયા ગામે એક બાંધકામની સાઈટ પર મજૂરી કામ કરતો હતો.પોલીસ પૂછપરછમાં આરોપી ચંદુલાલે કબૂલાત કરી હતી કે, તે અને મૃતક એકબીજાને ઓળખતા હતા. કોઈ બાબતે તેમની વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો, જે હિંસક વળાંક લેતા ચંદુલાલ અને તેના અન્ય બે મિત્રોએ મળીને રિક્ષાચાલક પર હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓ થવાને કારણે રિક્ષાચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ત્યારબાદ આરોપીઓ રિક્ષા લઈને ફરાર થઈ ગયા હતા. હાલમાં પોલીસે એક ફરાર આરોપીઓની શોધખોળ તેજ કરીછે.

# શેરબજારમાં રોકાણના નામે ગાંધીનગરના વેપારી સાથે લાખોની છેતરપિંડી, જુઓ કેવી રીતે રૂપિયા પડાવ્યા

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સાયબર ગઠિયાઓએ રોકાણના નામે વધુ એક વેપારીને લાખોનો ચૂનો લગાવ્યો છે. ગાંધીનગરના કુડાસણમાં રહેતા અને માણસામાં સબમર્સિબલ મોટર પાર્ટ્સનો વ્યવસાય કરતા 50 વર્ષીય વેપારીને 'UTI એસેટ મેનેજમેન્ટ'ના પ્રતિનિધિ તરીકે ઓળખ આપી સાયબર માફિયાઓએ રૂ.13.79 લાખ પડાવી લીધા છે. ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ ફરિયાદ અનુસાર, કુડાસણ ખાતે રહેતા અને પાનલક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝના માલિક શૈલેષભાઈ જયંતિલાલ મોદી 16 જૂનના રોજ પોતાની ફેક્ટરી પર હતા, ત્યારે તેમને ફેસબુક પર એક જાહેરાત જોઈ હતી. આ જાહેરાતમાં 'UTI AMC'ના બેનર હેઠળ શેરબજારમાં રોકાણ માટે માર્ગદર્શન આપવાનો દાવો કરવામાં આવ્યો હતો. શૈલેષભાઈએ લિંક પર ક્લિક કરતા જ તેમને 'C702 UTI Strategy Practice Camp' નામના એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા.આ ગ્રુપમાં અન્ય સભ્યો દ્વારા મેળવવામાં આવેલા નકલી પ્રોફિટના સ્ક્રીનશોટ અવારનવાર મુકવામાં આવતા હતા. ત્યારબાદ તેમને 'VIP ગ્રુપ C99'માં ઉમેરવામાં આવ્યા, જ્યાં શેરબજારમાં લે-વેચની ટિપ્સ આપવામાં આવતી હતી. ગઠિયાઓએ શૈલેષભાઈને એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી, જે દેખાવમાં અસલ UTI AMC જેવી જ હતી. તેમાં તેમણે પોતાનું આઈડી બનાવી બેંકની વિગતો ભરી હતી.16 જૂન થી 22 જુલાઈ દરમિયાન, વેપારીને વિશ્વાસમાં લઈ અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. 13.79 લાખ ભરાવવામાં આવ્યા હતા. આ નાણાં સાહિલ એન્ટરપ્રાઈઝ, આર એસ એન્ટરપ્રાઈઝ અને યશ ટ્રેડર્સ જેવા નામે ખોલાયેલા વિવિધ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર થયા હતા. શરૂઆતમાં વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ શૈલેષભાઈને 1000 રૂપિયા વિથડ્રો કરવા દીધા હતા.

# લગ્નપ્રસંગમાં લાઉડ સ્પીકર પર ગીતો વગાડવા મુદ્દે ઘર્ષણ, ટોળાએ કર્યો હુમલો, ફરિયાદ નોંધાઈ



• અમદાવાદ

અમદાવાદમાં સરસપુરના વંદે માતરમ્ પાર્ટી પ્લોટમાં શુક્રવારે (20મી ફેબ્રુઆરી) રાત્રે લગ્ન પ્રસંગમાં ગીતો વાગતા આસપાસના લોકો પહોંચ્યા હતા અને ગીતો બંધ કરવાનું કહીને ઝપાઝપી કરી હતી. આ દરમિયાન બંને પક્ષે સામ સામે મારામારી થઈ હતી. પોલીસે બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધી છે.સરસપુરમાં આવેલા વંદે માતરમ પાર્ટી પ્લોટ માં ગઈકાલે રાત્રે યુવતીના લગ્ન હતા જેમાં ઊંચા આવે છે ડીજે વાગી રહ્યું હતું. ત્યારે આસપાસના સ્થાનિકો પૈકી કેટલાક લોકો પાર્ટી પ્લોટ બહાર આવ્યા હતા અને ધીમે ગીતો વગાડવા કહ્યું હતું જે બાબતે બંને કોમના લોકો વચ્ચે ઝપાઝપી થઈ હતી.ઉશ્કેરાયેલા ટોળાએ મારામારી કરી પાર્ટી પ્લોટની બહાર પડેલા વાહનોમાં ફોરફોડ કરી હતી.

**કડી પાસેની કેનાલમાંથી મોટા પુત્રનો મૃતદેહ મળ્યો**

# અંબાપુર કેનાલમાં બાઈક ખાબકતાં પિતા અને બે માસુમ પુત્રો તણાયા, એક બાળકનો મૃતદેહ મળ્યો

• ગાંધીનગર

ગાંધીનગર નજીક અંબાપુર કેનાલ રોડ પર એક અકસ્માત સર્જાયો હતો. રસ્તા પર અચાનક શ્વાન આડું ઉતરતા સર્જાયેલા અકસ્માતમાં એક પિતાએ પોતાના બે પુત્રો ગુમાવવાનો વારો આવ્યો છે. આ ઘટનામાં એક પુત્રનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે બીજાની શોધખોળ હજુ પણ ચાલુ છે. મળતી માહિતી અનુસાર, રાજુભાઈ ઠાકોર પોતાના બે પુત્રો યશ અને મનદીપ સાથે બાઈક પર પસાર થઈ રહ્યા હતા. અંબાપુર કેનાલ રોડ પરથી પસાર થતી વખતે અચાનક એક શ્વાન આડું ઉતર્યું હતું. ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ




ગુમાવતા બાઈક જોરદાર સ્લીપ ખાઈને સીધું કેનાલના ધસમસતા પાણીમાં ખાબક્યું હતું.

બાઈક કેનાલમાં પડતા જ આસપાસના લોકો મદદે દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં પિતાનો આબાદ બચાવ થયો હતો અને તેમને પાણીમાંથી બહાર કાઢી લેવાયા હતા. પરંતુ કમનસીબે, પાણીનો પ્રવાહ તેજ હોવાથી તેમના બંને પુત્રો પિતાની નજર સામે જ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સંતાનોને નજર સામે ડૂબતા જોઈ પિતાની હાલત અત્યંત કફોડી બની હતી.ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. લાંબી શોધખોળ બાદ મોટા પુત્ર યશ ઠાકોરનો મૃતદેહ ઘટનાસ્થળેથી દૂર કડી પાસે આવેલી કરણનગર કેનાલમાંથી મળી આવ્યો છે. જ્યારે અન્ય પુત્ર મનદીપ ઠાકોર હજુ પણ લાપતા છે. તેને શોધવા માટે તંત્ર દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન જારી રાખવામાં આવ્યું છે. આ ગંભીર દુર્ઘટના અંગે અડાલજ પોલીસ દ્વારા જાણવા જોગ નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

# સાયણ સી.એચ.સી.માં ફરજ બજાવતી નર્સની જાહેર હિતમાં વલસાડના ઉમરગામ ખાતે બદલી

### માથાભારે નર્સે સગર્ભા માતા તથા નવજાત શિશુને ધક્કા મારીને બહાર કાઢી મુકી હતી

• ઓલપાડ,તા.૨૧

સાયણ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફ નર્સ વર્ગ-૩ તરીકે ફરજ બજાવતી માથાભારે નર્સનું બેહુદુ વર્તન પ્રકાશમાં આવતા તંત્રએ તેણી ની વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે સી.એચ.સી.માં બદલી કરાતા હોસ્પિટલની નર્સ બેડામાં ફફડાટ ફેલાયો છે. સાયણ ખાતે સી.એચ. સી.માં શ્રીમતી મનિષાબેન જે.ઠાકુર છેલ્લા ઘણા વર્ષથી નર્સ તરીકે નોકરી કરે છે.ગત સપ્તાહ દરમ્યાન આ માથાભારે નર્સે સી.એચ.સી.માં વેક્સીન મુકાવવા આવેલ એક

સગર્ભા માતા તથા તેના નવજાત શિશુ અને તેના પરિવારને ધક્કા મારીને બહાર કાઢી મુકી હતી.જે ઘટનાના સમાચાર સોશિયલ મિડીયા ગ્રુપ અને ટી.વી.ચેનલમાં પ્રસિદ્ધ થતા સાયણ ગ્રા.પં.ની મહિલા સરપંચ ભાવનાબેન પટેલ સહિત સ્થાનિક લોકો દોડી આવ્યા હતાં અને આ માથાભારે નર્સને પાઠ ભણાવવા ગાંધીનગર ખાતેની કચેરીમાં ફરીયાદ કરી હતી.જેથી ચોંકી ઉઠેલ ઉચ્ચ તંત્રએ આ મામલે સાયણ સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક તબીબ પાસે નર્સની કામગીરી અને દર્દી ઓ સાથે કરતા વર્તનનો અહેવાલ માંગ્યો હતો. જે અહેવાલમાં સ્થાનિક તબીબ અધિક્ષકે મનિષા ઠાકુર ની ફરજ દરમ્યાનની કામગીરી અને દર્દીઓ સાથેના વર્તનનો રિપોર્ટ રજુ કર્યો હતો કે,આ નર્સ હોસ્પિટલમાં સારવાર માટે આવતાં દર્દીઓ સાથે ગેરવર્તન કરી ખોટી હેરાનગતિ કરી લોકોને પરેશાન કરે છે.આ ઉપરાંત હોસ્પિટલમાં વેક્સીન લેવા આવેલ એક ગર્ભવતી મહિલા અને તેના નવજાત શિશુને ધક્કો મારી બહાર કાઢી મુકી તેનો મોબાઈલ ફોન ઝુંટવી લઈ અપશબ્દો બોલી પિડિત પરીવાર સાથે ગેરવર્તન કરેલ હતું.આ બાબતે તે સમયે ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નર્સ વિરૂધ્ધ જાણવા જોગ ફરીયાદ પણ આપવામાં આવી હતી. હોસ્પિટલના તબીબે રિપોર્ટમાં વધુ જણાવ્યું હતું કે,આ નર્સ હોસ્પિટલમાં સારવાર લેવા આવતાં દર્દીઓને જાતપાત વિશે અભદ્ર શબ્દો બોલે છે અને લેબર રૂમમાં ડીલીવરી સમયે આવનાર સગર્ભા પ્રસુતા માતા સાથે અભદ્ર વર્તન કરી વાણી- વિલાસ કરે છે.

# ડભોઈ હીરા ભાગોળ-ઢાલનગર રોડ પરના જોખમી નાળા પર રેલિંગના અભાવે અકસ્માતનો ભય; વાહનચાલકોમાં રોષ

• ફકીરા ખત્રી ડભોઇ

ડભોઈના હીરા ભાગોળથી ઢાલનગર વસાહતને જોડતા મુખ્ય માર્ગ પર આવેલું એક નાળું હાલ વાહનચાલકો માટે 'મરણિયો કૂવો' સાબિત થઈ રહ્યું છે. નાળાની બંને બાજુએ મોટી ખાલી જગ્યા (ગેપ) હોવાને કારણે અવારનવાર વાહનો રોડ નીચે ઉતરી જવાની અને ખાડામાં ખાબકવાની ઘટનાઓ બની રહી છે. સ્થાનિકો અને વાહનચાલકો દ્વારા અહીં તાત્કાલિક સુરક્ષા રેલિંગ લગાવવાની માંગ કરવામાં આવી છે મુખ્ય સમસ્યાઓ અને જોખમોમોટી ગેપ અને અધૂરી સુરક્ષાઃ નાળાની આગળ અને પાછળના ભાગે રક્ષણાત્મક રેલિંગ કે દીવાલ ન હોવાથી વાહનચાલકોને રસ્તાનો અંદાજ આવતો નથી.

**રોપણી અટકી**

### ઓલપાડ કાંઠાના ગામના ખેડૂતોને સિંચાઈ પાણી માટે વલખા

# કેનાલમાં સિંચાઈ પાણી છોડાયાના ૧૫ દિવસ પછી પણ પાણી ન મળતા ડાંગર રોપણી અટકી

### કાંઠાના કેટલાક ગામના ખેડૂતોએ નહેરમાં આવેલ પાણીનો રેલો ઘેરી એન્જીન મશીનો મુક્યા

• ઓલપાડ,તા.૨૧

ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના ટેઈલી ગામના ખેડૂતોને નહેરમાં પાણી છોડાયાને ૧૫ દિવસ પછી પણ પાણી ન મળતા વલખા મારી રહેલા ખેડૂતોની ઉનાળું ડાંગરની રોપણી અટકી પડી છે.જયારે બીજી તરફ કાંઠાના હજીરા વિસ્તારની કેનાલમાં પૂરતા પ્રેસરથી પાણીનો પ્રવાહ વહી રહ્યો હોવાથી સરકાર અને સિંચાઈ તંત્રની મહેરબાનીથી હજીરા વિસ્તારના ઉદ્યોગ માલિકો 'બલ્લે-બલ્લે'નું ગાણું ગાઈ રહ્યા છે. રાજ્ય સરકાર કાંઠાના ટેઈલ વિસ્તારના ગામના ખેડૂતોને કેનાલમાં પૂરતા પ્રેસરથી સિંચાઈ પાણી પહોંચાડવા દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે. જયારે ચાલુ વર્ષે પણ સરકારે ઉકાઈ-કાકરાપાર કેનાલમાં ૩૫ દિવસ સુધી નહેરમાં પાણી બંધ કરી નહેરોના નવીનીકરણ માટે રૂ.૧૬૫ કરોડ ખર્ચી નાંખતા દર વર્ષે કરોડો રૂપિયાનું આંધણ થઈ રહ્યું છે.તેમ છતાં નહેરમાં સિંચાઈ પાણી છોડાયાના ૧૫ દિવસ પછી પણ ઓલપાડ તાલુકાના કાંઠાના ટેઈલ વિસ્તારના ખેડૂતોના ખેતર સુધી ટીપું પાણી ન પહોંચતા ખેડૂતોની ઉનાળું ડાંગરની રોપણી અટવાતા રોષ જોવા મળી રહ્યો છે. કાંઠાના દિહેણ ગામે ડાંગરની ખેતી કરતા ખેડૂતો પૈકી જીજ્ઞેશ પટેલ,રોહિત પટેલ અને મનિષ પટેલે સિંચાઈ તંત્ર સામે બળાપો કાઢતા કહ્યું કે,સિંચાઈ વિભાગે ગત



તા.૦૭ મી ફેબ્રુઆરીએ કેનાલમાં પાણી છોડ્યું હતું,પરંતુ આજે ૧૫ દિવસ પછી પણ બરબોધન માઈનોરમાં પૂરતું પાણી આવ્યું નથી.ઉનાળું ડાંગર રોપણી સિઝનના દિવસો પૂર્ણતાના આરે છે.બરબોધન માઈનોરના દિહેણ અને ભાંડુત વિસ્તારના ગામોમાં દર વર્ષે ૯૦૦ થી વધુ વિંઘા જમીનમાં ડાંગરની રોપણી થાય છે.પરંતુ માત્ર ૨૦ ટકા જ રોપણી થઈ છે.ઘણા ખેડૂતોએ નહેર ઉપર એન્જીન ગોઠવી ખેતર સુધી પાણી લઈ જવા ૫૦૦ થી ૧,૫૦૦ ફૂટ જેટલી લાંબી પાઈપ લાઈન લંબાવી છે.અમારૂ ડાંગરનું તરૂ પણ પાણી વિના સુકાઈ રહ્યું છે.પરંતુ સિંચાઈ પાણીના અભાવે ખેડૂતો ખેતરમાં પાણી ભર્યા વિના ડાંગરની રોપણી કેવી રીતે કરી શકશે?ગત ચોમાસું સિઝનમાં કમોસમી વરસાદથી અમારા ઉભા ડાંગરના પાકને ખુબ નુકસાન થયું હતું.અમોને આશા હતી કે,સાહેબની મહેરબાનીથી નહેર રીપેર થતા ચાલુ વર્ષથી નહેરમાં પૂરતું પાણી મળશે.પરંતુ અમારી આશા ઠગારી નિવડતા કેનાલમાં માત્ર પાણીનો રેલો જ આવ્યો છે.ખેડૂતોએ નહેર ઉપર ૪૫ થી વધુ એન્જીન મશીનો ગોઠવી દીધા છે.પરંતુ પાણી પૂરતું ન આવતું હોવાથી ઉપરવાસના ગામના ખેડૂતો નહેરમાં પાણીના રેલાને રોકી મશીન ગોઠવી પાણી લઈ રહ્યા હોવાથી અમારા ગામના માંડ-માંડ દસ-બાર મશીનો ચાલે છે. બાકીના મશીનો બંધ હાલતમાં હોવાથી ખેડૂતો સિંચાઈ પાણી માટે નહેર ઉપર આંટા-ફેરા મારી કિંમતી સમય બરબાદ કરી નહેરમાં પાણીની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.જયારે અમોને જ પાણી મળતું નથી તો પછી કેનાલના પાછળના છેવાડાના વધુ ટેઈલ વિસ્તારના ગામના ખેડૂતોની દશાની તો વાત બાજુ ઉપર રહી.જેથી ચૂંટાયેલા પ્રતિનિધિઓ સિંચાઈ તંત્રના અધિકારીઓના બહેરા કાન સુધી ખેડૂતોનો અવાજ પહોંચાડી નહેરમાં પૂરતા પ્રેસરથી પાણી અપાવશે તો જ અમો ડાંગરની રોપણી કરી શકીશું. કાંઠાના ડાંગર પકવતા ખેડૂતો હજીરા કેનાલમાં પુરજોશમાં વહેતા પાણીને નિહાળી રોષ ઠાલવી કહી રહ્યા છે કે,વર્ષોથી નહેરના દર રોટેશનમાં અને હાલમાં પણ હજીરા કેનાલમાં પૂરતા પ્રેસરથી પાણી છોડવામાં આવી રહ્યું છે.જેથી હજીરાના ઉદ્યોગ માલિકોને ગોળ અને ખેડૂતોને ડિંગો બતાવી ખોળ આપવાની સરકારની નીતિને અમો સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ.આ ખેડૂતોએ વધુ આક્રોશ ઠાલવતા કહ્યું કે,ઉદ્યોગો ચૂંટણી ફંડ આપે છે એટલે ઉદ્યોગ માલિકોને સરકાર, ચૂંટાયેલા પદાધિકારીઓ અને સિંચાઈ તંત્ર મેળાપીપણામાં ઉદ્યોગ માલિકોના ખોળામાં બેસી 'બલ્લે- બલ્લે' કરાવી રહી છે,પણ એ ન ભૂલવું જોઈએ કે અમોને પણ મત આપવાનો અધિકાર હોવાથી ચૂંટણી ટાણે તમારી નિતીને યાદ રાખવામાં કાચું કાપીશું નહીં.રાંદેર સિંચાઈ પેટા વિભાગ છેવાડાનું સબ ડિવિઝન છે અને અમારા તાબાની કેનાલમાં ગત ૦૯ મી ફેબ્રુઆરીએ પાણી આવ્યું હતું.આ વિસ્તારના ગામોમાં દર વર્ષે આશરે ૨૫,૦૦૦ થી વધુ વિંઘા જમીનમાં ઉનાળું ડાંગરની રોપણી થાય છે.નહેરની કેપેસીટી મુજબ પૂરતું પાણી છોડાતા આ વિસ્તારમાં ૪૫ ટકાથી વધુ જમીનમાં ડાંગર રોપાઈ ગયું છે.નહેરમાં પાણી છોડાયા પછી ખેડૂતો એક સાથેડાંગરની રોપણી કરવા આતુર છે.ખેડૂતોની પાણીની માંગણી પણ વ્યાજબી છે,પરંતુ બધાને એક સાથે પાણી પહોંચાડવું કપરી પરિસ્થિતિ હોવાથી શક્ય નથી.હું અને મારી ઓફિસનો ફિલ્ડ સ્ટાફ ખેડૂતોને પાણી પહોંચાડવા કટીબદ્ધ છે.નહેરની ઉપરવાસના ખેડૂતો મશીન મુકીને પાણી લઈ રહ્યા હોવાથી તેમના મશીનો બંધ થશે એટલે અમો સબ માઈનોર કંટ્રોલ કરી બચત થયેલ અને છોડાયેલ પાણીથી બાકીના ખેડૂતોને ત્રણ-ચાર દિવસમાં પૂરતા જથ્થામાં પાણી મળી જશે જેની ખાત્રી આપું છું.

### વઢવાણા સિંચાઈ તળાવ છે અને તે સિંચાઈ વિભાગ હેઠળ આવે છે

# ડભોઈ વઢવાણા તળાવમાં આ વર્ષે 47700 પક્ષીઓ આવ્યા, 2022 કરતા અડધા

### કોમન કૂટસ(ભગતડું)12370નોર્ધન પિનટેઇલ (સીગપર)9800 નોબબિલ્ડડક(નકટો )8000

રડી શેલડક (ભગવી સૂરખાબ)7450ગ્રે લેગ ગીસ(ગાજહંસ)3300વડોદરા જિલ્લાનું ડભોઇ તાલુકાનું વઢવાણા ગામ વિદેશી પક્ષીઓ માટે જાણીતા ડભોઇ તાલુકાના વઢવાણા તળાવમાં આ વખતે 47700 પક્ષીઓ આવ્યા હોવાનું તાજેતરની ગણતરીમાં સામે આવ્યુંનજીકના છે.પણ આ બાબત ચિંતાનો વિષય બની છે.આ વર્ષે શિયાળાની સિઝનમાં વઢવાણા તળાવને પસંદ કરનારા પક્ષીઓની સંખ્યા 2022ની સરખામણીએ જોવામાં આવે તો અડધી રહી ગઈ છે. 2022માં અહીંયા 95000 પક્ષીઓ આવ્યા હતા.તેના એક વર્ષ પહેલા જ વઢવાણા તળાવને રામસર સાઈટ પણ જાહેર કરવામાંશિયાળો ગાળવા માટે અહીંયા ધામા નાખતા પક્ષીઓની સંખ્યામાં જોકે છેલ્લા



કેટલાક વર્ષોમાં ઘટાડો નોંધાયો છે અને વન વિભાગ માટેઘટેલી સંખ્યા પાછળનું એક મોટું કારણ છે.વઢવાણા સિંચાઈ તળાવ છે અને તે સિંચાઈ વિભાગ હેઠળ આવે છે. ખેતી માટે પાણી મળી રહે તે માટે સિંચાઈ વિભાગને તળાવમાં પાણીનું લેવલ અમુક હદ સુધી જાળવી રાખવું પડે છે. બીજી તરફ શિયાળો ગાળવા આવતા વિદેશી પક્ષીઓ આસાનીથી ખોરાક મળી રહે તે માટે ઓછું પાણી પસંદ કરે છે.આ વર્ષે તળાવને ઘર બનાવનારા પક્ષીઓની સંખ્યાની ગણતરી ત્રણ તબક્કામાં કરવામાં આવીઆવી હતી. વન વિભાગના સૂત્રોનું કહેવું છે કે, વઢવાણા તળાવની સપાટીમાં થતો વધારો- ઘટાડો પક્ષીઓનીહતી. ત્રીજા તબક્કામાં સૌથી વધારે પક્ષીઓ જોવા મળ્યા હતા.કારણકે આ સમયગાળામાં તળાવમાં પાણી ઓછુ હતું.વન વિભાગ દ્વારા આવનારા વર્ષોમાં વિદેશી પક્ષીઓની સંખ્યા વધે તે માટે અનુકુળ માહોલ સર્જાય તેના ભાગરુપે પાણીની સપાટીમાં વધારા ઘટાડાનું એનાલિસિસ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત વન વિભાગે સિંચાઈ વિભાગને એક પત્ર લખીને શિયાળામાં વઢવાણા તળાવમાં પાણીનું સ્તર એક સરખુ રાખવા માટે અપીલકરી છે. તેની પાછળનું એક કારણ એ પણ છે કે, પાણીની સપાટીમાં વધારો ઘટાડો થવાના કારણે પાણીમાં ઊગતા કેટલાક પ્લાન્ટસ પોતાનું અસ્તિત્વ ટકાવી શકતા નથી. આ પ્લાન્ટસ પર ઘણા શિયાળુ પક્ષીઓ ખોરાક માટે નિર્ભર હોય છે. જેમ કે પાણીનું લેવલ વધારે હોય તો બતક આ પ્લાન્ટસ સુધી પહોંચવા માટે ઉંડે સુધી ડુબકી મારી શકતા નથી. આમ પક્ષીઓ પ્લાન્ટસના અભાવે તેઓ બીજું રહેઠાણ પસંદ

# લગ્ન નોંધણી પ્રક્રિયામાં સુધારા કરવા ગેઝેટમાં ડ્રાફ્ટ નોટિફિકેશન જાહેર:વાંધા-સૂચનો મંગાયા

### અરજી કર્યાના 40માં દિવસે મેરેજ સર્ટિફિકેટ મળશે

• ગાંધીનગર

ગુજરાત સરકારે Gujarat Registration of Marriages Act, 2006 હેઠળ લગ્ન નોંધણી પ્રક્રિયામાં મહત્વપૂર્ણ સુધારા કરવા માટે ગેઝેટમાં ડ્રાફ્ટ નોટિફિકેશન જાહેર કર્યું છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા આ પ્રસ્તાવ મુજબ હવે લગ્ન નોંધણી વધુ કડક અને પારદર્શક બનાવાશે. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી આ સૂચનાના આધારે 30 દિવસ સુધી જનતા તરફથી વાંધા-સૂચનો માંગવામાં આવ્યા છે. સુધારાઓ મુજબ હવે લગ્ન નોંધણી માટેનો મેમોરેન્ડમ સંબંધિત આસિસ્ટન્ટ રજિસ્ટ્રારને જમા કરાવવો પડશે અને તેની સાથે નક્કી કરાયેલ ફોર્મ તથા ફી ફરજિયાત રહેશે. વર-વધુની સહી સાથે બે સાક્ષીઓની સહી જરૂરી રહેશે.

સુધારા મુજબ હવે વર અને વધુ બંનેએ તેમના માતા-પિતાની સંપૂર્ણ માહિતી આપવી પડશે, જેમાં આધાર કાર્ડ (હોય તો), પૂરું નામ, રહેઠાણનું



સરનામું અને મોબાઈલ નંબર સામેલ રહેશે. સૌથી મહત્વપૂર્ણ ફેરફાર એ છે કે આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર દ્વારા મેમોરેન્ડમ પૂર્ણ હોવાની ખાતરી થયા બાદ 10 દિવસની અંદર વર-વધુના માતા-પિતાને સ્પીડ પોસ્ટ અથવા અન્ય માધ્યમથી લગ્ન અંગે જાણ કરવામાં આવશે.મેમોરેન્ડમ પ્રાપ્ત થયાની તારીખથી 30 દિવસ પૂર્ણ થયા બાદ જ લગ્નની નોંધણી કરવામાં આવશે. ત્યારબાદ જ દંપતીને રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવશે.સરકારનું કહેવું છે કે લગ્ન નોંધણી પ્રક્રિયામાં પારદર્શકતા લાવવા અને કાનૂની સુરક્ષા મજબૂત બનાવવા માટે આ સુધારા કરવામાં આવ્યા છે. પ્રસ્તાવિત નિયમો અંગે કોઈપણ વ્યક્તિ 30 દિવસની અંદર લેખિતમાં વાંધા અથવા સૂચનો આપી શકે છે.આ સુધારાઓ અમલમાં આવ્યા બાદ રાજ્યમાં લગ્ન નોંધણીની પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત અને જવાબદાર બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જિલ્લામાં પાણી પુરવઠાના કામો મંજૂર:માણસા-કલોલના રંગપુર, દેલવાડા, પીયજમાં બોર, ટાંકી, પાઈપલાઈન બનશે

• ગાંધીનગર

ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારી બી.જે. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં ગાંધીનગર જિલ્લામાં પાણી પુરવઠા સંબંધિત વિવિધ કામોને મંજૂરી આપવામાં આવી હતી.આ બેઠકમાં રિજુવિનેશન પ્રોગ્રામ હેઠળ વર્ષ 2025-26 માટે જિલ્લાના 20 જુદા જુદા ગામોમાં નવીન બોર અને પમ્પિંગ મશીનરીના કામો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ ઉપરાંત, માણસા તાલુકાના દેલવાડા ગામમાં અંદાજિત રૂ. 31.50 લાખના ખર્ચે અને કલોલ તાલુકાના પીયજ ગામમાં અંદાજિત રૂ. 24.87 લાખના ખર્ચે નવીન બોર તથા પમ્પિંગ મશીનરી માટે મંજૂરી અપાઈ હતી. માણસા તાલુકાના રંગપુર ગામે આંતરિક પાણી પુરવઠા યોજના માટે અંદાજિત રૂ. 5927057ના ખર્ચે કામો મંજૂર કરાયા છે.આ કામોમાં 1 લાખ લિટર ક્ષમતાની 12 મીટર ઊંચી ટાંકી, 1.50 લાખ લિટર ક્ષમતાનો ભૂગર્ભ સંપ, સમગ્ર



ગામમાં પાઈપલાઈન, જોબ કનેક્શન, પમ્પિંગ મશીનરી, પમ્પ રૂમ અને હાઉસ કનેક્શનનો સમાવેશ થાય છે.આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર નિશા શર્મા, પ્રાંત અધિકારી મયંક પટેલ, માણસા તથા કલોલના મામલતદાર અને વાસ્મોના અધિકારીશ્રી સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.માણસા અને કલોલ તાલુકાના પીવાના પાણી માટેના આ વિવિધ કામો મંજૂર થતાં આગામી સમયમાં નાગરિકોને પીવાના પાણીની પર્યાપ્ત ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે અને તેમને રાહત મળશે.

# જોજો, તમે ના છેતરાતા! શેરબજારમાં રોકાણના નામે ગાંધીનગરના વેપારી સાથે લાખોની છેતરપિંડી, જુઓ કેવી રીતે રૂપિયા પડાવ્યા

• રાજ્ય

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સાયબર ગઠિયાઓએ રોકાણના નામે વધુ એક વેપારીને લાખોનો ચૂનો લગાવ્યો છે. ગાંધીનગરના કુડાસણમાં રહેતા અને માણસામાં સબમર્સિબલ મોટર પાર્ટ્સનો વ્યવસાય કરતા 50 વર્ષીય વેપારીને 'UTI એસેટ મેનેજમેન્ટ'ના પ્રતિનિધિ તરીકે ઓળખ આપી સાયબર માફિયાઓએ રૂ.13.79 લાખ પડાવી લીધા છે. ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.પોલીસ ફરિયાદ અનુસાર, કુડાસણ ખાતે રહેતા અને પાનલક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝના માલિક શૈલેષભાઈ જયંતિલાલ મોદી 16 જૂનના રોજ પોતાની ફેક્ટરી પર હતા, ત્યારે તેમને ફેસબુક પર એક જાહેરાત જોઈ હતી. આ જાહેરાતમાં 'UTI AMC'ના બેનર હેઠળ શેરબજારમાં રોકાણ માટે માર્ગદર્શન આપવાનો દાવો કરવામાં આવ્યો હતો. શૈલેષભાઈએ લિંક પર ક્લિક કરતા જ તેમને 'C702 UTI Strategy Practice Camp' નામના એક વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા.આ ગ્રુપમાં અન્ય સભ્યો દ્વારા મેળવવામાં આવેલા નકલી પ્રોફિટના સ્ક્રીનશોટ અવારનવાર મુકવામાં આવતા હતા. ત્યારબાદ તેમને 'VIP ગ્રુપ C99'માં ઉમેરવામાં આવ્યા, જ્યાં શેરબજારમાં લે-વેચની ટિપ્સ આપવામાં આવતી હતી. ગઠિયાઓએ શૈલેષભાઈને એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી, જે દેખાવમાં અસલ UTI AMC જેવી જ હતી.

### -માર્ગ અને મકાન વિભાગ-૨ દ્વારા ડિમોલીશન હાથ ધરી રોડની બંન્ને સાઈટની લારીઓ,દુકાનના બોર્ડ ટ્રકમાં ભર્યા

# ઓલપાડ-સાયણ રોડ પર અટોદરા ચોકડી ઉપર ડીમોલીશન કરી દબાણ દુર કરાયા

• ઓલપાડ,તા.૨૧

ઓલપાડ- સાયણ રોડની અટોદરા ચોકડીની આજુબાજુના ગેરકાયદેસર દબાણ કરનારાઓ ઉપર માર્ગ અને મકાન વિભાગ-૨ ત્રાકટતા દબાણ કરનારા દુકાનદારો માં ફફડાટનો માહોલ ફેલાયો છે. માર્ગ- મકાન વિભાગ-૨ ના અધિકારી દ્વારા રોડની બંન્ને બાજુના અડચણરૂપ દબાણોનું ડિમોલીશન કરી દુર કરાતા સ્થાનિકો સહિત વાહન ચાલકોએ રાહતનો દમ લીધો છે.ઓલપાડથી સાંધીએર ગામ વચ્ચેના રાજ્યધોરી માર્ગની આજુબાજુ ની ખેતીલાયક જમીન બીનખેતીની થતા બિલ્ડરો

ટેક્ષટાઈલ સહિતના ઉદ્યોગ એકમના પ્લોટનું વેચાણ કરી રહ્યા છે.જેના પગલે ટૂંકા વર્ષોમાં અટોદરા ચોકડીનો હરણફાળ




વિકાસ થવાથી રોડની ચારે બાજુ ધંધાર્થી દુકાનોની હારમાળા સર્જાઈ છે.આ દુકાનદારો સહિત લારી-ગલ્લાવાળાઓ રોડ માર્જીનની સરકારી જમીનમાં દબાણ કરી વેપલો કરી રહ્યા હતાં.આ ઉપરાંત દુકાન માલિકો રોડની બંન્ને બાજુના માર્જીનમાં વાહન ચાલકોને અડચણરૂપ થાય તે રીતે પોતાના વેપારના બોર્ડ મુકી આડ કરતા ટ્રાફિક સમસ્યા માથાનો દુઃખાવો બની હતી.

જેના પગલે છેલ્લા ઘણા સમયથી વાહન ચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતાં. જેથી ત્રાહિમામ પોકારી ઉઠેલા સ્થાનિક લોકોની બુમરેંગના પગલે શનિવાર,તા.૨૧ ના રોજ સવારે સુરત માર્ગ અને મકાન વિભાગ-૨ કચેરીનો સ્ટાફ જે.સી.બી. મશીન,ટ્રક અને મજૂર ટીમ લઈને અટોદરા ચોકડી પહોંચ્યો હતો. માર્ગ-મકાન વિભાગે પોલીસ બંદોબસ્ત સાથે રોડની રોડની બંન્ને બાજુના માર્જીનમાં દબાણ કરનારા દુકાનદારોની દુકાનની આગળનો ગેરકાયદેસર ભાગ તોડી નાંખ્યો હતો. આ ઉપરાંત રોડ માર્જીનમાં મુકેલ દુકાનના બોર્ડ અને લારી-ગલ્લા ટ્રકમાં ભરી દબાણ દુર કર્યા હતાં.જયારેસ્થાનિક લોકો પોલીસ તંત્ર પાસે અપેક્ષા સેવી રહ્યા છે કે,આજે તો રોડ માર્જીનના અડચણ રૂપ દબાણો દુર કરાતા ટ્રાફિક સમસ્યાથી રાહત મળી છે,પરંતુ આ દબાણ કરનારા દુકાનદારો જો ફરી દબાણ કરે તો તે જોવાની સમગ્ર જવાબદારી પોલીસ તંત્રની છે.

# માતૃભાષાનું ગૌરવ એટલે સાંસ્કૃતિક પરંપરાની વંદના: તખુભાઈ સાંડસુર

## વેળાવદરમાં યોજાયો માતૃભાષા મહોત્સવ પરિસંવાદ

• વેળાવદર

ગારીયાધાર તાલુકાના વેળાવદર ગામે ગુજરાત સાહિત્ય અકાદમી અને વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી તા. 21 ફેબ્રુઆરીના રોજ કાણકિયા પારેખ હાઈસ્કૂલના સભાખંડમા કરવામાં આવીકાર્યક્રમનો પ્રારંભ ગુજરાતી માતૃભાષાના ગૌરવ ગાન સાથે થયો.દીપ પ્રાગટ્યની જ્યોતને મહેમાનો દ્વારા પ્રજ્વલિત કરીને શાળાની બાળાઓએ સ્વાગત નૃત્ય રજૂ કર્યું.કાર્યક્રમના સંયોજક શ્રી કૌશિકભાઈ ઠાકર દ્વારા ઉપસ્થિત ગ્રામજનો મહેમાનો બાળકો વિદ્યાર્થીઓનો સાદર આવકાર થયો. કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી નરેન્દ્રભાઈ ત્રિવેદી અને પરિસંવાદના વક્તા સાહિત્યકાર શ્રી તખુભાઈ સાંડસુરનું પુસ્તક પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યું. આજના પરીસંવાદનો વિષય 'ગુજરાતી:નો ભૂતો ન ભવિષ્યતિ' નિયત કરવામાં આવ્યો હતો. એટલે કે આપણી માતૃભાષા કદી આજે કે આવતીકાલે વિસ્મૃત થશે નહીં અને ભુલાશે કે ભૂંસાશે નહીં. કાર્યક્રમને ઉદ્બોધિત કરતા સાહિત્યકાર અને વક્તા શ્રી તખુભાઈ સાંડસુરે કહ્યું કે આપણી માતૃભાષાની વંદના કરવાનો આ અવસર જે રીતે અકાદમી દ્વારા પૂરો પાડવામાં આવે છે તે માટે તેમને પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.તેમણે કહ્યું કે માતૃભાષાનું ગૌરવ કરવું એટલે આપણી સાંસ્કૃતિક ઐતિહાસિક મૂલ્ય પરંપરાઓની વંદના કરવા બરાબર છે. જો આપણે આપણી પ્રાદેશ પ્રાદેશિકતાને પોંખવાનું છોડી દેશું તો આપણી ઐતિહાસિક વિરાસત પણ કાળની ગર્તામાં ભુસાઈ જશે.આજના કાર્યક્રમના મુખ્ય અતિથિ વિવેકાનંદ કેન્દ્રના પ્રાંત સંયોજક શ્રી નરેન્દ્ર ભાઈ ત્રિવેદીએ ભાષાની ભવ્યતાને અન્ય ભાષાઓના સંમોહનના કારણે છોડવી ન જોઈએ. કોઈ અન્ય ભાષાઓ આપણે શીખીએ જરૂર પરંતુ આપણી માતૃભાષાથી આપણે દૂર ન જવું જોઈએ તેમ જણાવ્યું હતું.આજના આ પરીસંવાદ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, વિદ્યાર્થી ભાઈ બહેનો આચાર્ય શ્રી હિંમતગીરી ગોસાઈ, પૂર્વ સરપંચ શ્રી શામજીભાઈ ખીમસુરીયા, શ્રી રમણિક ભાઈ પટેલ, ધીરુભાઈ ભંડેરી ભાજપના તાલુકા મહામંત્રી શ્રી કિશોરભાઈ કવા, શાંતિભાઈ સહિતના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં. સંચાલન શ્રી જીતુભાઈ ભાદરકાએ તથા આભાર દર્શન સુશ્રી ચદ્રાબેન કવાડે કર્યું હતું.

## ભમરેચી માતાજી મંદિર - વડા દીતવાર મહામેળો 2026

ફાગણ માસના પ્રથમ રવિવારે "વડા દીતવાર" નિમિત્તે ભમરેચી માય મંડળ ટ્રસ્ટ, સાયરા દ્વારા ભમરેચી માતાજીના પવિત્ર ધામ ખાતે ભવ્ય મહામેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુદરતી સૌંદર્યથી ઓતપ્રોત અરવલ્લીની ગિરિમાળામાં આવેલ આ પૌરાણિક ધામે હજારો ભક્તજનો ઉમટી પડ્યા હતા.આ પ્રસંગે પરંપરાગત રીતે ચૌલક્રિયા (મુંડન વિધિ) નો કાર્યક્રમ યોજાયો, જેમાં અંદાજે 300 થી વધુ બાળકોએ માતાજીના આશીર્વાદ સાથે ચૌલક્રિયા સંસ્કાર પૂર્ણ કર્યો. ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્યમાંથી પણ ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર મંદિર પરિસરમાં આધ્યાત્મિક ભાવ, ભક્તિ અને આનંદનું પવિત્ર વાતાવરણ છવાયું હતું. મેળા દરમિયાન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અરવલ્લી તરફથી લીગલ અવેરનેસ સેમિનાર યોજાયો હતો, જેમાં સામાન્ય જનતાને મફત કાનૂની સહાય, સ્ત્રી-બાળ સુરક્ષા કાયદા, તેમજ નાગરિકોના બંધારણીય અધિકારો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. ભમરેચી માય મંડળ ટ્રસ્ટના ટ્રસ્ટી તથા ડેપ્યુટી લીગલ એડ ડિફેન્સ કાઉન્સિલ, અરવલ્લી એડવોકેટ શ્રી ઘનશ્યામ પટેલ (રાષ્ટ્રપતિ પોલીસ મેડાલિસ્ટ) એ જણાવ્યુ હતું કે, "ભમરેચી માતાનું આ ધામ માત્ર આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર નથી.

'ભીષ્મનો ત્યાગ'

મહાભારતના વિશાળ ફલક પર અનેક પાત્રો આવ્યા અને ગયા

# 'ભીષ્મનો ત્યાગ' અને 'સત્યવતીનું કર્મફળ' એક ભૂલ જેણે પેઢીઓને રડાવી

**'કર્મ ફરે છે ચક્રની જેમ, સમય કોઈને છોડતું નથી, જે લાલચના પાયા નાખે, તે સુખનું ઘર કદી જોતું નથી.'**

'કર્મ ફરે છે ચક્રની જેમ, સમય કોઈને છોડતું નથી, જે લાલચના પાયા નાખે, તે સુખનું ઘર કદી જોતું નથી.' મહાભારતના વિશાળ ફલક પર અનેક પાત્રો આવ્યા અને ગયા, પરંતુ કુરુવંશના વિનાશની વાર્તા ખરેખર કુરુક્ષેત્રના મેદાનમાં નહીં, પણ વર્ષો પહેલા હસ્તિનાપુરના મહેલમાં અને યમુનાના કિનારે લખાઈ હતી. આ વિનાશના કેન્દ્રમાં હતી મત્સ્યકન્યા સત્યવતી અને તેની પોતાના સંતાનોને રાજા બનાવવાની અતૃપ્ત ભૂખ.

નિષાદરાજની શરત

જ્યારે રાજા શાંતનુ સત્યવતીના પ્રેમમાં પડ્યા, ત્યારે સત્યવતીના પિતા નિષાદરાજે રાજા સમક્ષ એક અત્યંત કઠોર શરત મૂકી. તેમણે કહ્યું કે, 'મારી પુત્રીનો પુત્ર જ હસ્તિનાપુરનો ઉત્તરાધિકારી બનવો જોઈએ.' સત્યવતીએ આ શરતનો વિરોધ કરવાને બદલે મૌન રહીને તેને ટેકો આપ્યો. આ એક શરતે જ્યેષ્ઠ અને લાયક પુત્ર દેવવ્રત (ભીષ્મ) ના અધિકારો પર તરાપ મારી.

પોતાના પિતાના સુખ માટે દેવવ્રતે આજીવન બ્રહ્મચર્ય અને ગાદી ત્યાગની 'ભીષ્મ પ્રતિજ્ઞા' લીધી. સત્યવતીએ આ પ્રતિજ્ઞા હર્ષભેર સ્વીકારી લીધી કારણ કે તેને ડર હતો કે જો ભીષ્મ લગ્ન કરશે તો તેના બાળકો તેના પોતાના સંતાનો માટે ભવિષ્યમાં ખતરો બનશે. સત્યવતીની આ 'કથિત સુરક્ષા' ની ભાવના જ આગળ જતાં વંશ માટે સૌથી મોટી અસુરક્ષા બની ગઈ.

કર્મનું ફળ જેવું વાવ્યું તેવું લણ્યું

સત્યવતીએ જેના માટે આટલું મોટું પાપ (અન્યાય) કર્યું, તે સુખ તેને ક્યારેય મળ્યું નહીં. કુદરતનો ન્યાય જુઓ તેનો મોટો પુત્ર ચિત્રાંગદ એક ગંધર્વ સાથેના યુદ્ધમાં માર્યો ગયો.નાનો પુત્ર



વિચિત્રવીર્ય ક્ષય રોગથી સંતાનહીન અવસ્થામાં મૃત્યુ પામ્યો. સત્યવતીએ પોતાની આંખો સામે પોતાના બંને પુત્રોને મરતા જોયા. જે ગાદી માટે તેણે ભીષ્મ સાથે અન્યાય કર્યો હતો, તે ગાદી હવે વારસદાર વગરની ખાલી પડી હતી.

જ્યારે વંશ આગળ વધારવા માટે કોઈ ન બચ્યું, ત્યારે સત્યવતીએ મજબૂરીમાં પોતાના પૂર્વ પુત્ર વેદવ્યાસને બોલાવવા પડ્યા. 'નિયોગ' દ્વારા ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરનો જન્મ થયો.

ધૃતરાષ્ટ્ર અંધ હોવાને કારણે રાજા ન બની શક્યા, જેણે તેમના મનમાં ઈર્ષ્યાના બીજ રોપ્યા.

પાંડુ શાપિત હોવાને કારણે વનમાં ગયા અને અકાળે મૃત્યુ પામ્યા.

સત્યવતીની એક ભૂલને કારણે કુરુવંશમાં લોહીના સંબંધો નબળા પડ્યા અને સત્તા માટેના લોહિયાળ સંઘર્ષની શરૂઆત થઈ.

જેમ કોઈ વ્યક્તિ સોનાના ઘરેણાં મેળવવા માટે ઘરના મજબૂત પાયાના પથ્થરો કાઢી નાખે, તેમ સત્યવતીએ પોતાના પુત્રોના રાજ્યાભિષેક માટે ભીષ્મ જેવા મજબૂત પાયાને હટાવી દીધો. પરિણામે, આખું ભવન (કુરુવંશ) થોડી જ પેઢીઓમાં ધરાશાયી થઈ ગયું.

'અન્યાયના પાયા પર ચણાયેલી સફળતાની ઈમારત ક્યારેય સ્થિર રહેતી નથી તે ગમે ત્યારે પોતાના જ સર્જક પર તૂટી પડે છે.'

સત્યવતીની રાજગાદીની ભૂખે હસ્તિનાપુરને એવા વળાંક પર લાવી દીધું જ્યાંથી વિનાશ સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. જો તેણે ભીષ્મને રાજા બનવા દીધા હોત, તો કદાચ ન કુરુક્ષેત્રનું યુદ્ધ થયું હોત, ન કૌરવોનો વિનાશ થયો હોત. સત્યવતીનું જીવન શીખવે છે કે 'લાલચ' એ માત્ર વ્યક્તિને જ નહીં, પણ તેની આવનારી અનેક પેઢીઓને બરબાદ કરી નાખે છે.

દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

વઢવાણા પોતાની ઈકો-ટુરિઝમ અને રામસર સાઈટ' તરીકેની પ્રતિષ્ઠા ગુમાવી દેશે

# ઐતિહાસિક વઢવાણા વેટલેન્ડ ગંદકીના ગરકાવ ગાયકવાડી શાસનનું ધરોહર સમાન તળાવ તંત્રની ઘોર બેદરકારીનો ભોગ બન્યું

**ઐતિહાસિક વઢવાણા તળાવ**

શાસનની યાદ અપાવતું ઐતિહાસિક વઢવાણા તળાવ આજે વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે પોતાની ઓળખ ગુમાવી

• ફકીરા ખત્રી ડભોઈ

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આવેલું અને ગાયકવાડી શાસનની યાદ અપાવતું ઐતિહાસિક વઢવાણા તળાવ આજે વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે પોતાની ઓળખ ગુમાવી રહ્યું છે. આશરે 16 કિલોમીટરના ઘેરાવામાં ફેલાયેલું આ વિશાળ તળાવ, જે ક્યારેક પક્ષીઓ માટે સ્વર્ગ ગણાતું હતું, તે આજે ગંદકી, લીલ અને ઝાડી-ઝાખરાનું સામ્રાજ્ય બની ગયું છેગંદકી અને ઝાડી-ઝાખરાનું સામ્રાજ્ય સમગ્ર મધ્ય ગુજરાતમાં જેની ગણના મહત્વના વેટલેન્ડ તરીકે થાય છે, તે વઢવાણા તળાવના કિનારાઓ હાલ કચરાના ઢગલાથી ઉભરાઈ રહ્યા છે. તળાવના પાણીમાં અસંખ્ય પ્રમાણમાં



લીલ જામી ગઈ છે અને કિનારાની આસપાસ જંગલી વનસ્પતિઓ તેમજ કાંટાળા ઝાડી-ઝાખરા ઉગી નીકળ્યા છે. સફાઈના અભાવે તળાવનું કુદરતી સૌંદર્ય હણાઈ રહ્યું છે.વિદેશી મહેમાનોની સંખ્યામાં ચિંતાજન ક ઘટાડો

વઢવાણા તળાવ દર વર્ષે હજારો કિલોમીટર દૂરથી આવતા દેશ-વિદેશના યાયાવર પક્ષીઓ માટે આશ્રયસ્થાન છે. જોકે, આ વર્ષે ગંદકી અને યોગ્ય જાળવણીના અભાવે પક્ષીઓની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. પક્ષી પ્રેમીઓમાં પણ આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે, કારણ કે પ્રદૂષિત વાતાવરણ પક્ષીઓના વસવાટ માટે જોખમી સાબિત થઈ રહ્યું છેતંત્રની બેદરકારી: વોચમેન અને પગીઓ છતાં દશા ઠેરની ઠેર તળાવની દેખરેખ અને સુરક્ષા માટે તંત્ર દ્વારા વોચમેન તેમજ પગીઓની નિમણૂક કરવામાં આવી છે તેમ છતાં, જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે સફાઈનો અભાવ: પગીઓ અને સ્ટાફ હાજર હોવા છતાં નિયમિત સફાઈ કરવામાં આવતી નથી જાળવણીમાં ઉદાસીનતા: જાડી-ઝાખરાના કારણે પ્રવાસીઓને પક્ષી દર્શનમાં પણ મુશ્કેલી પડી રહી છે નજરઅંદાજ થતી ફરિયાદો: સ્થાનિકો અને પર્યટકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર હજુ પણ ઘસઘસાટ ઊંઘી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

નિષ્કર્ષ: ગાયકવાડી રાજાઓએ પ્રજા અને પ્રકૃતિ માટે બનાવેલું આ અમૂલ્ય નજરાણું જો આવી જ રીતે અવગણવામાં આવશે, તો વઢવાણા પોતાની ઈકો-ટુરિઝમ અને રામસર સાઈટ' તરીકેની પ્રતિષ્ઠા ગુમાવી દેશે.

# ડભોઈ અમરપુર-વઢવાણા વચ્ચે નર્મદા કેનાલમાં પડ્યું મોટું ગાબડું; તંત્રની ઘોર બેદરકારીથી ખેડૂતો પરેશાન

## નર્મદાની માઇનોર કેનાલો અત્યારે તંત્રની અણઆવડત અને ભ્રષ્ટાચારનો નમૂનો બની રહી છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ અમરપુર-વઢવાણા વચ્ચે નર્મદા કેનાલમાં પડ્યું મોટું ગાબડું; તંત્રની ઘોર બેદરકારીથી ખેડૂતો પરેશાન ડભોઈ તાલુકાના ખેડૂતો માટે જીવાદોરી સમાન ગણાતી નર્મદાની માઈનોર કેનાલો અત્યારે તંત્રની અણઆવડત અને ભ્રષ્ટાચારનો નમૂનો બની રહી છે. તાલુકાના અમરપુર થી વઢવાણા વચ્ચે પસાર થતી મુખ્ય નર્મદા કેનાલમાં મોટું ગાબડું પડતા લાખો લિટર પાણીનો બગાડ થઈ રહ્યો છે, જેના કારણે સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે મુખ્ય સમસ્યાઓ અને ખેડૂતોની વ્યથા:



વધતું જતું ગાબડું: શરૂઆતમાં નાનું દેખાતું આ ગાબડું પાણીના સતત પ્રવાહને કારણે દિવસેને દિવસે મોટું થઈ રહ્યું છે. જો વહેલી તકે રિપેરિંગ કરવામાં નહીં આવે તો કેનાલ વધુ તૂટવાની અને આસપાસના ખેતરોમાં પાણી ફરી વળવાની ભીતિ છે રિપેરિંગમાં આળસ: નિયમ મુજબ ચોમાસું પૂર્ણ થયા બાદ કેનાલોનું સમારકામ કરવાનું હોય છે. પરંતુ ફેબ્રુઆરી મહિનો શરૂ થયો હોવા છતાં નર્મદા નિગમ દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી કાગળ પર કામ અને ભ્રષ્ટાચારના આક્ષેપ: સ્થાનિકોનો આક્ષેપ છે કે નર્મદા નિગમના અધિકારીઓ રિપેરિંગના નામે સરકારમાંથી લાખો રૂપિયાની ગ્રાન્ટ મેળવે છે, પરંતુ વાસ્તવિકતામાં કેનાલ પર કોઈ કામ થતું નથી. માત્ર કાગળ પર કામ બતાવી ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.ખેતી પર સંકટ ઉનાળો માથે છે ત્યારે કેનાલમાં પાણી ઓછું હોવું જોઈએ અને રિપેરિંગ થઈ જવું જોઈએ. તેની જગ્યાએ અત્યારે પાણીનો બગાડ થઈ રહ્યો છે, જેની સીધી અસર ખેડૂતોના ઉનાળુ પાક પર પડી શકે તેમ છે ખેડૂતો પૂછી રહ્યા છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? જો અધિકારીઓની નિષ્કાળજી આવી જ ચાલુ રહેશે તો ખેડૂતોએ આર્થિક નુકસાન વેઠવાનો વારો આવશે. સરકાર લાખો રૂપિયા ફાળવે છે પણ જમીન પર કેનાલની હાલત જૈસે-થે છે. અધિકારીઓ ઓફિસમાં બેસીને કાગળ પર કામ પતાવી દે છે અને અમારે પાણી માટે વલખાં મારવા પડે છે

# વડા દીતવાર મહામેળા નિમિત્તે કાનૂની જાગૃતિ સેમિનાર યોજાયો

વડા દીતવાર મહામેળા જેવા પવિત્ર અને લોકપ્રિય ધાર્મિક પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અરવલ્લી દ્વારા વિશેષ લીગલ જાગૃતિ સેમિનાર યોજાયો હતો. હજારો ભક્તજનો અને ગ્રામજનોની ઉપસ્થિતિ વચ્ચે આયોજિત આ સેમિનારનો મુખ્ય હેતુ સમાજમાં કાનૂની જાગૃતિ ફેલાવવાનો અને દરેક નાગરિકને તેમના અધિકારો અંગે માહિતગાર કરવાનો હતો.

સેમિનારમાં ઉપસ્થિત જનસમૂહને મફત કાનૂની સહાય યોજના, નારી અને બાળ સુરક્ષા સંબંધિત કાયદા, તેમજ ભારતના બંધારણ પ્રદત્ત મૂળભૂત અધિકારો અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું. કાનૂની સહાય માટેની પ્રક્રિયા, પાત્રતા અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

આ પ્રસંગે નીચેના માનનીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા:

1. ચીફ એલ.એ.ડી.સી. - શ્રી ડી.એલ. વણકર
2. ડેપ્યુટી ચીફ એલ.એ.ડી.સી. - શ્રી એ. એ. શેખ
3. ડેપ્યુટી ચીફ એલ.એ.ડી.સી. - શ્રી પી. ડી. ભરાડા
4. ડેપ્યુટી ચીફ એલ.એ.ડી.સી. - એડવોકેટ શ્રી જી. એમ. પટેલ
5. આસિસ્ટન્ટ એલ.એ.ડી.સી. - શ્રી ડી. જી. વણકર

ડેપ્યુટી ચીફ એલ.એ.ડી.સી. તથા રાષ્ટ્રપતિ પોલીસ મેડાલિસ્ટ એડવોકેટ શ્રી ઘનશ્યામ પટેલે પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે,

"ધાર્મિક અને સાંસ્કૃતિક મેળાઓ સમાજ સાથે સીધી જોડાણની શ્રેષ્ઠ તક છે. કાનૂન માત્ર અદાલતોમાં સીમિત નથી, પરંતુ દરેક નાગરિકના જીવન સાથે જોડાયેલ છે. મફત કાનૂની સહાય દ્વારા ન્યાયને ગરીબ અને વંચિત વર્ગ સુધી પહોંચાડવું એ અમારી બંધારણીય ફરજ છે."

આ સેમિનાર દ્વારા મોટી સંખ્યામાં લોકોએ કાનૂની સહાય અંગે માહિતી મેળવી અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની સેવાઓનો લાભ લેવા માટે માર્ગદર્શન મેળવ્યું. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ, પ્રેરણાદાયી અને જાગૃતિમય વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો.

# મને સનાતની તરીકે ભાગવત કથા સાંભળવાની અમૂલ્ય તક મળી : હાર્દિક હુંડિયા



ઉપનગર અંધેરીમાં મહાત્મા જ્યોતિબા ફૂલે મેદાનમાં મેવાડ એકતા ફાઉન્ડેશન દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગે, ઈસ્કોન જુહુના પૂજ્ય શ્રી રઘુવીર દાસ પ્રભુજી દ્વારા, જન કલ્યાણ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને સ્ટાર રિપોર્ટ મેગેઝિનના મુખ્ય સંપાદક હાર્દિક હુંડિયાને કથાકાર, પૂજ્ય શ્રી રઘુવીર દાસ, ઈસ્કોન જુહુ અને મેવાડ એકતા ફાઉન્ડેશનના પ્રમુખ જીવન ભાઈ સંઘવી દ્વારા શાલ, રાજસ્થાની પાઘડી, શ્રીમદ્ ભાગવત પુસ્તક અને રાધા કૃષ્ણનો સુંદર ફોટોગ્રાફ ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. તે અવસરે હાર્દિક હુંડીયા એ જણાવ્યું કે 'ગુરુદેવ, હું જૈન છું, અને આપણા તીર્થંકર ભગવાન નેમિનાથ અને ભગવાન કૃષ્ણ, બંને પૂર્વમાં પિતરાઈ ભાઈઓ હતા,' જન કલ્યાણ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ હાર્દિક હુંડિયાએ કહ્યું કે આજે સંયોગથી, મને સનાતની તરીકે કથા સાંભળવાનો લહાવો મળ્યો છે. હું તમને મળીને ધન્ય થયો છું.'

ડભોઈ શહેર માં દર્ભાવતી તીર્થમાં ભક્તિનો મહાસાગર

# શ્રી મુનિસુવ્રતસ્વામી દેરાસરની ૫૦મી સુવર્ણ ધ્વજા અને શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ: ઐતિહાસિક નગરી ડભોઈ (દર્ભાવતી તીર્થ) ખાતે હાલમાં આધ્યાત્મિક ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. શ્રી મુનિસુવ્રતસ્વામી દેરાસરની ૫૦મી સુવર્ણ ધ્વજા અને પૂજ્ય આચાર્ય ભગવંત મહાનંદ સૂરી મહારાજ સાહેબના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ભવ્ય સામૈયું અને પધરામણી આ મહોત્સવના પાવન પ્રસંગે આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય મહાપદ્મસૂરીસ્વરજી મહારાજ સાહેબ તથા ૭૦થી વધુ સાધુ સાધ્વીજી ભગવંતો (આદિઠાણા ૭૦)નું ડભોઈ નગરમાં મંગલ આગમન થયું હતું.નગર ભ્રમણ: પૂજ્ય આચાર્ય ભગવંતના સ્વાગત માટે ડભોઈના



વડોદરી ભાગોળથી એક ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.

રૂટ: આ શોભાયાત્રા સુશીલાબેન મફતભાઈ લાકડાવાળાની દુકાન, પટેલ વાગા, ટાવર, લાલ બજાર અને ભારત ટોકીઝ જેવા વિવિધ રાજમાર્ગો પર ફરીને ભક્તિમય વાતાવરણ સાથે જૈન વગા(શ્રીમાળી વાગા) ખાતે પરત ફરી હતી.

૧૩ દિવસીય ધાર્મિક અનુષ્ઠાનો આગામી ૧૩ દિવસ સુધી પૂજ્ય આચાર્ય ભગવંતની પાવન નિશ્રામાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને અનુષ્ઠાનો યોજાશે. આ પ્રસંગે સમગ્ર સંઘ માટે સ્વામીવાત્સલ્ય (સંઘ જમણવાર)નું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ઉપસ્થિત મહાનુભાવો આ મંગલમય અવસરે જૈન સમાજના અગ્રણીઓ અને ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા, જેમાં શ્રી વિજય દેવસુરી જૈન સંઘ નાં પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ ઘડિયાલી, ડભોઈ જૈન સમાજ નાં અગ્રણી

પિન્કેશભાઈ શાહ
દિવ્યકાંતભાઈ શાહ
મેહુલભાઈ શાહ રાજુભાઈ શાહ
વિશાલભાઈ જૈન અન્ય ટ્રસ્ટીશ્રીઓ અને સમગ્ર દર્ભાવતી જૈન સમાજ માં આ સુવર્ણ અવસરને લઈને ભારે હર્ષ અને ઉલ્લાસની લાગણી ફેલાયેલી છે.

# વસ્ત્રાલમાં ગુંડા તત્ત્વોનો આતંક : 'આજે તને અને તારા શેઠને પતાવી દેવાના છે'



• અમદાવાદ

અમદાવાદમાં ફરી એકવાર અસામાજિક તત્ત્વોની ગુંડાગીરીની ઘટના સામે આવી છે. વસ્ત્રાલમાં આવેલી એક ડેકોરેટર્સની દુકાનમાં અસામાજિક તત્ત્વો દ્વારા ઘૂસીને તોડફોડ કરવામાં આવી હતી. આ લુખ્ખા તત્ત્વની સમગ્ર કરતૂત દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ ઘટના અંગે દુકાનમાં કામ કરતા યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે CCTV ફૂટેજને આધારે તપાસ હાથ ધરી છે. આ ઘટના અંગે વસ્ત્રાલમાં રહેતા અને દુકાનમાં કામ કરતા 28 વર્ષીય નાથાભાઈ તાવીયાડે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે ગત 20 ફેબ્રુઆરી 2026ના રોજ સાંજે સાડા સાતેક વાગ્યા દુકાનમાં બેઠા હતા ત્યારે, કાળા કલરની ફોર વ્હીલમાં આવેલો એક શખસ નીચે હાથમાં લાકડાનો દંડો લઈને નીચે ઉતર્યો હતો. અને દુકાનમાં આવીને તારા શેઠ કયા છે તેમ કહીને ગાળો આપી હતી. જે બાદ ગાળો બોલવાની ના પાડતા તેણે દુકાનમાં કાચ ફોડી નાખ્યા હતા.આ પછી દુકાનમાં હાજર વ્યક્તિએ શેઠ અહીંયા નથી તેમ કહેતા ગુંડાતત્ત્વો કહ્યું કે આજે તો તને અને તારા શેઠને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ પછી દુકાનમાં હાજર વ્યક્તિ ત્યાંથી બહાર નીકળી ગયો હતો અને તેના શેઠના દીકરાને ફોન કરીને જાણ કરી હતી. જે બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.મહત્ત્વનું છે કે, આરોપીએ છેલ્લા 10 વર્ષમાં અનેક વખત તોડફોડ કરી હોવાનો આક્ષેપ છે. આ સાથે જ આરોપીએ અગાઉ પણ 3 થી 4 વખત તોડફોડ અને મારામારી કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસ કડક હાથે કામ લઈ લુખ્ખાતત્ત્વોને શબક શીખવાડે તેવી પીડિતો અને સ્થાનિકો માગ કરી રહ્યા છે.

# માંકડઆંબા ખાતે 'આદિવાસી વિદ્યાર્થીઓમાં કારકિર્દી માર્ગદર્શન શિબિર યોજાઈ

રાજપીપલા : ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર તથા લોક સહયોગ ટ્રસ્ટ, માંકડઆંબાના સંયુક્ત ઉપક્રમે 'આદિવાસી વિદ્યાર્થીઓમાં કારકિર્દી માર્ગદર્શન શિબિર' સહયોગ છાત્રાલય, માંકડઆંબા ખાતે યોજાઈ ગયો. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી વિદ્યાર્થીઓને ધોરણ 10 કે ધોરણ 12 પછી કયા અભ્યાસક્રમોમાં જઈ શકાય તેમજ સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ કેવા વિષયો પસંદ કરવા જોઈએ તે અંગે જાણકારી આપવાનો છે. આ ઉપરાંત ટેકનિકલ કોર્સ, વ્યાવસાયિક કોર્સ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને વ્યક્તિત્વ વિકાસ અંગે સમજણ આપી જાગૃત કરવાનો છે.

**ભક્તિ, સેવા** સરકારશ્રી દ્વારા આ મેળાને "મિની કુંભ" તરીકે જાહેર

# ભવનાથમાં મહેર સમાજની જગ્યામાં મહાશિવરાત્રી મહોત્સવે ભક્તિ, સેવા અને સંસ્કૃતિનો પાડ્યો ભવ્ય પ્રકાશ

**વીસ હજારથી વધુ ભાવિકોએ ભોજન પ્રસાદીનો લીધો લાભ – ડમરુ યાત્રામાં મહેર રાસડાની રમઝટે મંત્રમુગ્ધ કર્યા દર્શકો**



• ગોસા (ઘેડ), તા. ૨૧

દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ મહાશિવરાત્રી મહા મહોત્સવ નિમિત્તે ભવનાથ પધારતા સર્વે જ્ઞાતિજનોની આગતા-સ્વાગતા અને સુખાકારી માટે શ્રી મહેર સમાજ ભુવન, ભવનાથ ખાતે સુંદર અને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. મેળો માણવા અને ભક્તિના સાગરમાં સ્નાન કરવા પધારેલા જ્ઞાતિજનોએ બહોળી સંખ્યામાં મહેમાનગતિ માણી હતી. શિવરાત્રીના પાવન અવસરે ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમનો અલૌકિક માહોલ સર્જાયો હતો.આ વર્ષે મહેર સમાજ ભુવન ખાતે વર્ષોથી ચાલી આવતી ભોજન પ્રસાદીની પરંપરા યથાવત રાખવામાં આવી હતી. બુંદી, મોહનથાળ, ભજીયા, ખીચડી, શાક, રોટલા, દાળ-ભાત સહિતના પ્રસાદનો આશરે વીસ હજારથી વધુ ભાવિકોએ શ્રદ્ધાપૂર્વક લાભ લીધો હતો. સુવ્યવસ્થિત અન્નક્ષેત્ર અને ભાવભીની સેવાભાવનાએ પધારેલા મહેમાનોને તૃપ્ત કર્યા હતા.ઉપરાંત, આ વર્ષથી તંત્ર દ્વારા રવાડીના રૂટમાં કરવામાં આવેલા ફેરફારને કારણે સમાજ ભુવનની સામે જ રવાડી પસાર થતાં સમાજના મહેમાનોને અત્યંત નજીકથી, શાંતિપૂર્ણ અને આરામદાયક રીતે રવાડીના સમગ્ર સરઘસ તથા પવિત્ર પ્રતિકોના દર્શન કરવાનો દુર્લભ લાભ મળ્યો હતો. વર્ષોથી દૂરથી અલ્પઝલપ દર્શન કરતાં ભાવિકોમાં આ વર્ષે નિરાંતભેર દર્શન થયાનો વિશેષ આનંદ અને ઉમંગ વ્યાપ્યો હતો.સરકારશ્રી દ્વારા આ મેળાને "મિની કુંભ" તરીકે જાહેર કરવામાં આવતા મેળાનાં પ્રારંભે ભવ્ય ડમરુ યાત્રાનું પણ આયોજન થયું હતું. વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, સાધુ-સંતો અને બહોળી સંખ્યામાં ભાવિકજનોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ યાત્રામાં મહેર સમાજના રાસડા ગૃપ, લીરબાઈ નગરની બહેનો તથા ધંધૂસર ગામના મહેર ભાઈઓએ પરંપરાગત મહેર પોશાકમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાસડા અને મણિયારા રાસની રમઝટે સમગ્ર વાતાવરણ ભક્તિમય અને રંગીન બનાવી દીધું હતું.

ડમરુ યાત્રા પૂર્ણ થયા બાદ ભાગ લેનાર બહેનો-ભાઈઓએ મહેર સમાજ ભુવન ખાતે ભોજન પ્રસાદીનો લાભ લીધો હતો. ખાસ કરીને બહેનો મેરાણીના પરંપરાગત વેશભૂષામાં અન્નક્ષેત્રમાં રોટલા ઘડવાની સેવામાં ઉમંગભેર જોડાતા સેવાભાવનો જીવંત દૃશ્ય સર્જાયો હતો.

આ મહાશિવરાત્રી મહોત્સવને સફળ બનાવવા તન-મન-ધનથી સેવા આપનાર સર્વે દાતાશ્રીઓ, કાર્યકર્તાશ્રીઓ, વ્યવસ્થાપકો, અગ્રણીઓ, ટ્રસ્ટીશ્રીઓ તેમજ સહયોગી જ્ઞાતિજનો પ્રત્યે શ્રી મહેર સમાજ ભુવન, ભવનાથ વતી હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

રિપોર્ટર:વિરમભાઈ કે. આગઠ

**મકાનો સીલ કરવાની કાર્યવાહી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહી છે**

# 8 PG સંચાલકોએ લેખિતમાં બાહેંધરી આપતા AMCએ સીલ ખોલી આપ્યા

**વિદ્યાર્થીઓની પરીક્ષા** વિદ્યાર્થીઓની પરીક્ષાઓને ધ્યાનમાં રાખી કામચલાઉ રાહત આપી, PG સંચાલકે કહ્યું- 'એક લાખ લોકો રોડ પર આવી જશે'

• અમદાવાદ :



અમદાવાદ શહેરમાં ખાનગી સોસાયટીમાં આવેલા ફ્લેટ અને મકાનોમાં વિદ્યાર્થીઓ અને નોકરી કરતા લોકોને રહેવા માટે પીજી તરીકે ભાડે આપવામાં આવતા મકાનો સીલ કરવાની કાર્યવાહી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહી છે. બોડકદેવ વોર્ડમાં આવેલા પ્રેમચંદનગર સોસાયટીમાં PG મકાનો સીલ કરી દેવામાં આવ્યા છે. ઉત્તર પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા આ સોસાયટીના રહીશો દ્વારા વિદ્યાર્થીઓની પરીક્ષાને ધ્યાનમાં લઈને સીલ ખોલી આપવા માટે કરેલી રજુઆતને ધ્યાનમાં લઈને ભવિષ્યમાં PG તરીકે ઉપયોગમાં નહીં લેવામાં આવે તેવી રૂ. 300ના સ્ટેમ્પ પેપર પર બાહેંધરી લઈને 8 મકાનોના સીલ ખોલી આપવામાં આવ્યા છે. AMC દ્વારા દંડ વસૂલ કરીને આ સીલ ખોલી આપવામાં આવ્યા છે.AMCએ PGના સીલ ખોલી આપતા સ્થાનિકોનો વિરોધ બીજી તરફ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રેમચંદ નગરમાં મકાનો ખોલી આપવામાં આવ્યા હતા જેને લઈને સ્થાનિક લોકોએ પણ વિરોધ કર્યો હતો. ઢોલ નગારા વગાડી અને સ્થાનિક લોકો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય ઓફિસ દાણાપીઠ ખાતે પીજીના સંચાલકો દ્વારા મ્યુનિસિપલ કમિશનરને મળીને સીલ ન કરવાની કાર્યવાહી અંગેની રજૂઆત કરી હતી જોકે નિયમ મુજબ સીલ કરવાની કાર્યવાહી કરાશે એવું ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરે સ્પષ્ટ જણાવી દીધું હતું.જો આ રીતે પીજી સીલ કરાશે તો એક લાખ લોકો રોડ પર આવી જશે- સોહમ પંડ્યા

પીજી સંચાલકો દ્વારા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને મળીને રજૂઆત કરવામાં આવી હતી. પીજી સંચાલક સોહમ પંડ્યાએ જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અત્યારે હાલમાં પીજી સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે જે હોસ્ટેલના નિયમો પ્રમાણેની કાર્યવાહી કરાય છે. જો પીજી સીલ કરવામાં આવશે તો એક લાખ લોકો રોડ પર આવી જશે. જો પીજીના કારણે ક્યાંક ન્યુસન્સ થતું હોય તો તે પીજી સીલ કરવા જોઈએ પરંતુ બધા જ પીજીને આ રીતે સીલ ન મારવા માટે સંચાલકો દ્વારા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી.પીજી સંચાલકો દ્વારા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રિદ્ધેશ રાવલને રજૂઆત કરવામાં આવી હતી કે, પીજીને લઈને નવા કાયદા બનાવવામાં આવે કોર્પોરેશન દ્વારા સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે હોસ્ટેલ, લૉજ અને બોર્ડિંગને જ પીજી માન્ય ગણવામાં આવશે અને આ પ્રકારના કાયદાનું અમલ ન કરવામાં આવે તો આગામી સમયમાં પણ રહેણાંક મકાનમાં ચાલતા પીજીને સીલ મારવાની કાર્યવાહી શરૂ રાખવામાં આવશે.

# ડભોઈ તાલુકાના વઢવાણા વેટલેન્ડનું અણમોલ ઘરેણું પક્ષીઓ માટે કુદરતી આશીર્વાદ સમાન

• ફકીરા ખત્રી ડભોઈ





ડભોઈ તાલુકાના વઢવાણા વેટલેન્ડનું અણમોલ ઘરેણું પક્ષીઓ માટે કુદરતી આશીર્વાદ સમાન વિરલ 'પીપર'નું વૃક્ષ ડભોઈ મધ્ય ગુજરાતના પ્રખ્યાત પક્ષી અભયારણ્ય વઢવાણા વેટલેન્ડમાં માત્ર પક્ષીઓ જ નહીં, પણ વનસ્પતિ સૃષ્ટિની દ્રષ્ટિએ પણ એક અનોખી વિરાસત જોવા મળી છે. અહીં પૌરાણિક અને દુર્લભ ગણાતું પીપરનું વિશાળ વૃક્ષ જોવા મળ્યું છે જે હાલના સમયમાં ખૂબ જ ઓછી જગ્યાએ જોવા મળે છે. આ વૃક્ષ અહીં આવતા હજારો દેશ-વિદેશના પક્ષીઓ માટે જીવનરક્ષક અને આહારનો મુખ્ય સ્ત્રોત બની રહ્યું છે.

પીપર:પ્રાચીન વિરાસત અને પક્ષીઓનું ભાણું

પહેલાના જમાનામાં લોકો પીપરના વૃક્ષો ખાસ રોપતા હતા, કારણ કે આ વૃક્ષનો ઘેરાવો અને તેની ઊંચાઈ અતિ વિશાળ હોય છે. પીપરના વૃક્ષની ખાસિયતો કુદરતી ખોરાક: આ વૃક્ષ પર આવતા લાલ-કાળા નાના ફળો પક્ષીઓનો પ્રિય ખોરાક છે વિશાળ છાયડો: તેનો મોટો ઘેરાવો પક્ષીઓને સુરક્ષિત આશ્રયસ્થાન અને માળો બાંધવા માટે આદર્શ જગ્યા પૂરી પાડે છેપર્યાવરણીય મહત્વ:પીપરનું વૃક્ષ લાંબુ આયુષ્ય ધરાવે છે અને વાતાવરણને શુદ્ધ રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે.

યાયાવર પક્ષીઓ માટે આશીર્વાદરૂપ

વઢવાણામાં દર વર્ષે હજારો કિલોમીટર કાપીને આવતા વિદેશી પક્ષીઓ માટે આ પીપરનું વૃક્ષ એક 'કુદરતી રેસ્ટોરન્ટ' જેવું કામ કરે છે. જ્યારે અન્ય જગ્યાએ ખોરાકની અછત હોય, ત્યારે આ વૃક્ષના ફળો પક્ષીઓને પોષણ પૂરું પાડે છે. પક્ષી નિષ્ણાતોના મતે, આવા જૂના અને મોટા વૃક્ષો જ વેટલેન્ડની જૈવવિવિધતાને ટકાવી રાખે છેલુપ્ત થતી પ્રજાતિનું જતન જરૂરી આજે જ્યારે કોંક્રિટના જંગલો વધી રહ્યા છે, ત્યારે પીપર જેવા ઉપયોગી વૃક્ષો હવે જૂજ સંખ્યામાં જ જોવા મળે છે. વઢવાણા વેટલેન્ડમાં આ વૃક્ષની હાજરી એ કુદરત પ્રેમીઓ માટે આનંદના સમાચાર છે. સ્થાનિકો અને પ્રકૃતિ પ્રેમીઓની માંગ છે કે તંત્ર દ્વારા આ અમૂલ્ય વૃક્ષનું ખાસ જતન કરવામાં આવે જેથી આવનારી પેઢી અને પક્ષીઓ તેનો લાભ લઈ શકે વઢવાણા આવતા પર્યટકો માટે પણ આ વિશાળકાય પીપરનું વૃક્ષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તેની ઘટાદાર ડાળીઓ અને પક્ષીઓનો કલરવ કુદરતી શાંતિનો અનુભવ કરાવે છે.

# ચોરીના આરોપમાં યુવકને લાકડીથી ઢોર માર, વીડિયો વાઈરલ થતાં પોલીસે તપાસ શરૂ કરી


• અમદાવાદ :



યુવકને લાકડી અને દંડાથી ઢોર માર મારતો હોય એવો વીડિયો સોશિયલ મીડિયામાં ફરતો થયો છે. આ વીડિયો અમદાવાદના નારોલના પીપળજ ગામનો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જેમાં એક ઈસમ હાથમાં લાકડીને લઈને બેફામ રીતે કથિત ચોરીના દાવા સાથે એક યુવકને નિર્દયતાથી માર મારી રહ્યો છે, બચવા માટે યુવક 'એ ભાઈ, એ ચેતનભાઈ જાને દો, જાને દો'ની બૂમ પાડી રહ્યો હતો. મહત્ત્વનું છે કે, આ વીડિયો વાઈરલ થતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, આ ઘટના નારોલના પીપળજ ગામમાં બની હતી. માર ખાનાર યુવક પર ટાયર સહિતની અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી હોવાનો આક્ષેપ લગાવવામાં આવ્યો હતો. તે પછી કેટલાક લોકોએ કાયદો હાથમાં લઈને યુવકને લાકડીના દંડા વડે જાહેરમાં ઢોર માર માર્યો હતો.આ વીડિયોના આધારે અમદાવાદ પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક અનુમાન મુજબ, આ વીડિયો આશરે એક મહિનો જૂનો હોવાનું માનવામાં આવે છે. જો કે, આ વીડિયોની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ પોલીસે વીડિયોમાં દેખાતા લોકોની ઓળખ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી છે.

# બાવળામાં શૈક્ષિક મહાસંઘે વહીવટી અધિકારીઓની મુલાકાત લીધી : SIR પ્રક્રિયામાં સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો



• અમદાવાદ

અમદાવાદ જિલ્લાના બાવળામાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના તાલુકા એકમે સ્થાનિક વહીવટી અધિકારીઓની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ SIR પ્રક્રિયામાં મળેલા સહકાર બદલ આભાર વ્યક્ત કરવાનો હતો. મહાસંઘના પ્રતિનિધિમંડળમાં પ્રાંત પ્રકોષ્ઠના યોગેન્દ્રભાઈ સુરાણી, સંગઠનના પ્રમુખ વિજયભાઈ જાદવ, મહામંત્રી બિપિનભાઈ પ્રજાપતિ, સંગઠન મંત્રી, ઉપપ્રમુખ અને અન્ય હોદ્દેદારો સામેલ હતા. તેમણે બાવળાના મામલતદાર, નાયબ મામલતદાર અને ચીફ ઓફિસર સાથે રૂબરૂ મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન, સંગઠન દ્વારા અધિકારીઓને સંસ્થાની માર્ગદર્શિકા પુસ્તિકા અને નવા વર્ષનું કેલેન્ડર ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યા હતા.

**સિવિલમાં શાહરૂખને ટોઈલેટ કરાવ્યું ને 21 લાખનું સોનું નીકળ્યું**

# અબુ ધાબીથી આવેલા પેસેન્જરના શરીર માંથી 135 ગ્રામ સોનાની ત્રણ કેપ્સ્યુલ મળી

• અમદાવાદ

અબુ ધાબીથી અમદાવાદ આવેલી એર અરેબિયા ફ્લાઈટમાં આવેલા શાહરૂખ નામના પેસેન્જરના શરીરમાંથી 21 લાખથી વધુની કિંમતની સોનાની કેપ્સ્યુલ કસ્ટમ વિભાગના એર ઈન્ટલિજન્ટ યુનિટ દ્વારા કબજે કરવામાં આવી છે. આ અગાઉ યુગાન્ડાની મહિલાના શરીરમાં છુપાવેલી હેરોઈન ભરેલી 79 કેપ્સ્યુલ કબજે કરવામાં આવી હતી. આ કેસમાં તાજેતરમાં જ કોર્ટ દ્વારા મહિલા આરોપીને વીસ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ત્યાં વળી આવો જ કેસ કસ્ટમ વિભાગના અધિકારીઓએ પકડી પાડ્યો છે. 19 ફેબ્રુઆરી 2026ના રોજ અમદાવાદ કસ્ટમ્સના AIU અધિકારીઓએ પ્રોફાઈલિંગના આધારે ભારતીય પાસપોર્ટ ધરાવતા અને એર અરેબિયા ફ્લાઈટ નં. 3L 111 દ્વારા અબુ ધાબીથી અમદાવાદ આવી રહેલા શાહરૂખ નામના એક પેસેન્જરને અટકાવ્યો હતો. તેની પૂછપરછમાં પેસેન્જરે કબૂલ્યું છે કે તેણે ગળીને તેના શરીરમાં સોનાને કેપસ્યુલ છુપાવી હતી.

ત્યારબાદ તેને 19મી ફેબ્રુઆરીના રોજ જ અમદાવાદના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ શરીરમાં છુપાયેલા પદાર્થો શોધી શકાય તે માટે મુસાફરને અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો.

સિવિલ હોસ્પિટલમાં, મળ પસાર કરાવતી વખતે ડૉક્ટરને મુસાફરના શરીરમાંથી પીળા રંગની 3 નળાકાર કેપ્સ્યુલ અને 1 ગોળાકાર આકારના સ્ટીલ કલરનો બોલ છુપાવેલો જોવા મળ્યો. સિવિલ હોસ્પિટલ, અમદાવાદે 21 ફેબ્રુઆરીના રોજ મેડિકલ રિપોર્ટ દ્વારા આ છુપાવેલા માલની માહિતી આપી અને મુસાફરને ડિસ્ચાર્જ કર્યો હતો.

ત્યાર બાદ પેસેન્જરના શરીરમાંથી મલેલા માલનું મૂલ્યાંકન કરવામાં આવ્યું અને પ્રમાણપત્ર રજૂ કર્યું. જેમાં પ્રમાણિત કરવામાં આવ્યું કે 3 ત્રણ નળાકાર આકારના કેપ્સ્યુલની ધાતુ 135.200 ગ્રામ વજનની સોનાની છે, જેની શુદ્ધતા 999.0 /24 કેરટની છે, તેની બજાર કિંમત રૂ. 21 લાખ 89 હજાર 564 થાય છે અને ટેરિફ મૂલ્ય રૂ. 20 લાખ 17 હજાર 801 છે.જ્યારે ચોથી ગોળાકાર કેપ્સ્યુલ ફેરસ ધાતુનું બનેલી હોવાનું જાણવા મળ્યું હતું. તેથી, કસ્ટમ્સ એક્ટ, 1962ની જોગવાઈઓ હેઠળ તેને જપ્ત કરવામાં આવ્યું હતું કારણ કે તેને કસ્ટમ્સને જાહેર કર્યા વિના શરીરમાં છુપાવીને ભારતમાં દાણચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ અંગેની વધુ તપાસ ચાલુ છે. 9 ફેબ્રુઆરી, 2026ના રોજ અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે દુબઈથી આવેલા એક શખસ પાસેથી કુલ 96 લાખ રૂપિયાનું સોનું ઝડપ્યું હતું. આ શખસે દાણચોરી માટે ચાલાકીપૂર્વક તેના અન્ડરવેરમાં 45 લાખની કિંમતનું સોનું પેસ્ટ સ્વરૂપે છુપાવ્યું હતું, જે જોતાં પહેલી નજરે સામાન્ય કાપડ જેવું જ દેખાતું હતું, પરંતુ કસ્ટમ્સ વિભાગને એરપોર્ટ પર શખસની શંકાસ્પદ હિલચાલના આધારે તેની તપાસ કરતાં આ અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો હતો અને અધિકારીઓ પણ સોનાને છુપાવવાની આ પદ્ધતિ અને સંપૂર્ણ સોનાનું અંડરવેર જોઈને દંગ રહી ગયા હતા.


### 16 લાખ મોકલો નહીં તો પોલીસ ઉઠાવી જશેઃ બેંકમાં પૈસા ઉપાડવા જતા ભાંડો ફૂટ્યો

# 538 કરોડના મની લોન્ડરિંગ કેસના નામે સિનિયર સિટીઝનને 5 દિવસ ડિજિટલ અરેસ્ટ રાખ્યા

## 16 ફેબ્રુઆરી, 2026ના રોજ બપોરે આ સિનિયર સિટીઝનને TRAI દિલ્હી તરફથી રામ મિશ્રા નામના વ્યક્તિનો કોલ આવ્યો હતો

• વડોદરા

વડોદરા તાલુકા પોલીસે એક નિવૃત્ત સિનિયર સિટીઝનને મોટા સાયબર ફ્રોડથી બચાવ્યા છે. સાયબર ઠગોએ સિનિયર સિટીઝનને ખોટા મની લોન્ડરિંગ કેસના નામે વ્યક્તિને 5 દિવસ સુધી ડિજિટલ અરેસ્ટમાં રાખ્યા હતા અને માનસિક રીતે તોડી નાખીને 16 લાખ રૂપિયાની માંગણી કરી હતી. સિનિયર સિટીઝન બેંકમાં 20 લાખ રૂપિયાની FD તોડાવવા ગયા હતા, ત્યારે બેંક મેનેજરને શંકા જતા તેઓએ પોલીસને જાણ કરી હતી અને પોલીસે સિનિયર સિટીઝન સાથે ફ્રોડ થતું બચાવી લીધું હતું. જેથી સિનિયરસિટીઝનની દીકરીએ પોલીસનો ભાર માન્યો હતો.16 ફેબ્રુઆરી, 2026ના રોજ બપોરે આ સિનિયર સિટીઝનને TRAI દિલ્હી તરફથી રામ મિશ્રા નામના વ્યક્તિનો કોલ આવ્યો હતો. તેમણે પૂછ્યું કે તમારા નામે કેટલા સિમ કાર્ડ છે, અને તમારા સિમ કાર્ડનો ખોટો ઉપયોગ થયો છે. ત્યારબાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના નામે સંદીપ રાવ નામના ઓફિસરે વોટ્સએપ વીડિયો કોલ કરીને જણાવ્યું હતું કે, જેટ એરવેઝના CEO નરેશ ગોયલ પર 538 કરોડના મની લોન્ડરિંગનો કેસ છે. તેમના ઘરેથી મળેલા ATM કાર્ડમાંથી તમારું કેનેરા બેંકનું એક કાર્ડ મળ્યું છે, જેમાંથી 20 લાખ રૂપિયા તમારા ખાતામાં કમિશન તરીકે જમા થયા છે.ઠગોએ બનાવટી સુપ્રીમ કોર્ટ અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના દસ્તાવેજોના ફોટા મોકલીને વ્યક્તિને માનસિક રીતે ત્રાસ આપ્યો હતો અને 5 દિવસ સુધી ડિજિટલ અરેસ્ટમાં રાખ્યા હતા. તેમને કહ્યું હતું કે, જો મની લોન્ડરિંગ કેસમાંથી બચવું હોય તો 16 લાખ રૂપિયા તાત્કાલિક RTGS દ્વારા આનંદ ફાઈનાન્સ બેંક, ગુડગાંવના ખાતામાં મોકલી દો. નહીં તો ઘરે પોલીસ મોકલીને અરેસ્ટ કરી જેલમાં ધકેલી દેવાશે તેવી ધમકીઓ આપી હતી.આ દરમિયાન ઠગોએ સતત વીડિયો કોલ અને ફોન ચાલુ રાખ્યા હતા. તેઓએ સિનિયર સિટીઝનને ઈન્ડસઈન્ડ બેંક, ભાયલી બ્રાન્ચમાં તેમની 20 લાખની રૂપિયાની FD તોડાવવા મોકલ્યા હતા અને તેમાંથી 16 લાખ ટ્રાન્સફર કરાવવાનું કહ્યું હતું. બેંક મેનેજરે આટલી મોટી રકમ એકસાથે ટ્રાન્સફર કરવાનું જોઈને શંકા કરી હતી અને વ્યક્તિને પૂછતા તેઓ ગભરાયેલા અને વીડિયો કોલ પર સતત વાત કરતા જોવા મળ્યા હતા. મેનેજરે તાત્કાલિક વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનને જાણ કરી હતી.RTGS ટ્રાન્સફરને અટકાવી ઠગોના ખાતામાં પૈસા જતા અટકાવ્યાવડોદરા તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ. ટાંકના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક સ્ટાફ મોકલીને સિનિયર સિટીઝનને બેંકમાંથી પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા.



• સંક્ષીપ્ત સમાચાર

### ઘેડ માટેના 1500 કરોડ ક્યાં ગયા?:કિસાન કોંગ્રેસના ચેરમેન પાલ આંબલિયાના સવાલો

રાજ્યના બજેટમાં એક વર્ષ પહેલાં ઘેડ વિસ્તારના વિકાસ અને કાયમી નિરાકરણ માટે 1500 કરોડ રૂપિયાની ફાળવણી જાહેર કરવામાં આવી હતી. એક વર્ષ પૂર્ણ થવા છતાં હકીકતમાં કેટલો ખર્ચ થયો અને કેટલા કામો પૂર્ણ થયા તેની સ્પષ્ટ માહિતી જાહેર ન થતા કિસાન કોંગ્રેસના ચેરમેન પાલ આંબલિયાએ સરકાર સામે તીખી પ્રતિક્રિયા આપી છે. ઘેડના વિકાસ માટે જાહેર કરાયેલા 1500 કરોડનો હિસાબ આપો- પાલ આંબલિયા

પાલ આંબલિયાએ જણાવ્યું કે 1500 કરોડમાંથી કેટલા રૂપિયા વપરાયા, કેટલા રૂપિયાની સૈદ્ધાંતિક અને વહીવટી મંજૂરી અપાઈ, કેટલા કામો માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ અને ગયા વર્ષે કેટલા કામો જમીન પર પૂર્ણ થયા તેની વિગત જાહેર કરવી જોઈએ. તેમણે વધુમાં પૂછ્યું કે ગયા વર્ષે શરૂ કરાયેલા કામોમાંથી કેટલા કામો આ વર્ષે પણ ચાલુ છે, ચાલુ વર્ષે કેટલા નવા કામો શરૂ કરાયા અને બાકી રહેલા કામો ક્યાં સુધી પૂર્ણ થશે.તેમણે કહ્યું કે ઘેડ વિસ્તારનો પ્રાણ પ્રશ્ન વર્ષોથી યથાવત છે અને માત્ર બજેટની જાહેરાતોથી લોકોના પ્રશ્નો હલ થતા નથી. "એક વર્ષ બાદ ઘેડવાસીઓ જાણવા માંગે છે.

### રાજકોટ ભાજપનો અઢી વર્ષનો કાર્યકાળ વિવાદોથી ઘેરાયેલો

# મેયરનો મહાકુંભ પ્રવાસ, પતિનું ગેરકાયદે બાંધકામ; આવાસ કૌભાંડમાં બે નગરસેવક સસ્પેન્ડ, શિસ્ત-સંસ્કારી પાર્ટીના જૂથવાદે લીરા ઉડાવ્યાં

## રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીઓને હવે ગણતરીના દિવસો જ બાકી છે. ભાજપના વર્તમાન શાસકોનો કાર્યકાળ 11 માર્ચ, 2026ના રોજ પૂર્ણ થઈ રહ્યો છે

• રાજકોટ

પ્રતિષ્ઠા, શિસ્ત અને સંસ્કાર સાથે એકજૂથ થઈને કામ કરવાની નીતિની છાપ ધરાવતી ભાજપ પાર્ટીની સ્થિતિ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં કંઈક અલગ જ જોવા મળી રહી છે. રાજકોટ મહાનગરપાલિકાના અઢી વર્ષના કાર્યકાળમાં શહેરના પ્રથમ નાગરિક એવા મેયર સૌથી વધુ વિવાદોમાં રહ્યા છે, જે અંગે તેમણે પોતે પણ પ્રદેશ કક્ષાએ ફરિયાદ કરી હતી. મહિલા મેયર નયનાબેન પેઢડિયાને આંતરિક જૂથવાદ વધુ નડ્યો હોય તેમ જણાય છે, પછી ભલે તે તેમનો મહાકુંભનો પ્રવાસ હોય કે તેમના પતિ દ્વારા થયેલું ગેરકાયદે બાંધકામ. રાજકોટ ભાજપમાં વ્યાપેલો આ આંતરિક જૂથવાદ આગામી ચૂંટણીમાં પાર્ટીને કેટલો ભારે પડશે, તે તો સમય જ કહેશે!

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીઓને હવે ગણતરીના દિવસો જ બાકી છે. ભાજપના વર્તમાન શાસકોનો કાર્યકાળ 11 માર્ચ, 2026ના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. જોકે, છેલ્લા અઢી વર્ષ દરમિયાન મેયર નયના પેઢડિયા સહિતના મહિલા કોર્પોરેટરો સતત વિવાદોમાં રહ્યા છે. ખાસ કરીને મેયરનો મહાકુંભ પ્રવાસ અને તેમના પતિ દ્વારા થયેલું ગેરકાયદે બાંધકામ છેલ્લે સુધી ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે. તાજેતરમાં મળેલી સંકલન બેઠકમાં મેયર નયનાબેન પેઢડિયાએ માત્ર મહિલા કોર્પોરેટરોનો આભાર માનતા પુરુષ કોર્પોરેટરો રોષે ભરાયા હતા. જોકે ત્યાં દિગ્ગજોની હાજરીના કારણે વધુ એક વિવાદ અટક્યો હતો. આ સિવાય શાસક પક્ષના નેતાએ કરેલી દ્વારિકા અને સોમનાથ જાત્રા પણ વિવાદમાં આવતા લીલુબેન મીડિયા સમક્ષ ભાવુક થયા હતા. તો વજીબેન ગોલતર અને દેવુબેન જાદવના પતિદેવોએ આવાસ ફાળવણીમાં કૌભાંડ કર્યાનું ખુલતા બંને નગરસેવકોને તો પક્ષે સસ્પેન્ડ કરવા પડ્યા હતા.મેયર મહાકુંભમાં સરકારી ગાડી લઈને ગયાં તે સમયની તસવીર. રાજકોટ મહાપાલિકામાં સૌથી ઊંચો હોદો ધરાવતા મેયર નયનાબેન પેઢડિયા વિવાદમાં પણ સૌથી વધુ આગળ રહ્યા છે.



### એક વર્ષ જૂની અદાવતે ધીંગાણુંઃભાવનગરના નેસવડ ગામે ડીજે બંધ કરાવવા મામલે યુવાન પર બે શખસનો જીવલેણ હુમલો

• ભાવનગર

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના નેસવડ ગામે એક વર્ષ પેહલાં 'ડીજે' બંધ કરાવવાની અદાવતમાં બે શખસે એક યુવાન પર લાકડી અને લોખંડની સળિયા વડે હુમલો કર્યો હતો. યુવાનને હાથની આંગળીમાં ફેક્ચર અને શરીરે મુઢ માર વાગતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યાં સારવાર બાદ તેણે વરતેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ બનાવ અંગે વરતેજ પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર, નેસવડ ગામમાં રહેતા અને ખેતી તથા શાકભાજીના વ્યવસાય સાથે સંકળાયેલા વિજય જગાભાઈ ડાભી (ઉં.વ.40)એ પોલીસ ફ રિયાદ હતી કે, આજથી એક વર્ષ પહેલા વિજયના કાકાના દીકરા આકાશના લગ્નમાં ગામના જ લાલજી વલ્લભભાઈ ડાભીએ 100 નંબર પર ફોન કરી ડીજે બંધ કરાવ્યું હતું. જેની અદાવત માં ગત 4 જાન્યુઆરીના રોજ જ્યારે લાલજીના ભાઈના લગ્ન હતા, ત્યારે વિજયના પરિવાર તરફથી 112 નંબર પર ફોન કરી ડીજે બંધ કરાવવામાં આવ્યું હતું. આ બાબતે બંને પરિવારો વચ્ચે એ કબીજાના પ્ર સંગોમાં ડીજે બંધ કરાવતા તણાવ ઉભો થયો હતો. જે બાદ ગતરોજ સમાધાનના પ્રયાસો કર્યા હતા પણ સમાધાન થયું ન હતું.વ હે લી સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં વિજય જ્યારે અન્ય ગ્રામ જનો સાથે લોડિંગ વાહનમાં શાકભાજી ભરીને ચિત્રા યાર્ડ જઈ રહ્યા હતા, ત્યારે દરિયાઈ વેણ વાળા નાળા પાસે લાલજી વલ્લભભાઈ ડાભી અને તેના કાકા ડીગા નારણભાઈ ડાભીએ મોટરસાયકલ આડું નાખી વાહન રોકી લાકડી અને લોખંડની સોટી વડે ગાડીના કાચ ફોડી વિજયને આડેધડ માર મારવા લાગ્યા હતાં.

### 'આ કેવો દોર છે, નેતા ચોર છે ':જસ્ટિસ ફોર જંગલેશ્વર સોંગ વાઇરલ

# રાજકોટમાં લોકોએ ભારે હૈયેઘરો તોડ્યા,કહ્યું રમઝાન માસ બાદ થયું હોત તો સારૂં હતું

• રાજકોટ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 23 ફેબ્રુઆરીએ જંગલેશ્વર વિસ્તારમાં 1489 મકાનનું ડિમોલિશન કરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા તમામ જરૂરી તૈયારીઓ કરી લેવામાં આવી છે. આખા વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.જંગલેશ્વરમાં પોતાનું મકાન ગુમાવનાર રેપર ચાંદમિયાએ એક રેપ સોંગ બનાવી પોતાનો રોષ વ્યકત કર્યો છે. જેના શબ્દો છે કે, 'આ કેવો દોર છે, નેતા ચોર છે, ગરીબના ઘર માથે જ કેમ નીકળે રોડ છે'. દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં ચાંદમિયાએ કહ્યું કે, રમઝાનમાં ઘરે ઘરે માતમ છે, મારૂ સોંગ સાંભળીને કોઈ નેતા ઘર ન આપો તો કાંઈ નહીં સમય આપે તેવી મારી વિનંતી છે.

આ ડિમોલિશનને લઈ દિવ્યભાસ્કરની ટીમે આજે આ વિસ્તારની મુલાકાત લીધી હતી. જેમાં આશ્ચર્યજનક દ્રશ્યો જોવા મળ્યા હતા. અત્યાર સુધી અહીંનાં લોકોમાં તંત્રના ડિમોલિશનનાં નિર્ણયને લઈને રોષ જોવા મળ્યો હતો.જોકે આજે જાણે લોકોએ પણ આ નિર્ણયને મને-કમને સ્વીકારી લીધું હોય તેવું લાગતું હતું. અને અનેક લોકો ભારે હૈયે જાતે જ પોતાના મકાન અને દુકાનને હાથોડા તેમજ ડ્રિલિંગ મશીનથી તોડતા અને પાડતા જોવા મળ્યા હતાં. દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં લોકોએ જણાવ્યું હતું કે, તંત્રને અમારો સહયોગ છે, પણ રમઝાન માસ બાદ થયું હોત તો સારૂ હતું.

આ ડિમોલિશન માટે 7 રૂટમાં પોલીસ અને કોર્પોરેશનના અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. ગઈકાલથી જ જંગલેશ્વર વિસ્તારમાં આજી નદી પટ્ટા તથા ટી.પી. રોડ પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિશાળ સ્તરે તબક્કાવાર કામગીરીનો પ્રારંભ કરી દેવાયો હતો. જેમાં સાંજ(21 ફેબ્રુઆરીની) સુધીમાં 224થી વધારે રહેવાસીઓએ સ્વૈચ્છિક રીતે ઘર ખાલી કર્યા હતા.જંગલેશ્વર વિસ્તારમાં પહોંચી ત્યારે દરેક ચોકમાં પોલીસ અને મહાપાલિકાનાં અધિકારીઓનો ચુસ્ત બંદોબસ્ત જોવા મળ્યો હતો. તો સાથે જ 500 કરતા વધુ લોકો હાથોડા અને ડ્રિલ જેવા સાધનો વડે જાતે જ પોતાના મકાનો તોડતા અને પાડતા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

### મવડી પાળ રોડ પર કારમાંથી યુવાનનો મૃતદેહ મળ્યોઃમૃતકે ઝેરી દવા પીધી હોવાનું અનુમાન

• રાજકોટ

રાજકોટમાં મવડી પાળ રોડ પર ગોલ ટ્વીન બિલ્ડીંગ પાસે પાર્ક કરેલી કારમાંથી યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. છેલ્લા બે દિવસથી કાર ત્યાં પાર્ક કરેલી હતી. દુર્ગંધ આવતા આ બાબતે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી 108 એમ્બ્યુલન્સ મારફત મૃતદેહ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. કાર નંબરના આધારે મૃતકની ઓળખ મેળવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ઝેરી દવા પીધી હોવાનું સામે આવ્યું છે. જોકે, વધુ તપાસ ચાલુ છેરાજકોટ શહેરના નવા ગામમાં રહેતો અને ડ્રાઈવિંગ કરતો 30 વર્ષીય દર્પણ યોગેશ કાગદડા રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચના હાથે બે વખત વિદેશી દારૂના ગુનામાં ઝડપાઈ ચુક્યો છે અને તેની સામે રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન, ગોંડલ અને અમદાવાદ ગ્રામ્યના બગોદરા પોલીસ સ્ટેશનમાં ગૂનો નોંધાઈ ચૂક્યો છે. જેથી રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપી વિરુદ્ધ પાસા દરખાસ્ત પોલીસ કમિશનરને કરવામાં આવેલી હતી. જે મંજૂર થતા આરોપીને પાસા હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.રાજકોટ - અમદાવાદ હાઈવે પર માલીયાસણ પાસે પગપાળા રસ્તો ઓળંગતા પરપ્રાંતીય યુવાનને પૂરપાટ ઝડપે જતી કારે હડફેટે લીધો હતો. જેથી તેનું લોહીલુહાણ હાલતમાં ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતુ. મૂળ તમિલનાડુના અને રાજકોટના માલીયાસણમાં રહી પ્રાઈવેટ નોકરી કરતા રઘુપતિ વેગડુસ્વામી ચટ્ટીયારે કુવાડવા પોલીસ મથકમાં સ્વીફ્ટ ફોર વ્હીલ(GJ-03-PA-2900) ના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

### 8 વર્ષ બાદ મહંત સ્વામીનું ભાવનગરમાં ભવ્ય આગમન

# અબુધાબી અને રોબિન્સવિલમાં ભવ્ય મંદિરોનું સર્જન કરી મહંત સ્વામીની ભાવેણાની ધરતી પર પધરામણી થશે

• ભાવનગર

BAPS વડા મહંત સ્વામી મહારાજ ભાવનગરમાં 8 વર્ષનાં લાંબા અંતરાલ બાદ સ્વામી ભાવનગર ખાતે પધારી રહ્યા હોય સંતો, હરિભક્તો અને નગરજનોમાં અનેરો ઉત્સાહ દેખાય રહ્યો છે અને ભાવનગર BAPS સ્વામિનારાયણ મંદિર, અક્ષરવાડીને 20 વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોય 'ભાવનગર મંદિર દ્વિદશાબ્દિ મહોત્સવ'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવો અનુસંધાને ભાવનગર અક્ષરવાડી ખાતે આજે રવિવારના રોજ શહેરના મહાનુભાવો અને આજુબાજુનાં ગામનાં સરપંચો સહિત અનેક ભાવિક ભક્તો અને સાથે શહેરના તમામ પ્રેસ મીડિયા પરિવારનાં મિત્રોનું સંમેલન રાખવામાં આવ્યું હતું, રવિવારે રાખવામાં આવેલ આ સંમેલનમાં 300થી ઉપરાંતની સંખ્યામાં મહાનુભાવોનું સ્વાગત બાદ સારંગપુરથી પધારેલ સંસ્થાનાં વિદ્વાન સંત જ્ઞાનનયન સ્વામી દ્વારા મહંત સ્વામિ મહારાજ અને સંસ્થાનાં વિશિષ્ટ કાર્યો વિશે સુંદર અને પ્રવચન અને અંતમાં અક્ષરવાડીનાં વરિષ્ઠ સંત સોમપ્રકાશ સ્વામી દ્વારા ઉત્સવો માટે સૌને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.



સારંગપુરથી પધારેલ સંસ્થાનાં વિદ્વાન સંત જ્ઞાનનયન સ્વામીએ જણાવ્યું હતું કે, આ 8 વર્ષના અંતરાલમાં એમણે યુગવર્તી કાર્યો કર્યા, એ સંપન્ન કરીને આવે છે અબુધાબીની અંદર જે BAPS હિન્દુ મંદિર શોભી રહ્યું છે, એ બનાવીને આવે છે રોબિન્સવિલની અંદર ભારતની બહાર દુનિયાનું બીજા નંબરનું સૌથી મોટું હિન્દુ મંદિર, એનું દુનિયાને પ્રદાન કરીને મહંત સ્વામી મહારાજ ભાવનગરના આંગણે પધારે છે એટલે બધા હરિભક્તોને પણ ખૂબ ઉત્સાહ છે, બધા ભાવિકોને પણ એમને વધાવવાનો ખૂબ આનંદ છે.

2 એપ્રિલે સ્વામીનું આગમન થશે અને એક નાની આગમનની સભા છે. અને પછી 15 એપ્રિલ સુધી એ અહીંયા રોકાવાના છે અને બધા જુદા જુદા પ્રેરક કાર્યક્રમો થવાના છે. સાથે સાથે એમને વધાવવા માટે પણ બધા અનેક પ્રકારના આયોજનો ચાલી રહ્યા છે. ઘણા બધા લોકો તપ, વ્રત, ઉપવાસ કરી રહ્યા છે. નાના-નાના બાળકો વ્યસન મુક્તિ કરાવી રહ્યા છે. અત્યારે બાળકોના બધા વૃંદ ફરે છે અને મહંત સ્વામી મહારાજનું આગમન થવાનું છે એ નિમિત્તે ગલીએ ગલીએ જઈને, દુકાને દુકાને જઈને, જેને કોઈને પણ નાનું મોટું વ્યસન હોય તમાકુ વગેરેનું, એને છોડાવવા માટે નાના-નાના બાળકો પ્રેરણા આપે છે અને બધાને વ્યસન છોડાવે છે. બધા નાના-નાના બાળકો-બાલિકાઓ હોસ્પિટલમાં જઈને જે દર્દીઓ હોય એ જલ્દી સાજા થઈ જાય એના માટે ભગવાનને પ્રાર્થના કરે છે. આ મહંત સ્વામી મહારાજના આગમન નિમિત્તે. તો આવા પણ અનેક પ્રકારના કાર્યક્રમો થઈ રહ્યા છે. ભાવનગરના બધા જ પ્રજાજનો માટે એક સંદેશ છે કે સંત આપણે ભાવનગરના આંગણે પધારી રહ્યા છે. ભાગવતમાં સંતનો મહિમા કહેતા કહ્યું કે, 'સાધુનામ દર્શનમ પુણ્યમ, તીર્થભૂતા હી સાધવઃ'. આવા સંત સાક્ષાત એ તીર્થ સ્વરૂપ હોય છે, તો એમના દર્શન કરવા માટે પધારવા સમસ્ત ભાવનગરની જનતાને ભાવભર્યું હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# જાફરાબાદના હેમાળ ગામે,માનવસેવા અર્થેતા. આજે,'આંતરરાષ્ટ્રીય મહારક્તદાન કેમ્પ' યોજયો

• જાફરાબાદ

જાફરાબાદ રાજુલા ના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ની બલડ ડોનેશન કેમ્પ મા ખાસ ઉપસ્થિત હેમાળ ગામ ખાતે યોજાયેલ આ બ્લડ ડોનેશન કેમ્પમાં 113 બોટલ બ્લડ એકત્રીસ થયુ ભગવાન સ્વામિનારાયણે ધોલેરામાં મદનમોહનજી મહારાજની સ્થાપના કરી તેના ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોઈ તે ઉપલક્ષમાં જાફરાબાદના હેમાળ ગામે શાળા ખાતે માનવસેવાલક્ષી 'આંતરરાષ્ટ્રીય મહા રક્તદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૨૨/૨/

દેશ-વિદેશમાં વસતા ભક્તો દ્વારા અનેક ધાર્મિક ઉત્સવ અને અનુષ્ઠાન ઉપરાંત માનવસેવાલક્ષી કાર્યોના ભાગરૂપે આ આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન કેમ્પ તા. ૨૨/૨/૨૦૨૬ ને રવિવાર ના રોજ એક સાથે, એક સમયે રક્તદાન કેમ્પનું આયોજન થયું હતું

જેમાં હેમાળ ઉપરાંત સુરત, વલસાડ, નવસારી, બારડોલી, અંકલેશ્વર, નર્મદા, ભરૂચ, વડોદરા, ગોધરા, આણંદ, ખેડા, અમદાવાદ, બોટાદ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, રાજકોટ, જામનગર તેમજ મુંબઈ અને પૂના સહિતના અનેક શહેરોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એ રકતદાન કરયુ,

ધોલેરા મદનમોહનજી મહારાજના ૨૦૦ વર્ષની ઉજવણી નિમિત્તે આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી આયોજન કરવામાં આવયુ,





### સામસામે ધડાકાભેર અથડાતાં બુકડો બોલાયો, પત્ની સહિત ત્રણ મહિલા અને અન્ય કારચાલક ઈજાગ્રસ્ત

# દહેગામ-મગોડી હાઈવે પર બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત, એકનું મોત

• ગાંધીનગર

દહેગામ-મગોડી હાઈવે પર નાયરા પેટ્રોલ પંપ નજીક આજે બે કાર વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મૂળ પ્રાંતિજના એક 27 વર્ષીય યુવાનનું કરૂણ મોત નીપજ્યું છે. અકસ્માત એટલો ભયાનક હતો કે કારની એરબેગ્સ ખુલી જવા છતાં યુવાનનો જીવ બચી શકયો ન હતો. આ ઘટનામાં યુવાનની પત્ની સહિત અન્ય ત્રણ મહિલાઓ અને અન્ય કારના ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ અંગે હાલમાં ચિલોડા પોલીસે સ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત માહિતી મુજબ પ્રાંતિજના વાઘરોટા ગામના વતની ભગીરથભાઈ શૈલેષભાઈ પટેલ જેટકો કંપનીમાં નોકરી કરતા હતા. તેઓ તેમના પત્ની અને બે સાથી મહિલા કર્મચારીઓ સાથે કારમાં મહેસાણા ખાતે એક સ્ટાફ કર્મચારીના લગ્ન પ્રસંગમાં ગયા હતા. આ લગ્ન પતાવીને તેઓ પરત ફરી રહ્યા હતા, ત્યારે નાયરા પેટ્રોલ પંપથી આશરે 50 મીટર દૂર તેમની કાર અને અન્ય એક કાર વચ્ચે સામસામે ધડાકાભેર ટક્કર થઈ હતી. આ અકસ્માતના પગલે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બાદમાં લોકોએ તુરંત 108 એમ્બ્યુલન્સને જાણ કરી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા.

# શ્રી સરકાર થયેલી જમીનો ગોડાઉન હેતુ માટે બારોબાર ભાડે ચઢાવાયાનું કૌભાંડ

## પાટનગરમાં સરકારી જમીનમાં ઘુસણખોરીની વાત નવી નથી

• ગાંધીનગર

ગાંધીનગર : પાટનગરમાં સરકારી જમીનમાં ઘુસણખોરીની વાત નવી નથી. ખ ૩ સર્કલથી ખ ૧ સર્કલ સુધી રેલ્વે લાઈનની વચ્ચેના ૨ કિલોમીટરના પટ્ટાની શ્રી સરકાર થયેલી જમીનો ગોડાઉન હેતુ માટે બારોબાર ભાડે ચઢાવાયાનો ઘટસ્ફોટ થતાં તંત્ર ચોંકી ઉઠયું છે. વર્ષ ૧૯૯૨-૯૩માં સંપાદન કરાયેલી આ જમીનમાં રેતી, સિમેન્ટ, સ્ટીલ સહિતના ૧૫થી વધુ ગોડાઉન મળતાં હરકતમાં આવેલા તંત્રે રેવન્યુ રેકોર્ડ ફેંદવાનું શરૂ કર્યું છે.

થોડા દિવસો પહેલાં જ ન્યુ ગાંધીનગરના વાસણા હડમતિયા વિસ્તારમાં મંડપ સવસ સહિત હેતુના ગેરકાયદે ખડકી દેવામાં આવેલા ગોડાઉન્સ મળી આવ્યા હતાં. સરકાર દ્વારા પાટનગરને દબાણ મુક્ત કરવા સંબંધિત તમામ તંત્રને કામે લગાડયાના પગલે થઈ રહેલી સ્થળ તપાસમાં એક પછી એક નવા નવા સ્થળોએ સરકારી મોંઘામુલની જમીનોમાં થયેલા દબાણો ઉજાગર થવા લાગ્યાં છે. ત્યારે આવી ગેર પ્રવૃતિથી સેક્ટર વિસ્તાર પણ બાકાત રહ્યો નથી. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન ખ ૧ સર્કલથી ખ ૩ સર્કલ સુધી રેલ્વે લાઈનની વચ્ચેના ૨ કિલોમીટરના પટ્ટાની શ્રી સરકાર થયેલી જમીનો ગોડાઉન હેતુ માટે બારોબાર ભાડે ચઢાવી દેવામાં આવ્યાનું કૌભાંડ ખુલતાં છેક સચિવાલય સુધી આ મુદ્દો ચર્ચાનો વિષય બની ચૂક્યો છે.પાટનગરની સ્થાપના માટે સેંકડો એકર જમીનના સંપાદન બાદ ઉપયોગ સિવાયની જમીનો વિવિધ હેતુ અને ભવિસ્યની જરૂરતો માટે ખુલ્લી રખાઈ હતી. તેમાંની ઘણી જમીન મુળ માલિક એવા ખેડૂતોને જ્યાં સુધી જમીન ઉપયોગમાં ન લેવાય ત્યાં સુધી ખેડવા અપાતી હતી. પરિણામે શહેરની વચ્ચે પણ દાયકા પહેલા સુધી ખેતરો હતાં. પરંતુ હવે ખેતી પણ થતી નથી અને જમીનો બારોબાર ભાડે મળતી થઈ છે. ત્યારે આ કિસ્સામાં પ્રાથમિક તબક્કે જ જમીન ખાલી કરવાની મૌખિક સુચના આપી દેવાઈ છે.અસામાજિકો અને રાજકીય વગદારોની મીલીભગતથી કાળી કમાણી.

# ઉવારસદ ગામના પરિવારના ૧૦ વર્ષિય પુત્રનો મૃતદેહ બે દિવસે કડી પાસે મળ્યો

ગાંધીનગર : ઉવારસદ ગામનો યુવાન બે પુત્રોને લઈને જમવાનું લવા નીકળ્યા બાદ બાઈક કેનાલમાં પડી જવાના બનાવમાં પિતાનો ચમત્કારી બચાવ થયો હતો. જ્યારે બે દિવસ બાદ ૧૦ વર્ષિય પુત્રનો મૃતદેહ કડી નજીક કેનાલમાંથી મળ્યો હતો અને બીજાની શોધ ચાલી રહી છે. તરતા આવડતું નહીં હોવા છતાં પિતાનો બચાવ થવાથી તર્ક વિતર્કના પગલે પોલીસે પિતા, પરિવાર અને સાસરીયાની પણ સઘન પુછપરછ કરાઈ હતી.જીઆઈડીસીમાં નોકરી કરતો ઉવારસદ ગામનો રહેવાસી રાજુભાઈ ઠાકોર ગત બુધવારે સાંજે તેના બે પુત્રો ૧૦ વર્ષના યશ અને ૭ વર્ષના મનદિપને બાઈક પર બેસાડી નાસ્તો લેવા નીકળ્યા હતા. એસજી હાઈવે પર ટ્રાફિક વધુ હોવાથી તેઓ અંબાપુર કેનાલ તરફથી જતા હતાં.

**સમૂહ લગ્નોત્સવ**

### ધોળેશ્વર મહાદેવના સાનિધ્યમાં 28મો રાજપૂત સમૂહ લગ્નોત્સવ

# 50 નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડ્યા; દેખાદેખીમાં દેવું કરવાને બદલે સમૂહલગ્ન સમયની માગ: પૂર્વ શિક્ષણમંત્રી

### સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંત રામસ્વરૂપજી મહારાજ અને યુવા કથાકાર જલ્પેશ મહેતાએ દંપતિઓને આશીર્વાદ આપ્યા હતાં

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સામાજિક એકતા અને કુરિવાજોના નિર્મૂલનના ઉમદા હેતુ સાથે 28માં ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રાંદેસણ મેટ્રો સ્ટેશન સામે આવેલા ધોળેશ્વર મહાદેવ મુકામે યોજાયેલા સમૂહ લગ્નમાં પ્રભુતામાં પગલાં પાડનાર 50 નવ યુગલોએ મહાનુભાવોએ આશીર્વચન પાઠવ્યા હતા. ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સામાજિક એકતા અને કુરિવાજોના નિર્મૂલનના ઉમદા હેતુ સાથે 28માં ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી રિવાબા જાડેજા અને સંજયસિંહ મહીડા સહિત પૂર્વ મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને બળવંતસિંહ રાજપૂતે પણ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી હતી.

જ્યારે સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંત રામસ્વરૂપજી મહારાજ અને યુવા કથાકાર જલ્પેશ મહેતાએ દંપતિઓને આશીર્વાદ આપ્યા હતાં. આ લગ્નોત્સવની શરૂઆત ગણેશ સ્થાપન અને ગ્રહશાંતિથી થઈ હતી. સવારે જાનનું આગમન થયા બાદ હસ્ત મેળાપની વિધિ



સંપન્ન થઈ હતી. બાદમાં બપોરે મહાનુભાવો દ્વારા આશીર્વચન અને કન્યા વિદાયનો પ્રસંગ યોજાયો હતો.

આ સમૂહ લગ્નોત્સવમાં ખાસ ઉપસ્થિત રહેલા પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આજકાલ દરેક સમાજમાં સમૂહ લગ્નએ સમયની અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે. સમાજમાં મધ્યમ અને ગરીબ વર્ગના લોકો ઘણીવાર દેખાદેખીમાં દેવું કરીને મોટો ખર્ચ કરતા હોય છે, જેની સામે સમૂહ લગ્ન એક ઉત્તમ વિકલ્પ છે. ગુજરાતમાં છેલ્લા 50 વર્ષથી સમૂહ લગ્નોની પરંપરા ચાલી રહી છે.

તેમણે નવપરિણીત દીકરીઓને આશીર્વાદ આપતા ખૂબ જ મહત્વની સલાહ આપી હતી. તેમણે દીકરીઓને સાસરીમાં જઈને માતા-પિતા સમાન સાસુસસરાની સેવા કરવા અને સંપથી રહેવા જણાવ્યું હતું. ખાસ કરીને દીકરીઓને સંયુક્ત કુટુંબમાં રહેવાનો આગ્રહ રાખવા અને પરિવારની ગરિમા જાળવવા પ્રેરણા આપી હતી.

જ્યારે ટ્રસ્ટના પ્રમુખ શંકરસિંહ એસ. ગોહિલે સમાજ જોગ સંદેશમાં જણાવ્યું હતું કે, વ્યસન, કુરિવાજો અને ખોટા ખર્ચાઓથી દૂર રહીને શિક્ષણ અને સંગઠન પર ભાર મૂકવોએ સમયની માગ છે. આજે સમાજના સહયોગથી 50 દીકરીઓના લગ્ન નિર્વિઘ્ને સંપન્ન થયા છે, જેનો અમને આનંદ છે. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ, ઉદાર હાથે ફાળો આપનાર દાતાઓ અને મોટી સંખ્યામાં સમાજના ભાઈબહેનો ઉપસ્થિત રહ્યા હતા. દીકરીઓને કરિયાવરમાં એવી વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી જે કદાચ વ્યક્તિગત રીતે પિતા માટે આપવી મુશ્કેલ હોય.આ ભગીરથ કાર્ય બદલ પૂર્વ મંત્રી ચુડાસમાએ ટ્રસ્ટના હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.તેમણે નવપરિણીત દીકરીઓને આશીર્વાદ આપતા ખૂબ જ મહત્વની સલાહ આપી હતી. તેમણે દીકરીઓને સાસરીમાં જઈને માતા-પિતા સમાન સાસુસસરાની સેવા કરવા અને સંપથી રહેવા જણાવ્યું હતું. ખાસ કરીને દીકરીઓને સંયુક્ત કુટુંબમાં રહેવાનો આગ્રહ રાખવા અને પરિવારની ગરિમા જાળવવા પ્રેરણા આપી હતી.જ્યારે ટ્રસ્ટના પ્રમુખ શંકરસિંહ એસ. ગોહિલે સમાજ જોગ સંદેશમાં જણાવ્યું હતું કે, વ્યસન, કુરિવાજો અને ખોટા ખર્ચાઓથી દૂર રહીને શિક્ષણ અને સંગઠન પર ભાર મૂકવોએ સમયની માગ છે.

### મહેર સમાજની અલ્પ વસ્તી હોવા છતાં નેતૃત્વનો અનોખો દાખલો

# મહેર સમાજના યુવાન શિક્ષક વિરમભાઈ પરમારને રાપર તાલુકા શિક્ષક સંઘમાં દ્વિ-જવાબદારી

**પસંદગી**

### બે વર્ષના સેવાકાળમાં જ તાલુકા સહમંત્રી અને જિલ્લા પ્રતિનિધિ તરીકે પસંદગી

• ગોસા (ઘેડ), તા. ૨૦

સમગ્ર વિશ્વમાં મહેર સમાજની વસ્તી નજીવી હોવા છતાં તેની ખાનદાની, શૂરવીરતા, ખમીરી સ્વભાવ અને દાતારી જેવા ગુણો કારણે મહેર સમાજને વિશિષ્ટ ઓળખ પ્રાપ્ત છે. સ્વાધ્યાયના પ્રણેતા પરમ પૂજ્ય પાંડુરંગ દાદાજીએ પણ મહેર સમાજના લોકોના ઉમદા ગુણોને વિશેષ માન આપ્યું હતું. શૂરવીરતા, દાતારી અને ભક્તિ–આ ત્રણેય ગુણોનો સુમેળ મહેર સમાજમાં જોવા મળે છે, જે વિશ્વ સ્તરે ભાગ્યે જ કોઈ સમાજમાં એકસાથે જોવા મળે છે. આ સાથે મહેર સમાજનો એક અગત્યનો ગુણ એટલે નેતૃત્વ શક્તિ, જેના અનેક ઉદાહરણો સમયાંતરે સામે આવતા રહ્યા છે.

પોરબંદર પંથક ખાસ કરીને નેતૃત્વ માટે ઓળખાય છે. વિસ્તાર અને વસ્તી નાની હોવા છતાં અહીંના લોકોએ રાજ્ય અને કેન્દ્ર સ્તરે વિરોધ પક્ષના નેતા, પ્રદેશ પ્રમુખ, કેબિનેટ મંત્રી સહિતના મહત્વના પદો પર વિશ્વાસપૂર્વક સેવા આપી છે. ખાસ નોંધનીય વાત એ છે કે જ્યાં મહેર સમાજની વસ્તી પાંચ ટકા કરતા પણ ઓછી હોય, ત્યાં પણ સમાજના લોકો પોતાના કૌશલ્ય અને લોકવિશ્વાસના આધારે આગવું નેતૃત્વ સ્થાપિત કરતા જોવા મળે છે.તાજેતરમાં આવો જ એક પ્રેરણાદાયક દાખલો કચ્છ જિલ્લામાં જોવા મળ્યો છે. પોરબંદર તાલુકાના બળેજ ગામના વતની અને હાલ કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા વિરમભાઈ પરમાર માત્ર બે વર્ષ પહેલાં શિક્ષક તરીકે નિયુક્ત થયા હોવા છતાં પ્રાથમિક શિક્ષક સંઘમાં



તાલુકા અને જિલ્લા સ્તરે પ્રતિનિધિત્વ મેળવવામાં સફળ રહ્યા છે.દેશ અને રાજ્યમાં વિવિધ કર્મચારી સંઘોની જેમ શિક્ષકો માટે પણ પ્રાથમિક શિક્ષક સંઘ કાર્યરત છે, જેને અન્ય કર્મચારી સંઘોની તુલનામાં સૌથી મોટો સંઘ માનવામાં આવે છે. આ સંઘની ચૂંટણી દર ત્રણ વર્ષે યોજાય છે, જેમાં સામાન્ય રીતે વરિષ્ઠ અને સ્થાનિક શિક્ષકોને પ્રતિનિધિત્વ મળતું હોય છે.વિરમભાઈ પરમારે શિક્ષક તરીકે બે વર્ષ પૂર્ણ થતા જ સંઘની ચૂંટણીમાં પોતાના શાળા ગ્રૂપમાંથી સહકર્મી શિક્ષકોના ભલામણ અને લોકચાહનાના આધારે ઉમેદવારી નોંધાવી હતી અને સ્થાનિક શિક્ષકો સામે બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. બેઠક પરથી ચૂંટાયા બાદ તાલુકા અને જિલ્લા લાયકાત મુજબ સંઘની કારોબારીમાં જવાબદારીઓ સોંપવામાં આવે છે.તાજેતરમાં મળેલી રાપર તાલુકા શિક્ષક સંઘની કારોબારી બેઠકમાં વિરમભાઈ પરમારની કાબેલિયત, કાર્યક્ષમતા અને શિક્ષકોમાં વિશ્વાસને ધ્યાનમાં રાખી તેમને તાલુકા સ્તરે મહત્વપૂર્ણ સીનિયર સહમંત્રી તેમજ જિલ્લા સ્તરે જિલ્લા પ્રતિનિધિ તરીકે દ્વિ-જવાબદારી સોંપવામાં આવી છે.સામાન્ય રીતે આવી જવાબદારીઓ ૧૫ થી ૨૦ વર્ષનો અનુભવ ધરાવતા અને સંઘ સાથે લાંબા સમયથી જોડાયેલા શિક્ષકોને આપવામાં આવતી હોય છે. સાથે સાથે સ્થાનિક સંખ્યાબળ પણ મહત્વનો પરિબળ બને છે. પરંતુ રાપર તાલુકામાં આશરે ૧૬૦૦ શિક્ષકોના સેટઅપમાં મહેર સમાજના ગણતરીના પાંચ જેટલા શિક્ષકો જ છે અને કચ્છ જિલ્લામાં પણ મહેર સમાજના શિક્ષકોની સંખ્યા પાંચ ટકા કરતાં ઓછી છે. તેમ છતાં વિરમભાઈ પરમારને તાલુકા અને જિલ્લા સ્તરે સ્થાન મળવું મહેર સમાજ માટે ગૌરવની બાબત માનવામાં આવી રહી છે.મૂળ બળેજ ગામના અને હાલ રાપર તાલુકામાં શિક્ષક તરીકે સેવારત વિરમભાઈ પરમારે પોતાના કાર્યદક્ષ નેતૃત્વથી મહેર સમાજની પ્રતિભા અને ક્ષમતાનો ઉજાગર દાખલો પુરો પાડ્યો છે, જેને સમાજમાં હર્ષ અને ગૌરવની લાગણી વ્યક્ત કરવામાં આવી રહી છે.

# NRI પત્ની સાથે વિશ્વાસઘાત:ગાંધીનગર કોર્ટના છૂટાછેડાના ફેક ડોક્યુમેન્ટથી પતિએ બીજા લગ્ન કર્યા

### કરોડોની મિલકત બીજી પત્ની-પુત્રી નામે વારસાઈ કરાવી દીધી

• ગાંધીનગર

અમેરિકાની નાગરિકતા ધરાવતા અને મૂળ કલોલના મોખાસણ ગામના મહિલા બાળકો સાથે અમેરિકા હોવાનો ફાયદો ઉઠાવી પતિએ ગાંધીનગર સિવિલ કોર્ટના છુટાછેડાના ખોટા કાગળો બનાવી બીજી પત્ની અને તેની દીકરીના નામ કરોડોની મિલકતમાં ચડાવી દેવાતા કલોલ તાલુકા પોલીસ મથકે છેતરપિંડી, વિશ્વાસઘાત અને બનાવટી દસ્તાવેજો બનાવવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.મૂળ કલોલના મોખાસણ ગામના હાલમાં અમેરિકાની નાગરિકતા ધરાવતા સુધાબેન પટેલના લગ્ન અશોક પટેલ સાથે 1985માં થયા હતા. 1991માં અશોક ધંધા-રોજગાર માટે અમેરિકા જતા 1995માં સુધાબેન પણ ત્યાં ગયા હતા. જોકે, પતિને અન્ય સ્ત્રીઓ સાથે અનૈતિક સબંધો હોવાની જાણ થતા સુધાબેન બે બાળકને લઈ અમેરિકામાં તેમના સગા-સંબંધીઓ સાથે રહેવા લાગ્યા હતા.2008માં તેમને ગ્રીનકાર્ડ મળી ગયું હતું, જેથી તેઓ ઈન્ડિયા આવતા જતા હતાં. બાદમાં સુધાબેન પોતાના સાસુ મેનાબેનને પણ અમેરિકા લઈ ગયા હતા.




એ વખતે સાસુએ ડાંગરવા ખાતેની સાસરી પક્ષની વડિલોપાર્જિત જમીન સુધાબેનના નામે લખી આપી હતી. ત્યારે 2025માં સુધાબેન ભાઈના ત્યાં લગ્ન પ્રસંગે આવ્યા હતા, ત્યારે ડાંગરવા ગામના બે મકાનનો વેરો ભરવા તેમજ બન્ને બાળકોનું નામ ચડાવવા માટે તલાટીને મળ્યા હતા. આ સમયે માલુમ પડ્યું કે, અમેરિકન ગ્રીન કાર્ડ હોલ્ડર પતિ અશોકે આ મિલકમાં પત્ની દેવ્યાનીબેન તથા તેમનાથી જન્મેલી દીકરીનું નામ 30 મે, 2025 રોજ દાખલ કરાવી દીધું છે. તેમની અરજી આધારે નામ વારસાઈમાં ચડાવી દેવાયા છે.ઉપરાંત તલાટી સમક્ષ અશોકે 1996-97માં છૂટાછેડા થઈ ગયા હોવાના ડોક્યુમેન્ટ રજૂ કર્યા હતા. બાદમાં સુધાબેને આ બાબતે ગાંધીનગર અને અમદાવાદ કોર્ટમાં તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે, જે ડિક્રી નંબર (H.M.P No 117/1996) દર્શાવવામાં આવ્યો છે, તેવો કોઈ હુકમ કોર્ટના રેકોર્ડમાં અસ્તિત્વમાં જ નથી. જે સમયે છૂટાછેડા લીધા હોવાનો દાવો કરાયો છે તે સમયે સુધાબેન ભારતમાં હાજર જ નહોતા.અશોકે માત્ર બીજા લગ્ન જ કરી કાયદેસરના પુત્રનું નામ પણ પેઢીનામામાંથી જાણીજોઈને કમી કરાવવા સરકારી કચેરીઓમાં ખોટા દસ્તાવેજોને ખરા તરીકે ઉપયોગ કરી મિલકત પચાવવાનો પ્રયાસ કરાયો હોવાથી કલોલ તાલુકા પોલીસ મથકે છેતરપિંડી, વિશ્વાસઘાત અને બનાવટી દસ્તાવેજો બનાવવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# આમ આદમી પાર્ટીએ નર્મદા કલેકટર ને આવેદન પત્ર આપ્યું

• રાજપીપલા :

આમ આદમી પાર્ટીએ નર્મદા કલેકટર ને આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવીહતી કે રાજપીપલા પબ્લિક ગાર્ડનમાં આવેલ સરદાર ટાઉન હોલ ના થયેલ રિનોવેશન ખર્ચ 1,98,75,056/- રૂપિયા આ બાબતે તપાસ કરવામાં આવે આ બે કરોડ માં તો અધતન સુવિધા વાળો નવો ટાઉનહોલ બની જાય તો હાલમાં જ રાજપીપલા પબ્લિક ગાર્ડનમાં આવેલ સરદાર ટાઉન હોલ નું રિનોવેશન નું કામ કરવામાં આવ્યું છે. અને આ રિનોવેશન માં શું શું કામ કરવામાં આવ્યું છે ??? તથા કઈ કઈ નવી વસ્તુઓ ખરીદી કરી નાખવામાં આવી છે ??? કે જેનો ખર્ચ 1,98,75,056/- રૂપિયા થયો છે. આટલી મોટી રકમનો ખર્ચ થયો હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જોતા લાગતું નથી. જેથી આ રાજપીપલા પબ્લિક ગાર્ડનમાં આવેલ સરદાર ટાઉન હોલ ના ખર્ચ રૂપિયા 1,98,75,056/- ની તપાસ કરવામાં આવે. સાથે સાથે ગાર્ડનમાં જ માછીવાડ અને કાછિયાવાડ વિસ્તારને અડીને ( દક્ષિણ બાજુ ) આવેલ દિવાલ નું પણ રિનોવેસન કરવામાં આવ્યું છે. આ દિવાલ પહેલાથી હતી જ, માત્ર રિનોવેશન થયું છે. તો તેની રકમ કેટલી છે તેની પણ જાણકારી મેળવી તેની પણ તપાસ થાય તેવી રજૂઆત કરવામાં આવી છે આ સાથે રાજપીપલા નગર પાલિકા દ્વારા ટાઉન હોલ માં થયેલ ખર્ચ ની યોગ્ય તપાસ કરવામાં આવે અને કમિટીની રચના કરવામાં આવે આજે દર વર્ષે આ ટ્રાયબલ વિસ્તારમાં આવેલ રાજપીપળા નગરપાલિકા માં 80 થી 90 કરોડ રૂપિયા એક વર્ષના આવે છે તો 400 થી 450 કરોડ રૂપિયા પાંચ વર્ષના થાય છે આટલા રૂપિયામાં તો રાજપીપળા નગરપાલિકાની કાયાપલટ થઈ જાય પણ તેમ છતાં ભારતીય જનતા પાર્ટીના બેઠેલા નેતાઓ અધિકારીઓ અને એજન્સી ને સાથે રાખીને આ કરોડો રૂપિયા નું કાગળ પર આયોજન કરે છે જે બાબતે યોગ્ય તપાસ થાય અને નગરપાલિકાની જનતાને કહેવા માંગીએ છે કે હવે તો જાગો હવે તો આ નગરપાલિકામાં બેઠેલા ભ્રષ્ટ નેતાઓ સામે અવાજ ઉઠાવો જે અપક્ષ માંથી ચૂંટાઈને આવે છે તેવા એક પણ નેતા યોગ્ય રજૂઆત કેમ કરતા નથી એ કઈ બાબતે મૌન છે શું આવા નેતાઓને પણ ક્યાંક ને ક્યાંક નાના મોટા કવરો મળી જાય છે તે માટે આ નેતાઓ પ્રજાના પ્રશ્નો અને આ કરોડો રૂપિયા નો જે ખર્ચ થાય છે એ બાબતે મૌન ધારણ કરી.

# ઘેડ માટેના 1500 કરોડ ક્યાં ગયા?:કિસાન કોંગ્રેસના ચેરમેન પાલ આંબલિયાના સવાલો, સરકાર પાસે જાહેર રિપોર્ટની માંગ



• ગાંધીનગર

રાજ્યના બજેટમાં એક વર્ષ પહેલાં ઘેડ વિસ્તારના વિકાસ અને કાયમી નિરાકરણ માટે 1500 કરોડ રૂપિયાની ફાળવણી જાહેર કરવામાં આવી હતી. એક વર્ષ પૂર્ણ થવા છતાં હકીકતમાં કેટલો ખર્ચ થયો અને કેટલા કામો પૂર્ણ થયા તેની સ્પષ્ટ માહિતી જાહેર ન થતા કિસાન કોંગ્રેસના ચેરમેન પાલ આંબલિયાએ સરકાર સામે તીખી પ્રતિક્રિયા આપી છે.ઘેડના વિકાસ માટે જાહેર કરાયેલા 1500 કરોડનો હિસાબ આપો- પાલ આંબલિયા પાલ આંબલિયાએ જણાવ્યું કે 1500 કરોડમાંથી કેટલા રૂપિયા વપરાયા, કેટલા રૂપિયાની સૈદ્ધાંતિક અને વહીવટી મંજૂરી અપાઈ, કેટલા કામો માટે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ અને ગયા વર્ષે કેટલા કામો જમીન પર પૂર્ણ થયા તેની વિગત જાહેર કરવી જોઈએ. તેમણે વધુમાં પૂછ્યું કે ગયા વર્ષે શરૂ કરાયેલા કામોમાંથી કેટલા કામો આ વર્ષે પણ ચાલુ છે, ચાલુ વર્ષે કેટલા નવા કામો શરૂ કરાયા અને બાકી રહેલા કામો ક્યાં સુધી પૂર્ણ થશે.

### વરઘોડામાં નાચ્યા બાદ બેરીકેટ હટાવ્યા વિના ચાલી જતા રાત્રે મોપેડ ચાલક ભટકાયો અને જીવ ગુમાવ્યો

# નરથાણમાં સુરતથી આવેલ જાનૈયાના બે ઈસમોએ વરઘોડા માં ડી.જે.ના સુરે નાચવા મેઈન રોડ વચ્ચે બેરીકેટ મુકયો

• ઓલપાડ,તા.૨૨

સુરત-દાંડી રોડ ઉપર નરથાણ ગામે તાપ્તીવેલી સ્કુલના મેઈન ગેટની સામે રાત્રીના સુમારે રોડ ઉપર આડ કરેલ બેરીકેટ સાથે એક મોપેડ ચાલક ભટકાતા સર્જાયેલા અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત ચાલકનું કરૂણ મોત થયું છે.

અકસ્માત ઘટનાની વિગત મુજબ સુરેશભાઈ જીવતરામ આહુજા(ઉ.વ.૫૬)હાલમાં ઓલપાડ તાલુકાના નરથાણ ગામે દિલ્લી પબ્લીક સ્કુલની બાજુમાં આવેલ મલબેરી હોમ્સના મ.નં.૮૫ માં પરિવાર સાથે રહેતા હતાં.સુરત શહેરના રીંગરોડ ઉપર એક ખાનગી કંપનીમાં નોકરી કરતા સુરેશભાઈ ગત શુક્રવાર,તા.૨૦

ના રોજ રાત્રે નોકરી પૂર્ણ કરી સુરત- દાંડી રોડ ઉપર તેમની મોપેડ નં:જીજે-૦૫, કે.ડબ્લ્યુ-૭૪૬૦ હંકારી નરથાણ ગામે ઘરે જઈ રહ્યા હતાં.તેઓ જયારેનરથાણ ગામની સીમમાં મેઈન રોડને અડીને આવેલ તાપ્તીવેલી સ્કુલના મેઈન ગેટની સામેથી પુરઝડપે પસાર થઈ રહ્યા હતાં,તે સમયે રોડની વચ્ચે આડ કરેલ બેરીકેટ ન દેખાતા મોપેડ બેરીકેટ સાથે ભટકાતા અકસ્માત સર્જાયો હતો. જેથી સુરેશમાં રોડ ઉપર પતકાતા તેને માથાના ભાગે ગંભીર ઈજા તથા શરીરે ઓછી-વત્તી ઈજાઓ થવાથી સ્થળ પર હાજર લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા

સુરત શહેરના મોરાભાગળ ખાતેની એક ખાનગી હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડ્યો હતો.જ્યાં બીજા દિવસે શનિવારે બપોરે-૧:૫૦ કલાકના સુમારે સુરેશભાઈ ને ચાલુ સારવાર દરમ્યાન ચાલુ હતી તે દરમ્યાન ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યા હતાં. અકસ્માતની ઘટના બાદ મૃતકનો પુત્ર સની આહુજા ઘટના સ્થળે પહોંચી તાપ્તીવેલી સ્કુલના મેઈન ગેટની સામેના સીસી. ટીવી કેમેરાની ફૂટેજ ચેક કરતા જણાયું હતું કે,ઘટનાની સાંજે સાત વાગ્યાના સુમારે ગામમાં આવેલ જાનૈયા માંથી કોઈ બે અજાણ્યા ઈસમો એ રોડની સાઈડમાં પડેલ બેરીકેટને ઉઠાવી સુરત-દાંડી જતા રોડ ઉપર વચ્ચે મુકી રોડ બંધ કરી દીધો હતો.આ જાનૈયા લગ્નના વરઘોડામાં ડી.જે. સંગીતના સુરે નાચ્યા બાદ રાત્રે રોડની વચ્ચે મુકેલ બેરીકેટ હટાવ્યા વિના જતા રહ્યા હતાં.જે બેરીકેટ


જેથી સની આહુજાએ સીસી. ટીવી.કેમેરાની ફૂટેજની સી.ડી. ઓલપાડ પોલીસ મથકમાં રજુ કરી પોલીસ ફરીયાદ નોંધાવી હતી કે, લગ્નની જાનના વરઘોડામાં આવેલ બે અજાણ્યા શખ્સોએ ગેરકાયદેસર રોડ ઉપર લોકોની જિંદગી જોખમમાં મુકાઈ એ રીતે બેરીકેટ મુકી રોડ બંધ કરી જતા રહેતા મારા પિતાજીને નડેલ અકસ્માતથી જીવ ગુમાવ્યો છે.જે ફરીયાદના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દ્વારકાથી સોમનાથ જતી વેળાએ સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર પલટી ગઈ

વિસાવાડા પાસે સર્જાયેલા અકસ્માતમાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી બની દેવદૂત

# પોરબંદરના વિસાવાડા પાસે ગમખ્વાર કાર અકસ્માતમા બે વૃધ્ધના થયા મોત : પાંચ ને થઈ ઈજા

## પોરબંદર રેડ ક્રોસ સોસાયટીની ટીમ વ્હારે આવી સારવારથી લઈને મૃતદેહ વતન મોકલવા સુધીની તમામ જવાબદારી સંભાળી






• ગોસા(ઘેડ) તા.૨૨

ગુજરાતના પવિત્ર યાત્રાધામોના દર્શન કરવાની અભિલાષા સાથે રાજસ્થાનથી આવેલા એક શ્રદ્ધાળુ પરિવાર માટે નિયતિએ કંઈક અલગ જ લખ્યું હતું. દેવભૂમિ દ્વારકાના દર્શન કરીને સોમનાથ મહાદેવના શરણે જઈ રહેલા રાજસ્થાનના માળી પરિવારની કારને પોરબંદર નજીક વિસાવાડા પાસે અકસ્માત નડતા પરિવારના બે મોભીઓના કરુણ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં પરિવારના અન્ય પાંચ સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા છે, જે હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

રાજસ્થાનથી ગુજરાતની યાત્રાએ નીકળેલો માડી પરિવાર દ્વારકાધીશના આશીર્વાદ લઈને પવિત્ર સોમનાથ જ્યોતિર્લિંગના દર્શન કરવા જઈ રહ્યો હતો. આ પ્રવાસ દરમિયાન પોરબંદરથી થોડે દૂર વિસાવાડા ગામ નજીક હાઈવે પર અચાનક ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલી કાર પલટી ખાઈને રોડથી નીચે ઉતરી ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

આ દિલધડક અકસ્માતમાં કારમાં સવાર એક વૃદ્ધ મહિલાનું ઘટનાસ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે પોરબંદરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન વધુ એક વૃદ્ધ એ દમ તોડ્યો હતો. આમ, એક જ પરિવારના બે સભ્યોના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને હર્ષોલ્લાસ સાથે નીકળેલી યાત્રા અંતિમયાત્રામાં ફેરવાઈ ગઈ છે.

રેડ ક્રોસ સોસાયટીની ટીમ 'દેવદૂત' બનીને મદદે દોડી

અકસ્માતની જાણ થતા જ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, પોરબંદર જિલ્લા શાખાના ચેરમેન રામદેવભાઈ મોઢવાડિયા અને નરેશભાઈ થાનકીની સેવાભાવી ટીમ તથા જિલ્લા ભાજપના મહામંત્રી પ્રવીણભાઈ ખોરાવા એ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર હોસ્પિટલ ખાતે પહોંચી ગઈ હતી. અન્ય રાજ્યમાંથી આવેલા આ પરિવાર માટે પોરબંદરમાં કોઈ પરિચિત ન હોવાથી રેડ ક્રોસની ટીમે પરિવારના સભ્યો જેવી ભૂમિકા ભજવી હતી

રેડ ક્રોસ સોસાયટી દ્વારા કરવામાં આવેલી મુખ્ય કામગીરીમાં ઘાયલ થયેલા પાંચેય દર્દીઓને તાત્કાલિક અને યોગ્ય સારવાર મળે તે માટે ટીમે હોસ્પિટલ પ્રશાસન અને તબીબો સાથે સંકલન સાધ્યું હતું.અકસ્માત બાદની પોલીસ કાર્યવાહી, પંચનામું અને કાગળકામમાં પરિવાર મુંઝવણમાં હતો, ત્યારે રેડ ક્રોસની ટીમે તમામ પ્રક્રિયામાં સક્રિયપણે મદદ કરી હતી.

મૃતકોના પોસ્ટમોર્ટમની વિધિ ઝડપથી પૂર્ણ થાય તે માટે જરૂરી વ્યવસ્થાઓ કરાવી આપી હતી જેથી પરિવારને વધુ હેરાન ન થવું પડે. રામદેવભાઈ મોઢવાડિયા અને તેમની ટીમે માત્ર વહીવટી મદદ જ નહીં, પરંતુ માનસિક રીતે ભાંગી પડેલા પરિવારજનોને આશ્વાસન આપી હિંમત પૂરી પાડી હતી.

દૂરના રાજ્ય રાજસ્થાનથી આવેલા આ પરિવાર માટે મૃતદેહો ને પરત લઈ જવા એ મોટો પડકાર હતો. આ કપરી પરિસ્થિતિ માં રેડ ક્રોસ સોસાયટી ના ચેરમેન રામદેવભાઈ મોઢવાડિયા અને નરેશભાઈ થાનકી સહિત જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ ખોરાવા એ ઉદારતા દાખવીને મૃતદેહોને સન્માનપૂર્વક તેમના વતન મોકલી આપવાની તમામ વ્યવસ્થા કરી આપવાની તૈયારી બતાવી હતી. તેમની આ નિઃસ્વાર્થ સેવાની સમગ્ર પોરબંદર પંથકમાં પ્રશંસા થઈ રહી છે.

પોરબંદર રેડ ક્રોસ સોસાયટીની ત્વરિત કામગીરીએ સાબિત કર્યું છે કે વિપદાના સમયે માનવતા હજુ જીવંત છે.

રિપોર્ટર:- વિરમભાઈ કે.આગઠ

દિવ્ય અને ભવ્ય સમૂહ લગ્નમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા

# રાણપુર પાસે આવેલ શ્રીજી વિદ્યાધામ ખાતે સર્વજ્ઞાતિના 51 દીકરી-દીકરાના

## શ્રીજી વિદ્યાધામ ગુરુકુલના સ્થાપક પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામી દ્વારા શાહી સમૂહ લગ્ન નું ભવ્ય આયોજન કરી નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા

• બોટાદ

બોટાદ જીલ્લાના રાણપુર પાસે લિંબડી રોડ પર આવેલ પ્રખ્યાત શ્રીજી વિદ્યાધામ સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે આજે સર્વ જ્ઞાતિના દીકરી- દીકરાના ભવ્ય સમૂહ લગ્ન યોજાયા શ્રીજી વિદ્યાધામ ગુરુકુલ ના સ્થાપક પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામી દ્વારા સમૂહ લગ્ન નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ સમૂહ લગ્ન થકી સામાજિક એકતા અને સહકારનો અનોખો સંદેશ આપવામાં આવ્યો હતો ખાસ વાત તો એ છે કે સમુહ લગ્ન ની અંદર દાતાઓના સહયોગથી દરેક દીકરીઓને મોટા પ્રમાણમાં કરિયાવર આપવામાં આવ્યો હતો જીવન જરૂરિયાતની મોટાભાગની તમામ વસ્તુઓ દીકરીઓને



કરિયાવરમાં આપવામાં આવી હતી. શ્રીજી વિદ્યાધામ સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા આ ચતુર્થ ભવ્ય સમુહ લગ્ન 51 નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન તરીકે અંકીતકુમાર પ્રફુલભાઈ સાવલીયા(કેનેડા),સમૂહ લગ્નના મુખ્ય યજમાન તરીકે પ્રવિણભાઈ આર.પટેલ(અમેરીકા) તેમજ અંશુલભાઈ હીરામણી પાંડે(મુંબઈ),રમણભાઈ બી.પટેલ તથા શારદાબેન આર.પટેલ, પ્રવીણભાઈ આર.પટેલ,સરોજબેન પી.પટેલ-મોખાસણ(અમેરીકા) રહ્યા હતા.સંતો-મહંતોની હાજરીમાં તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાન સંતોની હાજરીમાં 51 નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા સાથે જ સંતોએ તેમજ ધંધુકા વિધાનસભાના ધારાસભ્ય કાળુભાઈ ડાભી,રાણપુરના જાણીતા યુવા ઉદ્યોગપતિ કૌશલભાઈ કલ્યાણી તેમજ રાજકીય આગેવાનોએ,સામાજિક આગેવાનોએ 51 નવદંપતિઓને સુખી લગ્ન જીવનની શુભેચ્છા સાથે આશીર્વાદ પાઠવ્યા હતા અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીજી વિદ્યાધામ સ્વામિનારાયણ ગુરુકુળ ના સ્થાપક પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામી,ઈશ્વરચરણ સ્વામી, કૃષ્ણવલ્લભ સ્વામી,ગોપાલચરણ સ્વામી સહિતના સંત મંડળ દ્વારા આ પંથકમાં અનેક પ્રકારના સામાજિક, લોક ઉપયોગી અને લોકજાગૃતિ કાર્યક્રમો કરીને સમાજ સેવાનું ભગીરથ કાર્ય કરે છે ત્યારે આ સમૂહ લગ્ન થકી નાના અને મધ્યમ વર્ગના પરિવારજનો સમૂહ લગ્ન માં જોડાઈને પોતાના આંગણે આવેલો પ્રસંગ પૂર્ણ કરવાનો અવસર શ્રીજી વિદ્યાધામ ગુરુકુળ દ્વારા આપવામા આવ્યો છે ત્યારે આ દિવ્ય અને ભવ્ય સમૂહ લગ્નમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા તમામ લોકો માટે પૂજ્ય શ્રીજીસ્વરૂપ સ્વામી દ્વારા જમવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

લેખક અશ્વિન ગોહિલ ની કલમે (શિક્ષક, કવિ, સાહિત્યકાર)

# વિજ્ઞાનનો અદભૂત આવિષ્કાર: ૨૩ ફેબ્રુઆરી અને પ્લુટોનિયમની શોધ

માનવ ઈતિહાસમાં ૨૩ ફેબ્રુઆરીનો દિવસ વિજ્ઞાનની દ્રષ્ટિએ અત્યંત મહત્વનો છે. આ દિવસે વર્ષ ૧૯૪૧માં કેલિફોર્નિયા યુનિવર્સિટી, બર્કલે ખાતે ડૉ. ગ્લેન ટી. સીબોર્ગ અને તેમની ટીમે સૌ પ્રથમવાર પ્લુટોનિયમ તત્વનું કૃત્રિમ રીતે ઉત્પાદન કર્યું હતું. આ એક એવી શોધ હતી જેણે ભવિષ્યમાં ઉર્જાના સમીકરણો અને પરમાણુ વિજ્ઞાનની દિશા બદલી નાખી.

પ્લુટોનિયમ:એક શક્તિશાળી તત્વ

પ્લુટોનિયમ (Plutonium) એ આવર્ત કોષ્ટકમાં ૯૪ પરમાણુ ક્રમાંક ધરાવતું તત્વ છે. ડૉ. સીબોર્ગે યુરેનિયમ પર સંશોધન કરીને આ તત્વ મેળવ્યું હતું. આ તત્વનું નામ 'પ્લુટો' ગ્રહના નામ પરથી રાખવામાં આવ્યું છે. તે અત્યંત કિરણોત્સર્ગી છે અને ઉર્જાનો અખૂટ સ્ત્રોત બની શકે તેમ છે.

આધુનિક આવર્ત કોષ્ટકમાં ડૉ. સીબોર્ગનું પ્રદાન

જ્યારે આપણે કેમિસ્ટ્રી (રસાયણ વિજ્ઞાન) ના હૃદય સમાન 'આવર્ત કોષ્ટક' (Periodic Table) ની વાત કરીએ, ત્યારે ડૉ. સીબોર્ગનું નામ આદર સાથે લેવાય છે.

એક્ટિનાઈડ શ્રેણી: ડૉ. સીબોર્ગે સૂચવ્યું હતું કે ભારે તત્વોને આવર્ત કોષ્ટકમાં નીચેના ભાગે અલગ શ્રેણીમાં મૂકવા જોઈએ, જેને આપણે આજે 'એક્ટિનાઈડ શ્રેણી' (Actinide Series) તરીકે ઓળખીએ છીએ.

તત્વનું નામકરણ: વિજ્ઞાન જગતમાં તેઓ એકમાત્ર એવા વૈજ્ઞાનિક હતા કે જેમના જીવતા હોવા છતાં તેમના સન્માનમાં ૧૦૬માં તત્વનું નામ 'સીબોર્ગિયમ' (Seaborgium - Sg) રાખવામાં આવ્યું હતું.

પરમાણુ ઉર્જાના શાંતિમય ઉપયોગો

ઘણીવાર પરમાણુ ઉર્જાનું નામ લેતા જ આપણને વિનાશક શસ્ત્રો યાદ આવે છે, પરંતુ તેનો સકારાત્મક અને શાંતિમય ઉપયોગ માનવજાત માટે આશીર્વાદરૂપ છે:

૧. વીજળી ઉત્પાદન: ન્યુક્લિયર પાવર પ્લાન્ટ દ્વારા પ્રચંડ માત્રામાં વીજળી પેદા કરવામાં આવે છે. આ ઉર્જા પ્રદૂષણ મુક્ત (Zero-Emission) હોવાથી ગ્લોબલ વોર્મિંગ સામે લડવામાં મદદરૂપ થાય છે.

૨. તબીબી ક્ષેત્ર (મેડિકલ): કેન્સર જેવી જીવલેણ બીમારીના નિદાન અને સારવારમાં કિરણોત્સર્ગી આઈસોટોપ્સનો ઉપયોગ થાય છે (દા.ત. રેડિયોથેરાપી).

૩. ખેતીવાડી: બિયારણની ગુણવત્તા સુધારવા અને ખોરાકને લાંબા સમય સુધી સુરક્ષિત રાખવા માટે પરમાણુ વિકિરણોનો ઉપયોગ કરવામાં આવે છે.

૪. અવકાશ સંશોધન: પ્લુટોનિયમ-૨૩૮ નો ઉપયોગ લાંબા અંતરના અંતરિક્ષ યાન (જેમ કે વોયેજર) માં પાવર સ્ત્રોત તરીકે થાય છે, જે વર્ષો સુધી ઉર્જા આપે છે.

નિષ્કર્ષ

ડૉ. ગ્લેન સીબોર્ગની શોધ એ સાબિતી છે કે કુદરતના રહસ્યો જ્યારે માનવ બુદ્ધિ સામે ખુલે છે, ત્યારે વિકાસના નવા પથ કંડારાય છે. આપણી જવાબદારી છે કે આ શક્તિશાળી ઉર્જાનો ઉપયોગ વિનાશ માટે નહીં, પણ વિશ્વના કલ્યાણ અને શાંતિ માટે કરીએ. વિજ્ઞાન જ્યારે વિવેક સાથે જોડાય છે, ત્યારે જ સાચી પ્રગતિ થાય છે.

લેખક અશ્વિન ગોહિલ ની કલમે (લેખક, કવિ, સાહિત્યકાર)

# નર્મદા જિલ્લામાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાઓમાં ૨૪ કેન્દ્રો ખાતે ૫૨૨ બ્લોકમાં કુલ-૧૪૫૮૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

• રાજપીપલા,

સમગ્ર રાજ્યમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬થી લેવાનારી ધોરણ- ૧૦ (SSC) અને ૧૨ (HSC) સામાન્ય -વિજ્ઞાન પ્રવાહની નિયમિત/રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ શરૂ થનાર છે. ત્યારે નર્મદા જિલ્લામાં પરીક્ષા સંપૂર્ણ સુચારૂ રીતે યોજાય અને વિદ્યાર્થીઓ નિર્ભયપણે મુક્ત વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે પરીક્ષામાં ભાગ લે અને આ પરીક્ષાઓ શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તેવા ઉમદા હેતુસર નિવાસી અધિક કલેકટરશ્રી સી.કે.ઉંધાડની અધ્યક્ષતામાં પરીક્ષાની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે ઓબ્ઝર્વરઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી ડો.કિરણબેન પટેલે બોર્ડ પરીક્ષા સંદર્ભે થયેલી તૈયારીઓ તેમજ પરીક્ષા દરમિયાન ઓબ્ઝર્વર તરીએ રાખવાની સાવચેતીની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૬ માં ધોરણ ૧૦ એસ.એસ.સી અને ધોરણ ૧૨ એચ.એસ.સી વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહના નિયમિત/ રિપીટર/પૃથક/ખાનગી ઉમેદવારોની પરીક્ષાઓ તા.૨૬/૦૨/૨૦૨૬ થી તા. ૧૮/૦૩/૨૦૨૬ દરમિયાન સવારે ૧૦.૩૦ થી ૦૧.૩૦ અને બપોરે ૦૩.૦૦ થી ૦૬.૩૦ કલાકે એમ બે સેશનમાં યોજાનાર છે. જેમાં કેન્દ્ર સંચાલક અને ઓબ્ઝર્વરે રાખવાની કાળજી, બોર્ડ દ્વારા નક્કી કરાયેલી સૂચનાઓ અંગે વિગતવાર જાણકારી આપી હતી. નર્મદા જિલ્લામાં ધોરણ ૧૦(એસ. એસ.સી) બોર્ડની પરીક્ષામાં જિલ્લાના ૧૬ પરીક્ષા કેન્દ્રો ખાતે ૮૭૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

# પુત્રને મળેલા જીવનદાનના બદલે અમરાવતીથી વૈષ્ણોદેવી સુધી 1700 કિલોમીટર સુધી 'આળોટતા ' જતા દેવીદાસની અતૂટ ભક્તિ'

• શહેરા,

મહારાષ્ટ્ર રાજ્યના અમરાવતી શહેરના રહેતા દેવીદાસ થોરાટના પુત્રને કરંટ લાગતા તેને દવાખાનામા દાખલ કરાયો. પણ પરિસ્થીતી જોતા તબીબોએ કહ્યુ કે તેના જીવનની આશા ટુંકી છે. તે વખતે જાણે માથા દેવીદાસને આભ તુટી પડ્યુ,પણ દેવીદાસ હતા માતા વૈષ્ણોદેવી ના ભક્,તેમણે દવાખાનામા માનતા લીધી કે હે માતા તુ મારા દિકરાને મોતના મુખમાંથી ઉગારી લેશે તો હુ તારા દ્વારા દંડવત રીતે આળોટતો આળોટતો આવીશ.સાચા દિલથી કરેલી પ્રાર્થના જાણે માતાજીએ સાંભળી લીધી અને ચમત્કાર થયો,દિકરોનો જીવ બચી ગયો. તબીબો પણ અવાક પામ્યા, કે જીવ બચશે નહી તેવુ તેમણે પણ લાગતુ હતુ, પણ રામ રાખે તેણે કોણ ચાખે, માનતા પુરી કરવા માટે દેવીદાસે લીધેલા સંકલ્પને પુરો કર્યો છે. તેઓ આ રીતે પાંચ વખત આળોટતા આળોટતા વૈષ્ણોદેવી જવાના છે. તેઓ અગાઉ બે વખત આ રીતે વૈષ્ણોદેવીજઈ આવ્યા છે.આ ત્રીજીવાર જઈ રહ્યા છે. આ ખરેખર શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસની એક અદભૂત કહાની છે. અમરાવતીના દેવીદાસજી આ યાત્રા માત્ર શારીરિક કષ્ટ નથી, પણ એક પિતાનો પોતાની શ્રદ્ધા પ્રત્યેનો સમર્પણ ભાવ છે. દેવીદાસ જણાવે છે તેઓને રસ્તામા ઘણા લોકો મદદ કરે છે. જમવાની સાથે રહેવાની પણ વ્યવસ્થા કરી દે છે. મંદિરમાં અમને આસરો મળી રહે છે. આ પહેલા બે વખત યાત્રા કરી ચુકયો હોવાથી ઘણા લોકો મને ઓળખે છે. તેમની સાથે હાલમા એક સાધુ પણ જોડાયેલા છે. સાયકલ પર જરુરીયાત સામાન લઈને સાથે માતાજીના ગીતો વગાડતા તેઓ જઈ રહ્યા છે.તેઓ બે મહિના પહેલા નીકળ્યા હતા.

મહાગુજરાત આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિકની ૧૩૪મી જન્મજયંતી

# ગુજરાત વિધાનસભા ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ મોદીએ ભાવપૂર્વક પુષ્પાંજલિ અર્પણ કરી

ઈન્દુચાચા'ના હુલામણા નામથી જાણીતા અને મહાગુજરાત આંદોલનના અગ્રેસર નેતા સ્વ. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની ૧૩૪મી જન્મજયંતી નિમિત્તે આજે ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી પૂર્ણેશ મોદીએ સ્વ. ઈન્દુચાચાના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના લોકસેવાના કાર્યોને યાદ કર્યા હતા. આઝાદીની ચળવળમાં 'ઈન્દુચાચા'એ અમૂલ્ય યોગદાન આપ્યું હતું. ઈન્દુલાલ યાજ્ઞિક સાદગી, નિઃસ્પૃહતા અને સંઘર્ષના પર્યાય હતા. આઝાદીની ચળવળમાં તેમણે મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે ખભેખભો




મિલાવી સક્રિય ભૂમિકા ભજવી હતી. ખાસ કરીને ગુજરાતના સ્થાપના કાળના 'મહાગુજરાત આંદોલન'માં તેમનું નેતૃત્વ અજોડ રહ્યું હતું. તેઓ માત્ર એક રાજકીય નેતા જ નહીં, પરંતુ એક નીડર પત્રકાર, પ્રખર સાહિત્યકાર અને કિસાન-કામદાર પ્રવૃત્તિઓના સક્રિય સેવક પણ હતા. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક વર્ષ ૧૯૫૭ થી ૧૯૭૨ દરમિયાન સાંસદ તરીકે કાર્યરત રહી પ્રજાહિતના પ્રશ્નોને મજબૂત રીતે વાચા આપી હતી. આ ઉપરાંત તેમણે આત્મકથા, નવલકથા, વ્યક્તિ-ચરિત્ર અને વિવિધ ગ્રંથો દ્વારા સાહિત્ય ક્ષેત્રે પણ બહોળું પ્રદાન આપ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીએ ઈન્દુલાલ યાજ્ઞિકના જીવન વિશે પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું, જેની પ્રશંસા કરી ઉપાધ્યક્ષશ્રીએ વિદ્યાર્થીને 'સન્માન પત્ર' એનાયત કર્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રીમતી રીટાબહેન મહેતા, વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

### લગ્ન પ્રસંગમાંથી 'કોલ્ડ પાયરો' મેળવી ટ્રેક પર મૂક્યા, રેલવે પોલીસના કોન્ટ્રાક્ટમાં એક્સ્ટેન્શન મેળવવા પ્લાન ઘડ્યો

# અનગઢ રેલવે ટ્રેક પર શંકાસ્પદ એક્સપ્લોઝીવ મળવા મામલે એકની ધરપકડ

## આરોપી મુસ્તાક આર્મીનો નિવૃત્ત જવાન છે અને વર્ષ 2024થી રેલવે પોલીસમાં ત્રણ વર્ષના કોન્ટ્રાક્ટ પર ફરજ બજાવતો હતો

• વડોદરા

અનગઢ રેલવે ટ્રેક પરથી શંકાસ્પદ વિસ્ફોટક પદાર્થ મળી આવવાની ઘટનામાં ચોંકાવનારો વળાંક આવ્યો છે. જે વ્યક્તિએ આ મામલે પોલીસને જાણ કરી હતી, તે જ ફરિયાદી હવે મુખ્ય આરોપી સાબિત થયો છે. ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસે તપાસના અંતે 47 વર્ષીય મુસ્તાક અહમદ મોહમદ શેખની ધરપકડ કરી છે. આરોપી મુસ્તાક આર્મીનો નિવૃત્ત જવાન છે અને વર્ષ 2024થી રેલવે પોલીસમાં ત્રણ વર્ષના કોન્ટ્રાક્ટ પર ફરજ બજાવતો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, રેલવેમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓને રિવોર્ડ અથવા કોન્ટ્રાકટમાં એક્સ્ટેન્શન (મુદત વધારો) આપવામાં આવે છે. પોતાનો 2024થી 2026 સુધીનો કોન્ટ્રાક્ટ પૂરો થવા આવ્યો હોવાથી, તેને લંબાવવાના આશયથી મુસ્તાકે આ જોખમી પ્લાન ઘડ્યો હતો. તેણે નજીકના એક લગ્ન પ્રસંગમાંથી 'કોલ્ડ પાયરો' (ફૂટેલા ઈલેક્ટ્રિક ફટાકડા) મેળવ્યા હતા અને તેને રેલવે ટ્રેક પર પ્લાન્ટ કરી પોતે જ તેની જાણ કરી 'હીરો' બનવાનો પ્રયાસ કર્યો હતો.

ઘટનાની ગંભીરતાને જોઈને ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી, જેમાં ફરિયાદી મુસ્તાકની હિલચાલ શંકાસ્પદ જણાઈ હતી. કડક પૂછપરછમાં તેણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો. મૂળ કાશ્મીરનો વતની અને હાલ વડોદરાના શેરખી વિસ્તારમાં રહેતા આ નિવૃત્ત જવાને પોતાની કારકિર્દી બચાવવા માટે રેલવે સુરક્ષાને જોખમમાં મૂકી હતી.

હાલમાં આ પદાર્થ 'માયનોર એક્સપ્લોઝિવ' હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. પોલીસે નમૂના લઈ ગાંધીનગર FSLમાં મોકલી આપ્યા છે. લેબોરેટરીના રિપોર્ટ આવ્યા બાદ આ પદાર્થ કેટલો ઘાતક હતો તેની વધુ વિગતો સ્પષ્ટ થશે. DCP ઝોન 1 ડો. જગદીશ ચાવડાએ જણાવ્યું હતું કે, ગઈકાલે નંદેસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નવાપુરા બ્રિજ પાસે એક શંકાસ્પદ વસ્તુ મળી આવી હતી. જે સંદર્ભે નંદસરી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.ત્યાર બાદ આ કેસની તલસ્પર્શી અને ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી.તપાસ દરમિયાન રેલવે પોલીસનો કોન્ટ્રાક્ટ કર્મી ફરિયાદી 47 વર્ષીય મુસ્તાક અહમદ મોહમદ શેખ જ આરોપી નિકળ્યો હતો અને તેની ધરપકડ કરી હતી.આર્મીમાંથી રિટાયર્ડ આરોપી મુસ્તાક ત્રણ વર્ષના કોન્ટ્રાક્ટ પર રેલવે પોલીસમાં ભરતી કરાઈ હતી. આરોપી મસ્તકનો રેલવે પોલીસમાં 2024થી 2026 સુધીનો કોન્ટ્રાક્ટ હતો.



• સંક્ષીપ્ત સમાચાર

### ઓલ્ડ પાદરા રોડ પર AC આઉટડોરમાં આગ ભભૂકી: મલ્હાર પોઇન્ટ એબીસી ટાવરમાં ભયાનક દૃશ્યો

વડોદરા શહેરના ઓલ્ડ પાદરા રોડ વિસ્તારમાં આવેલા મલ્હાર પોઈન્ટ એબીસી ટાવરમાં આજે બપોરે આગનો બનાવ સામે આવ્યો હતો. બિલ્ડિંગમાં એસીના આઉટડોરમાં આગ લાગતા અફરાતફરી સર્જાઈ હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ એસી યુનિટ બળીને ખાખ થઈ ગયા હતા. આ અંગેની જાણ થતા જ સ્થાનિક વડીવાડી ફાયર સ્ટેશનની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.આ ઘટનાની જાણ થતાં જ 112 ની ટીમ તેમજ MGVCLની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. બાદમાં ફાયર વિભાગે આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી. સદ નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.આગ એસીમાં થયેલા શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું અનુમાન પ્રાથમિક તપાસમાં આગ એસીમાં થયેલા શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું અનુમાન છે. ઉનાળાની શરૂઆત થતાં જ શહેરમાં એરકન્ડિશનર અને ઈલેક્ટ્રિકલ ઉપકરણોમાં શોર્ટ સર્કિટને કારણે આગના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે.

### રાજસ્થાની માઈન્ડ વાપરી પંજાબથી ગુજરાતમાં દારુ ઘુસાડ્યો

# કન્ટેનર ખાલી જોઈ પહેલાં તો પોલીસ ગોથે ચડી, પતરું કાપતાં જ દારૂનો દરિયો મળ્યો

## દારૂની હેરાફેરી માટે બુટલેગરો અવનવા કિમિયા અપનાવી રહ્યા છે. પોલીસે જ્યારે કન્ટેનરને ઉભું રાખ્યું અને દરવાજો ખોલ્યો તો દારૂ દેખાયો નહોતો

• વડોદરા

વડોદરા ગ્રામ્ય LCBની ટીમે છેલ્લા એક અઠવાડિયામાં અલગ અલગ જગ્યાએથી 3 કરોડની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ દરમિયાન ગઈકાલે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર વડોદરા પાસે એક કન્ટેનરમાં બનાવેલા ચોરખાનામાંથી 94 લાખની વિદેશી દારૂની 16,620 બોટલો જપ્ત કરી છે. એક કન્ટેનર, 3 મોબાઈલ ફોન સહિત કુલ 1.09 કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વડોદરા ગ્રામ્ય LCBની ટીમને વડોદરા તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, RJ-05-GB-2930 નંબરનું કન્ટેનર ભરૂચથી વડોદરા તરફ આવી રહ્યું છે, જેમાં વિદેશી દારૂ ભરેલો છે. જેથી LCBની ટીમે લક્ષ્મીપુરા ગામ પાસે પાદરા જવાના કટ નજીક હાઈવે પર કન્ટેનર માટે વોચ ગોઠવી હતી. કન્ટેનર આવતાં જ તેને કોર્ડન કરી લીધું હતું.

દારૂની હેરાફેરી માટે બુટલેગરો અવનવા કિમિયા અપનાવી રહ્યા છે. પોલીસે જ્યારે કન્ટેનરને ઉભું રાખ્યું અને દરવાજો ખોલ્યો તો દારૂ દેખાયો નહોતો. પરંતુ પોલીસે ચોક્કસ બાતમીને કારણે વધુ તપાસ કરતા બુટલેગરે દારૂ છુપાવવા માટે કન્ટેનરમાં આગળના ભાગમાં ચોરખાનું બનાવ્યું હતું. પોલીસે ગ્રાઈન્ડર મશીન દ્વારા કન્ટેનરનું પતરું કાપતા ચોખાનામાંથી 94 લાખનો દારૂ જપ્ત કર્યો હતો. જેને જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી.કન્ટેનરમાંથી ડ્રાઈવર ગોકલારામ પદમારામ જાટ, (રહે. માનસીંગ કી બેરી ખારી, તા. ધોરીમન્ના, જિ. બારમેર (રાજસ્થાન) મળી આવ્યો હતો. પોલીસે કન્ટેનરના ખાનામાંથી 710 પેટીઓમાં વિદેશી દારૂની 16,620 બોટલો મળી આવી હતી. આ ઉપરાંત 3 મોબાઈલ ફોન, રજિસ્ટ્રેશન કાગળો વગેરે પણ જપ્ત કર્યા છે.ડ્રાઈવરની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, સોહનલાલ બેધરામ બિશ્નોઈ (રહે. નરવતો કા ગોલીયા ખારી, તા. ધોરીમન્ના, જિ. બારમેર, રાજસ્થાન) દ્વારા પંજાબથી ગુજરાતમાં દારૂના ફેરા માટે આ કામગીરી સોંપવામાં આવી હતી. રાજપુરા (લુધિયાણા રોડ) ખાતે કન્ટેનર ભરાયું હતું અને અમદાવાદ તરફ લઈ જવાનું હતું. આ મામલે વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.



### કાપોદ્રામાં 15 વર્ષીય સગીરા પર 4 મહિનાથી વારંવાર દુષ્કર્મ:મિત્રના રૂમ પર લઈ જઈ હવસનો શિકાર બનાવતો, ચેતન ઉર્ફે કાનો હડતરા વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો દાખલ

• સુરત


સુરતના કાપોદ્રા વિસ્તારમાં એક યુવકે 15 વર્ષની સગીરાને ફોસલાવી તેની પર છેલ્લા ચાર મહિનાથી અનેકવાર દુષ્કર્મ આચાર્યુ હોવાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આ અંગે BNS અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ ભોગ બનનાર સગીરાની ઉંમર 15 વર્ષની છે. આરોપી ચેતન ઉર્ફે કાનો રમેશભાઈ હડતરા જે રામ કૃપા સોસાયટી, માતૃશક્તિ રોડ, કાપોદ્રાનો રહેવાસી છે. તેણે આ સગીરાને પોતાની જાળમાં ફસાવી હતી.ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપી સગીરાને તેને લલચાવી-ફોસલાવી કાપોદ્રા પાસે આવેલી એક સ્કૂલની સામે તેના મિત્રના રૂમ પર લઈ ગયો હતો. ઝોન-1 આલોક કુમારએ રૂબરૂ મુલાકાત લઈ તપાસનું માર્ગદર્શન આપ્યું હતું. પોલીસ દ્વારા ઘટનાસ્થળની મુલાકાત લઈ પંચનામું કરવામાં આવ્યું છે અને ભોગ બનનાર તેમજ આરોપીની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, આરોપી સગીરાને સોસાયટીના ગેટ પાસે આવેલ એક ખાતાના ત્રીજા માળે લઈ જઈ તેની મરજી વિરુદ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યું હતું. આ સિલસિલો છેલ્લા ચાર મહિનાથી ચાલતો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ સુરત પોલીસના મદદનીશ પોલીસ કમિશનર A ડિવિઝન વી.આર. પટેલ અને નાયબ પોલીસ કમિશનર ઝોન-1 આલોક કુમારએ રૂબરૂ મુલાકાત લઈ તપાસનું માર્ગદર્શન આપ્યું હતું. પોલીસ દ્વારા ઘટનાસ્થળની મુલાકાત લઈ પંચનામું કરવામાં આવ્યું છે

### પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ મોતનું કારણ બહાર આવશે

# વિશ્વામિત્રી નદીમાં મગરોના રહસ્યમય મોત વધુ એક મહાકાય મગરનો મૃતદેહ મળ્યો

• વડોદરા

વિશ્વામિત્રી નદીમાં વસવાટ કરતા મગરો પર કોઈ પ્રકારનુ જોખમ ઉભું થયું છે. એક તરફ મગરોને વિશ્વામિત્રી નદીમાંથી બહાર કાઢવાની વાતો થઈ રહી છે ત્યારે આજે વિશ્વામિત્રી નદીમાંથી મહાકાય મગરનો મૃતદેહ મળી આવ્યો છે. આ રીતે મગરના થઈ રહેલા મોતના કારણે મગરોના અસ્તિત્વ સામે સવાલો ઊભા થઈ રહ્યા છે.વડોદરા શહેરના મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં છેલ્લા કેટલાક દિવસથી સતત મગરોના મોત થઈ રહ્યા છે. જેને કારણે મગરના અસ્તિત્વ સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. વિશ્વામિત્રી નદીમાં અંદાજે 417 જેટલા મગરો છે. આ ઉપરાંત વડોદરા શહેર જિલ્લામાં નદીઓ અને તળાવોમાં મળીને 1000થી વધુ મગરો છે. વિશ્વામિત્રી નદીના મગરોના જીવ પર સંકટ તોળાઈ રહ્યું છે. જેથી, હવે વડોદરાવાસીઓ મગરોને બચાવવાની વાત કરી રહ્યા છે.જીવદયા પ્રેમી હેમંતકુમાર વઢવાણાએ જણાવ્યું હતું કે, અમારા હેલ્પલાઈન નંબર ઉપર એક ફોન



આવ્યો હતો કે, અકોટા બ્રિજ પાસે વિશ્વામિત્રી નદીમાં કિનારા ઉપર એક મગર પડ્યો છે. એવી જાણ કોઈ જાગૃત નાગરિકે બ્રિજ પરથી મગરને જોઈને અમને જાણ કરી હતી. અમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને જોયું કે નદીના કિનારા પર એક મગર પડ્યો હતો. તેની લંબાઈ આશરે સાડા ત્રણથી ચાર ફૂટ જેટલી છે. કમનસીબે, આ મગર મૃત અવસ્થામાં મળી આવ્યો છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, મે તરત જ વન વિભાગને જાણ કરી દીધી હતી. વન વિભાગની ટીમ પણ આવી પહોંચી હતી. અમે મૃત મગરને નદીમાંથી બહાર કાઢી લીધો હતો. મૃત્યુના કારણ અંગે અત્યારે તો કંઈ કહી શકાય તેમ નથી. મગરના મૃત્યુનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા પછી જ જાણવા મળશે. અમે મૃત મગરને આગળની કાર્યવાહી માટે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને સુપરત કર્યો છે.મગર શેડયૂલ-1નું સંરક્ષિત પ્રાણી છે. નદી કે તળાવ તેના કુદરતી આવાસ છે. મગર જ્યારે પાણીમાં ઊતરે છે ત્યારે એ એની આંખ પર ગ્લેન્સ નાખે છે. તેથી એની વિઝિબિલિટી 60થી 70 ટકા ઘટી જાય છે. મગર પાણીમાં ઊઠતા તરંગોના આધારે શિકાર

### 3 મિનિટ સુધી દીવાલ પર લટક્યા બાદ પટકાતા મોત, બાઉન્સરે હાથ પકડી બચાવવાનો પ્રયાસ કર્યો પણ ન બચ્યો

• વડોદરા

વડોદરાના સમા વિસ્તારમાં આવેલા અગોરા સિટી સેન્ટરમાં યુવકના થયેલા મોતના હચમચાવી નાખતા સીસીટીવી સામે આવ્યા છે. જેમાં સેન્ટરના બીજા માળની દીવાલ પર એક યુવક ટીંગાયેલો જોવા મળી રહ્યો છે જ્યારે નીચે કેટલાક લોકો બૂમાબૂમ કરી રહ્યા છે. તો બીજી તરફ એક વ્યકિત યુવકનો હાથ પકડી તેને બચાવવાનો પ્રયાસ કરે છે. પરંતુ, ત્રણેક મિનિટ સુધી હાથ પકડી રાખ્યા બાદ છૂટી જતા યુવક નીચે પટકાયો હતો અને તેનું મોત નિપજ્યું હતું. પરિવારજનોએ આ બનાવને લઈ આશંકા વ્યકત કરી છે અને તપાસની માગ કરી છે.આ ઘટનામાં મૃતકની ઓળખ હિતેન્દ્ર પરમાર (ઉંમર 35 વર્ષ) તરીકે થઈ છે, જે નવી નગરી, સમા વિસ્તારનો રહેવાસી હતો. આ યુવક સમા પોલીસ મથકમાં હોમગાર્ડ તરીકે પણ નોકરી કરતો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં શંકા વ્યક્ત થઈ રહી છે કે, હિતેન્દ્ર ચોરીના ઈરાદાથી આ સાઈટમાં પ્રવેશ કર્યો હતો. સ્થળ પર લોકોની હલચલ અને અવાજો સાંભળતાં તે ગભરાઈને ભાગવા માગતો હતો અને તે દરમિયાન ચોથા માળેથી કૂદી ગયો હોવાની શક્યતા છે. ઘટના બાદ મૃતદેહને તાત્કાલિક એસ.એસ.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. મૃતક યુવકના ભાઈ અજીતસિંહએ જણાવ્યું હતું કે, કોન્ટ્રાકટર છેલ્લા ઘણા સમયથી મૃતક હિતેન્દ્રને કામના પૈસા અપાતો નહોતો. ગતરોજ પૈસા લેવા માટે હિતેન્દ્ર અગોરા સિટી સેન્ટરમાં પહોંચ્યો હતો. સાંજે 5 વાગ્યા આસપાસ અમને આ ઘટનાની જાણ થઈ હતી.ઘટનાની જાણ થતા અમે લોકો સ્થળ પર પહોંચ્યા હતા. સ્થળ પર જોયું તો મારો ભાઈ મૃત હાલતમાં નીચે પડેલો હતો. પોલીસે અમને એક વીડિયો બતાવ્યો છે.

### લૂંટ કેસનો આરોપી તપાસ માટે સુરત ક્રાઈમ બ્રાન્ચને સોંપ્યો

# સુરત 2 કરોડની લૂંટ કેસનો આરોપી આણંદથી ઝડપાયો વડોદરા ક્રાઈમ બ્રાન્ચે 4 વર્ષથી ફરાર આરોપીને દબોચ્યો

• વડોદરા

સુરતમાં વર્ષ 2022માં બે કરોડ રૂપિયાની લૂંટના ગંભીર ગુનામાં સંડોવાયેલા અને છેલ્લા 4 વર્ષથી નાસતા ફરતા આરોપીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે આણંદમાંથી શોધી કાઢીને ધરપકડ કરી છે. આરોપી સમીર યુનુસભાઈ વોરા (ઉં. 42, રહે. સરસ્વતી કોમ્પ્લેક્સ, સુપર બેકરી સામે, આજવા રોડ, વડોદરા, હાલ રહે. કિસ્મત સોસાયટી, સલાટીયા રોડ, આણંદ) ને સુરત પોલીસને સોંપવામાં આવ્યો છે. આ મામલે સુરત પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.






સુરતના વરાછા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2022માં નોંધાયેલા લૂંટ-ધાડના ગુનામાં સંડોવાયેલા આરોપી સમીર યુનુસભાઈ વોરાને સુરત શહેર પોલીસે જાહેર કર્યો હતો. આ ગુનો થયા બાદ આરોપી ધરપકડ ટાળવા માટે ફરાર થઈ ગયો હતો અને સુરત પોલીસને પણ તે મળ્યો ન હતો. ત્યારબાદ તેને નાસતો ફરતો જાહેર કરવામાં આવ્યો હતો. આરોપી વડોદરાનો રહેવાસી હોવાની માહિતી મળતાં વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે તેની શોધખોળ શરૂ કરી હતી.

વડોદરા ક્રાઈમ બ્રાન્ચની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ગુનો થયા બાદ આરોપી વડોદરાનું ઘર છોડીને આણંદમાં રહેવા ગયો છે અને હાલ ત્યાં જ રહે છે. માહિતીના આધારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચની ટીમે આણંદમાં ખાનગી રીતે સતત ખાતરી તપાસ કરી હતી. આણંદના 100 ફૂટ રોડ, દીયા સિનેમા કોમ્પ્લેક્સ ખાતેથી આરોપીને શોધી કાઢવામાં આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેણે સુરતના વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા લૂંટના ગુનામાં સંડોવણી હોવાનું સ્વીકાર્યું હતું. ત્યારબાદ સુરત પોલીસને જાણ કરવામાં આવી હતી અને ખાતરી તપાસ પછી આરોપીને સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચની ટીમને સોંપવામાં આવ્યો હતો.આ ગુનાની ટૂંકી વિગતો અનુસાર, ફરિયાદી ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવા માગતો હતો. આરોપીઓએ તેને મોટો નફો થશે તેવી લાલચ આપી અને પૂર્વ આયોજિત કાવતરા હેઠળ તા. 4 ફેબ્રુઆરી 2022ના રોજ બપોરે 12:30થી 2 વાગ્યાની વચ્ચે સુરતના વરાછા વિસ્તારમાં સેન્ટ્રલ બજાર ખાતેની શ્રી સિદ્ધિ એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢીમાં ફરિયાદીએ બે કરોડ રૂપિયા રોકડમાં આપ્યા હતા. જોકે આરોપીઓએ રકમ ટ્રાન્સફર ન કરી અને મારામારી કરીને રોકડ લૂંટી લીધી હતી. આ ગુનાની તપાસ સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરવામાં આવી રહી હતી અને આરોપી ચાર વર્ષથી ફરાર હતો.

# વડોદરામાં ટ્રાફિકમાં ફસાઈ દુલ્હન, :ગાડી છોડી રસ્તે જતી એક્ટિવામાં બેસી લગ્નમંડપમાં પહોંચી; લગ્ન તો થઈ ગયા, પણ ફોટોશૂટ રહી ગયું

• વડોદરા

વડોદરા શહેરમાં રોડ પર પડેલા ખાડા અને અતિભારે ટ્રાફિક જામના કારણે એક અનોખી ઘટના સામે આવી છે, જે હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. શહેરના આજવા રોડ પર આયોજીત એક લગ્નપ્રસંગમાં પહોંચવા માટે ટ્રાફિકના કારણએ દુલ્હન અને તેના પરિવારજનો જ મુશ્કેલીમાં મૂકાયા હતા. લગ્ન મંડપમાં જાન આવવાનો સમય થઈ ગયો હોય દુલ્હને કારમાંથી ઉતરી એક્ટિવાચાલકની મદદથી લગ્નમંડપમાં પહોંચી હતી. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. દુલ્હને કહ્યું હતું કે, મારા લગ્ન તો મુહૂર્ત નીકળી ગયા બાદ પણ થઈ શક્યા હોત. પરંતુ, જો આ ટ્રાફિકમાં કોઈ એમ્બ્યુલન્સ ફસાઈ હોત તો કોઈ વ્યકિતને જીવ પણ જઈ શકે.વડોદરાના આજવા રોડ વિસ્તારમાં એક દુલ્હન લગ્નસ્થળે પહોંચવા માટે રસ્તામાં અટવાઈ ગઈ હતી. દુલ્હનની કાર 15 મિનિટના અંતરવાળા રસ્તા પર પહોંચવામાં 45 મિનિટથી વધુ સમય લાગી ગયો હતો. ખાડાઓ અને ટ્રાફિકના કારણે વાહન ખૂબ ધીમું ચાલતું હતું. આ દરમિયાન મુહૂર્તનો સમય નજીક આવી રહ્યો હતો, જેથી દુલ્હને લગ્નનું ફોટો શૂટ પણ છોડવું પડ્યું હતું. જાન તો પાર્ટી પ્લોટ પહોંચી ગઈ હતી, પરંતુ દુલ્હન હજુ રસ્તામાં જ ફસાયેલી હતી. આ સમયે દુલ્હને મુહૂર્ત સાચવવા માટે એક અજાણ્યા વ્યક્તિની એક્ટિવા સ્કૂટર પર લિફ્ટ માંગવી પડી હતી. દુલ્હન એક્ટિવા પાછળ બેસીને લગ્નસ્થળે પહોંચી હતી.નવવધૂ સ્તુતિ શેઠે જણાવ્યું હતું કે, હું પાર્લરથી તૈયાર થઈને ઘરે આવી હતી. ઘરેથી નીકળી ત્યારે મોડું થઈ ગયું હતું અને જાન પણ આવવાની તૈયારીમાં જ હતી. મારી પાસે થોડો સમય હતો એટલે મારે ફોટોશૂટ કરાવવાનું હતું, પણ રસ્તામાં એટલો બધો ટ્રાફિક હતો કે ફોટોશૂટ તો થઈ જ ન શક્યું. રસ્તો વન-વે હતો કારણ કે એક બાજુ ખોદકામ ચાલતું હતું. ત્યાં ત્રણ બસો ફસાઈ ગઈ હતી અને કોઈ ગાડી નીકળી શકે તેમ નહોતી. મારી ગાડી પણ ત્યાં જ અટકી ગઈ હતી.



### વડોદરામાં નબીરાએ નશાની હાલતમાં અકસ્માત સર્જી 'રક્ષિતકાંડ'ની યાદ અપાવી

# શાકભાજીની લારી ઉડાવી ભાગ્યો, બેરીકેટમાં ઘૂસી જતા કાર ખાડા પર લટકી

• વડોદરા

વડોદરા શહેરમાં વધુ એક નબીરાએ નશાની હાલતમાં બેફામ સ્પીડે I-20 કાર દોડાવી અકસ્માત સર્જતા પોલીસે બે અલગ અલગ ફરિયાદ નોંધી છે. શહેરના ન્યૂ સમા રોડ પર નશાની હાલતમાં બેફામ સ્પીડે પોતાની કાર દોડાવી એક શાકભાજીની લારીને ઉડાવી હતી. ત્યારબાદ આગળ જતા રસ્તા પર કરાયેલા બેરીકેટમાં ધડાકાભેર ઘૂસાડી દીધી હતી. નબીરાના બેફામ ડ્રાઈવીંગનો વીડિયો જાગૃત નાગરિક દ્વારા મોબાઈલમાં કેદ કરી લેવામાં આવ્યો હતો, જે હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. પોલીસ પકડમાં આવતા જ આરોપીએ ઉઠકબેઠક કરી ગુના બદલ માફી માગી હતી.જાહેર માર્ગ પર બેફામ બનેલા આ કાર ચાલકનો લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે. આ કારચાલક આગળ વધતો રહ્યો અને પાછળ જાગૃત નાગરિકે વીડિયો બનાવવાની સાથે રોકવાનો પ્રયાસ કર્યો હતો છતાં પણ તે રોકાયો ન હતો. આખરે આ નશામાં ધૂત કારચાલક કોર્પોરેશનની કામગીરી ચાલતી હોવાથી બેરીકેટ તોડી ખાડા પર ધડાકાભેર કાર ચડાવી દેતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ કારના આગળના ભાગે ભારે નુકસાન થયું છે, સ્થાનિકોએ આ ચાલકને પકડીને પોલીસને સોંપ્યો હતો. આ દરમ્યાન કાર જાણે ફિલ્મમાં શૂટિંગ ચાલતું હોય તેવી રીતે લટકતી હાલતમાં જોવા મળી હતી.

### ઘરના ઓટલા પર બેસવા બાબતે મૃતકે ઠપકો આપ્યાનો ખાર રાખી ખૂની ખેલ ખેલ્યો, બે આરોપીની ધરપકડ

# સગીરે ચોટીલાથી છરો ખરીદી અમદાવાદમાં યુવકની હત્યા નિપજાવી

**અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં શનિવારે રાત્રિના સમયે હિમેશ પરમાર નામના યુવકની થયેલી હત્યાનો ભેદ ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાખ્યો છે**

• અમદાવાદ

અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં શનિવારે રાત્રિના સમયે હિમેશ પરમાર નામના યુવકની થયેલી હત્યાનો ભેદ ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાખ્યો છે. થોડા દિવસ પહેલા હિમેશ પરમારે પોતાના ઘરના ઓટલા પર બેસવા બાબતે સગીરને ઠપકો આપ્યો હતો. જે બાબતનો ખાર રાખી સગીરે તેના મિત્ર સાથે મળી હત્યા નિપજાવી હોવાનો ખુલાસો થયો છે. હત્યાને અંજામ આપવા માટે સગીરે ચોટીલાથી છરાની ખરીદી કરી હતી.

બહેરામપુરામાં રહેતો 19 વર્ષીય હિમેશ પરમાર ગઈકાલે (21 ફેબ્રુઆરીએ) રાત્રે તેનું બાઈક લઈને બહેરામપુરાના હીરાલક્ષ્મી ફ્લેટ પાસેથી જઈ રહ્યો હતો.આ દરમિયાન કોઈ અજાણ્યા વ્યક્તિઓએ હિમેશ સાથે તકરાર કરીને હિમેશને પેટના હાથના અને શરીરના અલગ અલગ ભાગ ઉપર શિક્ષણ હથિયાર વડે ઈજા પહોંચાડી હતી.અજાણ્યા વ્યક્તિ હિમેશને તીક્ષ્ણ હથિયાર મારીને નાસી ગયો હતો જે બાદ લોહીલુહાણ હાલતમાં હિમેશ જાહેરમાં પડ્યો હતો. જેને આસપાસના લોકોએ સારવાર માટે એલજી હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. કાગડાપીઠ પોલીસને જાણ થતા ઘટનાસ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી.અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બહેરામપુરા હત્યા કેસમાં ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડ્યા છે. ક્રાઈમ બ્રાન્ચે એક સગીર અને એક પુખ્ત વયના આરોપીની ધરપકડ કરી છે. 17 વર્ષના સગીરે તેના મિત્ર ગૌતમ ઉર્ફે ઈન્ડો સોલંકી સાથે મળીને હત્યા કરી હતી.મૃતક હિમેશ પરમારના ઘરના ઓટલા પર બેસવા અને મોટેથી વાતો કરવા બાબતે મૃતકે સગીરને ચેતવણી આપી હતી. જે બાબતનો ખાર રાખીને સગીરે સુરેન્દ્રનગરના ચોટીલા ખાતેથી છરો ખરીધ્યો હતો. સગીરે જ હિમેશને છરો માર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીઓને કાગડાપીઠ પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.

અમદાવાદમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે, જેમાં સરખેજ ફતેહવાડી કેનાલ RCC રોડ પર આવેલી હમીદાનગર સોસાયટીમાં રહેતા 32 વર્ષીય આમિર મુકીમ નામની વ્યક્તિની હત્યા કરવામાં આવી છે. ચાકુના ઘા મારી યુવકની પતાવી દીધો છે. બાળકને મારવાનો પૂર્વ પતિને કોઈએ મેસેજ કર્યો ને બબાલ થઈ હતી. અફસાના બાનુના પૂર્વ પતિ દ્વારા હાલના પતિની હત્યા કરાઈ હોવાનું સામે આવ્યું છે.સરખેજ પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.



### • સંક્ષીપ્ત સમાચાર

**કામરેજ પોલીસે પાન ગલ્લા પરથી ગાંજો ઝડપ્યો:ચૌર્યાસી ગામની સીમમાંથી 33 હજારનો મુદ્દામાલ જપ્ત**

કામરેજ પોલીસે ચૌર્યાસી ગામની સીમમાં આવેલા એક પાન ગલ્લા પરથી ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી કુલ 33 હજાર 250 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય એકને વોન્ટેડ જાહેર કરાયો છે.કામરેજ પોલીસને બાતમી મળી હતી કે ચૌર્યાસી ગામની સીમમાં એક પાન ગલ્લા પરથી ગાંજાનું વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે સ્થળ પર છાપો માર્યો હતો.પોલીસે ઘટનાસ્થળેથી મુબીન બિલાલખાન પઠાણ નામના 23 વર્ષીય યુવકને ગાંજાનું વેચાણ કરતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન, આરોપી મુબીને કબૂલ્યું હતું કે તે રાજુ નામના વ્યક્તિ પાસેથી ગાંજાનો જથ્થો લાવી પોતાના આર્થિક ફાયદા માટે છૂટક વેચાણ કરતો હતો. પોલીસે સ્થળ પરથી 26 હજાર 750 રૂપિયાની કિંમતનો 0.535 કિલોગ્રામ ગાંજાનો જથ્થો, 1500 રૂપિયા રોકડા અને 5 હજાર રૂપિયાની કિંમતનો એક મોબાઈલ ફોન સહિત કુલ 33 હજાર 250 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### આચાર્યએ બાળકોને સફાઈ કામદારની જેમ કામે લગાડ્યા

# સરકારી સ્કૂલના વિદ્યાર્થીઓના હાથમાં પુસ્તકને બદલે ઝાડુ-પોતા,ન.પ્રા. શિક્ષણ સમિતિ સ્કૂલ સામે તપાસના આદેશ

**જે ઉંમરે બાળકોને રમવા અને ભણવા મળવું જોઈએ, તે ઉંમરે તેમને સફાઈ કામદારની જેમ કામે લગાડી દેવામાં આવ્યા હતા**

• સુરત

સુરત શહેરની એક સરકારી શાળામાંથી માનવતા અને શિક્ષણ જગતને શરમાવે તેવો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. જે બાળકો હાથમાં પેન અને પુસ્તક પકડી ભવિષ્ય ઉજ્જવળ કરવા શાળાએ જાય છે, તેમની પાસે મજૂરી કરાવવામાં આવી રહી હોવાની ઘટના સામે આવી છે. વાઈરલ વીડિયોમાં જોઈ શકાય છે કે, નાના ભૂલકાઓ શાળાના પટાંગણ અને લોખંડની ગ્રિલ સાફ કરી રહ્યા છે, જ્યારે શિક્ષકો માત્ર મૂકપ્રેક્ષક બનીને જોઈ રહ્યા છે.સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા આ વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે, નિર્દોષ બાળકો શાળાના ગ્રાઉન્ડમાં સફાઈ કરી રહ્યા છે. જે ઉંમરે બાળકોને રમવા અને ભણવા મળવું જોઈએ, તે ઉંમરે તેમને સફાઈ કામદારની જેમ કામે લગાડી દેવામાં આવ્યા હતા. આ વીડિયો વાઈરલ થતાં જ વાલીઓમાં રોષ ફાટી નીકળ્યો છે અને શિક્ષણ વ્યવસ્થા સામે અનેક સવાલો ઊભા થયા છે. આ ઘટના અંગે જ્યારે શાળાના આચાર્યને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે પોતાની ભૂલ સ્વીકારતા જણાવ્યું હતું કે, ₹વીડિયો અમારી જ શાળાનો છે. અમારો ઉદ્દેશ્ય બાળકો પાસે મજૂરી કરાવવાનો નહોતો, પરંતુ માત્ર સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો.₹ જોકે, આચાર્યએ ખાતરી આપી છે કે હવે પછી આવી ઘટનાનું પુનરાવર્તન નહીં થાય. પરંતુ સવાલ એ થાય છે કે શું જનજાગૃતિ માટે બાળકોને તડકામાં કામ કરાવવું યોગ્ય છે?આ ગંભીર મામલે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ રાજેન્દ્ર કાપડિયાએ કડક વલણ અપનાવ્યું છે. તેમણે નિવેદન આપતા કહ્યું કે, ₹આ બાબત અત્યંત ગંભીર અને અયોગ્ય છે. અમે વીડિયો જોયો છે અને તેમાં સ્પષ્ટપણે બાળકો પાસે કામ કરાવવામાં આવતું હોવાનું જણાય છે. શિક્ષણ સમિતિ દ્વારા શાળાઓને સફાઈ માટે પૂરતી ગ્રાન્ટ આપવામાં આવે છે, છતાં બાળકો પાસે કામ કરાવવું એ નિયમોનું ઉલ્લંઘન છે.




## સુરતની એક જ્વેલર્સની દુકાનમાંથી 12 લાખની ચોરી, :કતારગામમાં મોડી રાત્રે બારીમાંથી ઘૂટી સોના-ચાંદીના દાગીનાની લૂંટ, રૂ.1.30 લાખની રોકડ પણ લઈ ચોર ફરાર

• સુરત

સુરત શહેરના કતારગામ વિસ્તારમાં તસ્કરો ફરી એકવાર સક્રિય થયા હોય તેમ લાગી રહ્યું છે. આંબા તલવાડી પાસે આવેલી એક જાણીતી જ્વેલર્સની પેઢીને નિશાન બનાવી અજાણ્યો ચોર લાખોની મત્તા પર હાથ સાફ કરી ફરાર થઈ ગયો છે. સિંગણપોર-ડભોલી પોલીસ સ્ટેશનની હદમાં બનેલી આ ઘટનામાં તસ્કરે ઓફિસના પાછળના ભાગેથી પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા 12 લાખની ચોરી કરી છે.ડભોલી ગામમાં રહેતા સાહિલ દિશનેભાઈ ખાંભડિયાની કતારગામ આંબા તલવાડી પાસે 'ઝીરકોન પ્લસ' બિલ્ડિંગમાં 'બ્લ્યુબેલા જ્વેલર્સ' નામની પેઢી આવેલી છે. ગત તારીખ 21 ફેબ્રુઆરીના રોજ રાત્રિના 2:10 વાગ્યાથી 3:00 વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા ચોરે આ ઓફિસને નિશાન બનાવી હતી. વેપારી રાત્રે દુકાન વધાવી ઘરે ગયા બાદ તસ્કરે મોકો જોઈ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો.ચોરીની પદ્ધતિ અંગે મળતી માહિતી મુજબ, તસ્કર અત્યંત રીઢો હોવાનું જણાય છે. તેણે ઓફિસના પાછળના ભાગે વોશરૂમની બાજુમાં આવેલી કાચની બારીનો ઉપયોગ કર્યો હતો. તસ્કરે આ બારી ખોલી અંદર પ્રવેશ કર્યો હતો અને અત્યંત શાંતિથી આખી ઓફિસની તપાસ હતી. બારી વાટે અંદર ઘૂસેલા આ શખસે ઓફિસમાં રહેલા કબાટ અને ડ્રોઅરમાં રાખેલા કિંમતી ઘરેણાં ચોરી કર્યા હતા.તસ્કર ઓફિસમાંથી મોટી માત્રામાં કિંમતી સામાન ચોરી ગયો છે. અહેવાલ મુજબ રૂ. 1.30 લાખની રોકડ, સોનાની બે રિંગ, 22.87 ગ્રામનું સોનાનું કડુ, સોનાની બુટ્ટી, નેકલેસ અને સોનાના અલગ અલગ ટુકડાઓની ચોરી થઈ છે. આ ઉપરાંત અંદાજે 220 ગ્રામના હીરા જડિત ચાંદીના દાગીના અને મોઝેનાઈટ ડાયમંડના પેકેટ સહિત કુલ રૂ. 12,26,419ની મત્તા ચોર લઈ પલાયન થયો છે.

### સુરતમાં યુવકનો એગ્નિસ્નાન કરી આપઘાતનો પ્રયાસ

## રિક્ષાચાલકે પત્નીના ત્રાસથી જ્વલનશીલ પદાર્થ છાંટી આગ ચાંપી, ગંભીર દાઝી જતાં સિવિલ હોસ્પિટલ ખસેડાયો



• સુરત

સુરતના પાલ સ્થિત સુમન મુદ્રા આવાસમાં રહેતા એક યુવકે પોતાના શરીર પર જ્વલનશીલ પદાર્થ છાંટી આગ ચાંપી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, ગંભીર રીતે દાઝેલા યુવકને 108 એમ્બ્યુલન્સ મારફતે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.મળતી વિગતો અનુસાર, પાલ વિસ્તારમાં આવેલા સુમન મુદ્રા આવાસમાં આજે અચાનક એક યુવકે આગની ચાદર ઓઢી લીધી હોય તેમ પોતાના જ શરીરે આગચંપી કરી હતી. યુવકને સળગતો જોઈ આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની 3 ગાડી સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં યુવક ગંભીર રીતે દાઝી ગયો હતો. ઘટના બાદ યુવકની હાલત નાજુક જણાતા તેને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, યુવકનું શરીર મોટાભાગે દાઝી ગયું હોવાથી તેની હાલત અતિ ગંભીર છે. હાલમાં તબીબોની ટીમ દ્વારા તેને બચાવવા માટે તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી છે.પાલ પોલીસ સ્ટેશનના પીઆઈ શીતલ શાહે જણાવ્યું હતું કે, રિક્ષાચાલક યુવકને અને તેની પત્નીને વારંવાર ઝઘડા થતા તેની પત્ની દ્વારા વારંવાર પૈસાની માંગણી કરતી હોવાથી યુવકે કંટાળીને પોતાના પર પેટ્રોલ છાંટી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

## બે દેહવ્યાપારના ગુનામાં વર્ષથી વોન્ટેડ શેખર સાળુંકે ઝડપાયો:11 વર્ષમાં ચોરી-સ્નેચિંગ

• સુરત

સુરત શહેર ક્રાઈમ બ્રાંચના નાસતા ફરતા સ્કોડએ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અનૈતિક દેહવ્યાપારના 2 ગંભીર ગુનામાં છેલ્લા 1 વર્ષથી પોલીસને થાપ આપી ફરતા મુખ્ય આરોપી શેખર ચુડામણ સાળુંકેને ઝડપી પાડવામાં આવ્યો છે. પકડાયેલ આરોપી માત્ર દેહવ્યાપાર જ નહીં, પણ વાહનચોરી, મોબાઈલ સ્નેચિંગ, ઘરફોડ ચોરી, રાયોટિંગમાં પોલીસ પર હુમલો અને ડ્રીંક એન્ડ ડ્રાઈવ જેવા કુલ 15 જેટલા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો રીઢો ગુનેગાર છે. રાંદેર પાલનપુર પાટીયા પાસેથી બાતમીના આધારે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આરોપી શેખર સાળુંકે સમાજમાં પોતાની છબી એક સામાન્ય ભંગારના વેપારી તરીકે ઉભી કરી હતી. તે રાંદેર રોડ પર સિલ્વર પ્લાઝા એપાર્ટમેન્ટમાં રહીને પાલનપુર પાટીયા વિસ્તારમાં ભંગારનો ધંધો કરતો હતો. જોકે, આ ભંગારનો વ્યવસાય માત્ર એક મહોરું હતું. આ વ્યવસાયની આડમાં તે આખા શહેરમાં અનૈતિક પ્રવૃત્તિઓનું નેટવર્ક ચલાવતો હતો. ભંગાર લેવા-વેચવાના બહાને તે શહેરના વિવિધ વિસ્તારોમાં રેકી કરતો અને પોતાની ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતો હતો.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે શેખર અત્યંત શાતિર રીતે નાણાકીય વ્યવહારો કરતો હતો. તેણે બેંક પાસેથી ઓનલાઈન પેમેન્ટ માટેનું સ્કેનર મેળવવા માટે પોતે 'સ્પા'નો ધંધો કરતો હોવાનું જુઠ્ઠાણું ચલાવ્યું હતું. મહિધરપુરામાં ચાલતા દેહવ્યાપારના અડ્ડા પર આવતા ગ્રાહકો પાસેથી તે આ સ્કેનર દ્વારા જ પેમેન્ટ લેતો હતો. આ રીતે તે દેહવ્યાપારમાંથી થતી ગેરકાયદેસર આવકને સ્પાના ધંધાની કાયદેસરની આવક તરીકે દર્શાવવાનો પ્રયાસ કરતો હતો.

### હોટલ હિલ્લોક પાસે ડિવાઈડર કટ ખોલાવવા લોકો ફરી રસ્તે ઉતર્યા

## અમદાવાદના SP રિંગ રોડ પર બે કલાક સુધી 2 કિમીનો ટ્રાફિક જામ, ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ વાહનોના થપ્પેથપ્પા

• અમદાવાદ

અમદાવાદના એસપી રિંગ રોડ પર હોટલ હિલ્લોક પાસે ડિવાઈડર કટ બંધ કરી દેવામાં આવ્યો છે જેના કારણે લોકોને ત્રણ કિમી સુધી ફરીને જવું પડી રહ્યું છે, ત્યારે આ ડિવાઈડર કટ ખોલાવવાની માગ સાથે ન્યુ ત્રાગડ અને ચાંદખેડાના સ્થાનિકો ફરી એકવાર રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. સ્થાનિકો દ્વારા બંને તરફનો રોડ બ્લોક કરી વિરોધ નોંધાવતા ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. ઝુંડાલ સર્કલથી વૈષ્ણોદેવી તરફના બંને સાઈડનો રોડ બ્લોક થતાં અંદાજે બે કલાક સુધી બેથી ત્રણ કિમીના ટ્રાફિક જામમાં વાહનચાલકો ફસાયા હતા. જોકે, છેલ્લા કેટલાય સમયથી આ ડિવાઈડર કટ ખોલવા માટે સ્થાનિકો દ્વારા માગ કરવામાં આવી રહી છે. પરંતુ ઔડા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને લોકો ફરી રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. સ્થાનિકો દ્વારા રોડ બ્લોક કરી દેવાતા એમ્બ્યુલન્સ સહિતના અનેક વાહનો ટ્રાફિક જામમાં ફસાયા હતા. જોકે, ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી, પરંતુ ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ રોડ ખોલાવી શકી નથી. પોલીસના માણસો રોડની સાઈડમાં પણ ઊભા જોવા મળ્યા હતા. જોકે, બાદમાં પોલીસ દ્વારા લોકોને દંડા બતાવી રોડ ઉપરથી દૂર કરાયા હતા અને ટ્રાફિક જામ ક્લિયર કરાવ્યો હતો.



ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.એમ આહીરે જણાવ્યું હતું કે, હોટેલ હિલ્લોક પાસેનો ડિવાઈડરનો કટ ખોલાવવા માટે લોકોના ટોળા રોડ ઉપર ભેગા થયા હતા અને રોડ બંધ કરાવી દીધો હતો. સ્થાનિક ચાંદખેડા પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી અને ટ્રાફિક પોલીસ સાથે મળી ટ્રાફિકને પૂર્વવત કરાવવામાં આવ્યો હતો.

ડિવાઈડર કટ ખોલવો એ ટ્રાફિક પોલીસનો વિષય છે. રોડની હદ ચાંદખેડા પોલીસ સ્ટેશનની આવતી હોવાના કારણે પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. રોડ પર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લઈને ટ્રાફિક દૂર કરાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, એસપી રિંગ રોડ પર નાના ગરનાળામાંથી લોકો ટુ વ્હીલર લઈને પસાર થઈ શકે તે પ્રમાણે ઔડા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ ફોર વ્હીલર ચાલકોને ફરજિયાત ઝુંડાલ સુધી સર્કલ ફરીને બીજી સાઈડ આવવું પડે છે. જેના કારણે સ્થાનિકો દ્વારા ફરી રોડ ઉપર ઉતરી વિરોધ કરવામાં આવ્યો હતો.

# ગજેરા બંધુઓ સામે ફરિયાદ દાખલ:હાઈકોર્ટના આદેશ બાદ સુરત ઈકો સેલે 1928 કરોડની છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો

• સુરત

સુરત શહેરના જાણીતા ઉદ્યોગપતિ ગજેરા બંધુઓની મુશ્કેલીમાં ધરખમ વધારો થયો છે. ગુજરાત હાઈકોર્ટના કડક વલણ અને આદેશ બાદ સુરત આર્થિક ગુના નિવારણ શાખાએ ગજેરા બંધુઓ અને તેમના મળતિયાઓ વિરુદ્ધ કરોડો રૂપિયાની છેતરપિંડી, દસ્તાવેજોમાં ફોર્જરી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કર્યો છે. શાંતી રેસીડેન્સી પ્રા. લિમીટેડમાં ફરિયાદીની જાણ બહાર તેમની ખોટી સહીઓ કરી, કરોડોની ઉચાપત કરી હોવાની વિગતો બહાર આવતા રિયલ એસ્ટેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે.લાંબા સમયથી ચાલી રહેલી કાનૂની લડાઈ બાદ અંતે હાઈકોર્ટે તપાસના આદેશ આપતા સુરત ઈકો સેલે આ મામલે સક્રિયતા દાખવી છે. ફરિયાદી પ્રવિણ દેવકીનંદન અગ્રવાલની ફરિયાદને આધારે ચુનીભાઈ હરીભાઈ ગજેરા, વસંત હરીભાઈ ગજેરા, અશોકભાઈ હરીભાઈ ગજેરા સહિત કુલ 8થી વધુ શખસો સામે IPCની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.ફરિયાદ મુજબ, ફરિયાદી પ્રવિણ અગ્રવાલ શાંતી રેસીડેન્સીમાં ડિરેક્ટર તરીકે કાર્યરત હતા. જોકે, ગજેરા બંધુઓએ સુઆયોજિત કાવતરું રચી 1 જાન્યુઆરી, 2015ના રોજ ફરિયાદીના નામનો એક બોગસ રાજીનામું આપતો લેટર તૈયાર કર્યો હતો. આ લેટરમાં ફરિયાદીની ખોટી સહીઓ કરવામાં આવી હતી અને તેને આધારે તેમને કંપનીના ડિરેક્ટર પદેથી દૂર કરી દેવામાં આવ્યા હતા.આરોપીઓએ માત્ર કાગળ પર જ નહીં પરંતુ, ટેકનોલોજીનો દુરુપયોગ કરી સરકારી રેકોર્ડમાં પણ ચેડાં કર્યા હતા.




### દેશી બનાવટની પિસ્તોલ સાથે એક ઝડપાયો

## બિહારના શખસ પાસેથી સુરતના અંકિત ઉપાધ્યાયએ પિસ્તોલ મગાવી હતી, પોલીસે અંકિતને ઝડપી પાડ્યો

• સુરત

સારોલી પોલીસ સ્ટેશનના સ્ટાફને મળેલી બાતમીના આધારે એક શખસને દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસ દ્વારા આરોપી પાસેથી હથિયાર અને મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 20,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

મળતી માહિતી મુજબ 21 ફેબ્રુઆરી 2025ના રોજ સારોલી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.આર. વેકરીયાના માર્ગદર્શન હેઠળ સબ ઈન્સ્પેક્ટર એસ.આર. રાણા તથા સ્ટાફ કર્મીઓ દ્વારા વિસ્તારમાં પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. તે દરમિયાન બાતમી મળી હતી કે, કડોદરા તરફથી એક શંકાસ્પદ શખસ હથિયાર સાથે સુરત શહેર આવી રહ્યો છે.બાતમીના આધારે પોલીસે નાકાબંધી ગોઠવી અને શંકાસ્પદ વ્યક્તિને અટકાવી તેની તપાસ કરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી એક દેશી બનાવટની પિસ્તોલ મળી આવી હતી. પોલીસે પિસ્તોલ સાથે એક મોબાઈલ ફોન પણ કબજે કર્યો હતો.